પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮

# બાળવિશ્વ

વર્ષ-૧૧, અંક-૦૯, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૩, કિંમત : ₹ ૫૦/-



## બાળદીપ વિશેષાંક

“બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ
હું જીવતો રહું અને એ કામ કરતાં જ હું મરી ખૂટું.”

# અમારાં પ્રકાશનો







પુસ્તકોની ઑનલાઇન ખરીદી માટે અમારી વેબસાઇટ www.cugujarat.ac.in ની મુલાકાત લેશો.

# બાળવિશ્વ

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

**વર્ષ : ૧૧, અંક : ૯**

**નવેમ્બર-ડિસેમ્બર - ૨૦૨૩**



તંત્રી

**ડૉ. નીલેશ પંડ્યા**

નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક

**ડૉ. કૃણાલ પંચાલ**

સંપાદક મંડળ

**ડૉ. નીતિન પેથાણી**
**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**
**ડૉ. ટી.એસ. જોશી**
**ડૉ. નીલેશ પંડ્યા**
**ડૉ. કૃણાલ પંચાલ**

ડિઝાઇન અને ટાઇપ સેટિંગ

**દિગ્વિજયસિંહ વાઘેલા**



**Printed & Published by :**
Shree Amit Jani on behalf of
Children's Research University,
Subhashchandra Bose Shikshan Sankul,
Sector - 20, Gandhinagar



પત્રવ્યવહારનું સરનામું

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ,
સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨ ૦૨૧
ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯
ઈ-મેલ : cu.balvishva@gmail.com
વેબસાઇટ : www.cugujarat.ac.in

@crugandhinagar




## આ અંકમાં વાંચીશું...


| | | | |
|---|---|---|---|
| ૦૧ | સંપાદકીય | ડૉ. કૃણાલ પંચાલ | ૦૨ |
| ૦૨ | ગિજુભાઈ બધેકા - જીવનયાત્રા | સંકલિત | ૦૩ |
| ૦૩ | મુછાળી માની નજરે શિક્ષક | ડૉ. રવીન્દ્ર અંધારિયા | ૦૫ |
| ૦૪ | રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ઝિલાતું બધેકાદર્શન | ડૉ. નીલેશ પંડ્યા | ૦૭ |
| ૦૫ | ગિજુભાઈની દૃષ્ટિએ બાળઉછેરની સમસ્યાઓ અને સમાધાન | ડૉ. કૃણાલ પંચાલ | ૧૩ |
| ૦૬ | ગિજુભાઈ બધેકાના શિક્ષણચિંતનમાં બાળમનોવિજ્ઞાન | ડૉ. નિષાદ ઓઝા | ૧૭ |
| ૦૭ | પાયાની કેળવણીની તીર્થભૂમિ : શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન | ડૉ. હરેશ પંડ્યા | ૨૦ |
| ૦૮ | શિક્ષણનાં દસ તીર્થધામ | સ્વ. પ્રો. અરુણ યાર્દી | ૨૩ |
| ૦૯ | બાળક્રીડાંગણો | ડૉ. સી.ટી. ટુંડિયા | ૨૬ |
| ૧૦ | એક મુકદ્દમો બાળકોના ભાષા શિક્ષણની તરફેણમાં | શ્રી રાકેશ પટેલ | ૩૨ |
| ૧૧ | ખાલી ઓરડે દિવ્ય વાણી | ડૉ. પૂર્ણિમા મહેતા | ૩૭ |
| ૧૨ | ચિરંજીવી ગિજુભાઈ | શ્રી પ્રતાપ ત્રિવેદી | ૩૯ |
| ૧૩ | ગિજુભાઈનું બાળકેળવણીમાં પ્રદાન | ડૉ. વૈશાલી શાહ | ૪૧ |
| ૧૪ | અપરિચિત સંબંધ ક્યાં સુધી વિસ્તર્યો ! ગિજુદાદા અને હું | ડૉ. વિજય સેવક | ૪૭ |
| ૧૫ | બાળકોને ખીલતાં રાખવાં છે ? | શ્રીમતી ગીરા ભટ્ટ | ૪૯ |
| ૧૬ | સંશોધનોમાં ગિજુભાઈ | ડૉ. મિનલબા જાડેજા | ૫૧ |
| ૧૭ | ગિજુભાઈ બધેકા ઍવૉર્ડ | ડૉ. નરેન્દ્ર વસાવા | ૫૩ |
| ૧૮ | ગિજુભાઈ બધેકા ચેર : ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી | ડૉ. સંજય પટેલ | ૫૪ |
| ૧૯ | ગિજુભાઈ લીખિત પુસ્તકોનો પરિચય | શ્રીમતી રચના દવે | ૫૮ |
| ૨૦ | શ્રી ગિજુભાઈ બધેકાની વિદ્યાવિસ્તારની પ્રવૃત્તિઓ | શ્રી વિપુલ વ્યાસ | ૬૩ |



બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦/-
ઑનલાઇન ભરવા માટે QR Code સ્કેન કરો.

# સંપાદકીય



ડૉ. કૃણાલ પંચાલ
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

દિવાળી એટલે પ્રકાશનું પર્વ, જે જીવનમાં નવી તાજગી અને ઉમંગ ભરે છે. આ નવા દિવસોમાં એક નવા સ્વરૂપે 'બાળવિશ્વ' લઈને આપની સમક્ષ આવી રહ્યા છીએ. ગુજરાતના બાળશિક્ષણમાં નોખી-અનોખી ભાતના રંગ પૂરનાર રંગકાર એટલે શ્રી ગિજુભાઈ બધેકા. જેમણે બાળકને આરાધ્ય દેવ માનીને તેના પ્રકૃતિગત અધિકારો માટે, તેમના સર્વાંગી વિકાસ માટે અને વાસ્તવિક અનુભવ આધારિત કેળવણીનું પાથેય પૂરું પાડ્યું. આ અંક શ્રી ગિજુભાઈ બધેકા અને બાળ કેળવણીને સમર્પિત કરતાં ખૂબ જ હર્ષની લાગણી અનુભવું છું.

શિશુ શિક્ષણમાં ગિજુભાઈએ કરેલા પ્રયોગો સદી વટાવી ચૂક્યા છે છતાં આજે પણ એટલા જ પ્રસ્તુત જણાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અનુભવ, કૌશલ્ય અને કળા આધારિત શિક્ષણની હિમાયત કરે છે ત્યારે નવા વિશ્વની નવી પેઢીએ ગિજુભાઈને વાંચવા જ રહ્યા..! જીવનની ચાલીસી બાળકો વચ્ચે અને બાળકો માટે જીવેલા ગિજુભાઈએ ૨૦૦થી વધારે પુસ્તકો અને પોતાનાં વ્યાખ્યાનોથી આપણને સમૃદ્ધ કર્યા છે. પત્ર દ્વારા પુછાયેલા બાળ ઉછેરના અસંખ્ય પ્રશ્નોના ગિજુભાઈએ જવાબો આપ્યા છે, જે આજે પણ આપણા પથદર્શક બની રહ્યા છે.

ગિજુભાઈના જીવન અને તેમના સમગ્ર પ્રદાનને કૈંક જુદી રીતે સંક્ષેપમાં આપ સૌ સમક્ષ રજૂ કરવાનો પ્રયત્ન અહીં કર્યો છે. 'બાળવિશ્વ'ના આ અંકમાં ગિજુભાઈની દૃષ્ટિએ શિક્ષણ, શિક્ષક અને શાળા વિશે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને ગિજુભાઈ, ગિજુભાઈ વિશે થયેલાં સંશોધનોનો ટૂંક સાર, ભાષાશિક્ષણ, નાટ્યશિક્ષણ, 'દિવાસ્વપ્ન'નો પરિચય, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીમાં કાર્યરત ગિજુભાઈ બધેકા ચેર તથા ગિજુભાઈ બધેકા ઍવૉર્ડ વિશે વિગતે વાત કરવામાં આવી છે.

'બાળવિશ્વ' માતાપિતા, શિક્ષકો, નીતિ નિર્ધારકો તથા બહોળા સમુદાયને ધ્યાનમાં રાખીને બાળશિક્ષણની અનોખી ગંગોત્રી બને એ દિશામાં આપ સૌનો સહયોગ ઇચ્છે છે. પ્રતિ માસ ચોક્કસ થીમ સાથે બાળ-કેળવણી અને બાળઉછેરના ક્ષેત્રમાં સતત નૂતન જ્ઞાન અને અનુભવો પૂરા પાડવાનું અમારું લક્ષ્ય છે. આપ સૌને આ યજ્ઞકાર્યમાં સંમિલિત થવા નૂતન વર્ષે ભાવપૂર્વક નિમંત્રણ પાઠવું છું. આગામી વર્ષોમાં આ ઉત્તમ કાર્યને આગળ વધારવામાં આપ સૌનો સાથ સહકાર અને નૂતન વિચારો અમને પ્રાપ્ત થતા રહે એવી આશા રાખું છું.

આ ક્ષણે 'બાળવિશ્વ'ને નવા સ્વરૂપમાં પ્રસ્તુત કરવાની પ્રેરણા આપનાર ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, શ્રી ગિજુભાઈ બધેકા વિશેષાંક માટે બહોળા પ્રમાણમાં સંદર્ભ સાહિત્ય પૂરું પાડવા બદલ ગિજુભાઈ બધેકા ચેર અને ડૉ. ટી.એસ. જોશી સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું. સમગ્ર અંકમાં ખૂબ જ ઝીણવટભરી રીતે મને સતત પ્રોત્સાહન પૂરું પાડતા તંત્રી શ્રી ડૉ. નીલેશભાઈ પંડ્યા પ્રત્યે આભારની લાગણી અનુભવું છું.

**સૌને નૂતન વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છાઓ સાથે..બાલદેવો ભવઃ**

# ગિજુભાઈ બધેકા - જીવનયાત્રા

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ગિજુભાઈ ભગવાનજીભાઈ બધેકા |
| **જન્મતારીખ** | : | ૧૫મી નવેમ્બર, ૧૮૮૫ |
| **જન્મસ્થળ** | : | ચિત્તળ, અમરેલી |
| **ગામ** | : | વળા (વલ્લભીપુર) |
| **પિતાનું નામ** | : | ભગવાનજી શંકર વકીલ (બધેકા) - કાને બહેરા, સ્વભાવ મીઠો, વાણી હળવી |
| **માતાનું નામ** | : | કાશીબાઈ (સરળ ઓછાબોલાં અને ધાર્મિક, ધાર્મિક પુસ્તકોનું પઠન-વાંચન) |
| **નાનપણનું નામ** | : | ગિરજો (નાનપણથી જ વિદ્યાભ્યાસુ અને પુસ્તકપ્રિય, તોફાનો કરવામાં, નદીએ નાહવા જવામાં અને બીજા નાનાંમોટાં સાહસો ખેડવામાં સૌની સાથે) |
| **નાનપણના મિત્રો** | : | હરિયો (એચ.સી. ત્રિવેદી), પોપટભાઈ (મામાના દીકરા), બી. ટી. (શ્રી ભાઈશંકર ત્રિભુવન ભટ્ટ) |
| **શરીરનો બાંધો** | : | કાયા એકવડી, આંખો બદામી રંગની ખૂબ પાણીદાર |
| **શિક્ષકો** | : | શિવસુખરામ, મહાસુખરામ અને બળવંતરાય |
| **શિક્ષણ** | : | અંગ્રેજી પહેલી, બીજી, ત્રીજી ચોપડીઓ - વળા, અમદાવાદમાં પૂરી કરી. બાકીનું શિક્ષણ મોટા મામા (હરગોવિંદભાઈ) અજરામર પંડ્યા સાથે ભાવનગરમાં રહી મેળવ્યું. મેટ્રિક્યુલેશન પરીક્ષા પાસ, હાઈકોર્ટ પ્લીડરનું અઘરું પદ પ્રાપ્ત કર્યું. |
| **પ્રભાવ** | : | માતા-પિતા, મોટા મામા (હરગોવિંદભાઈ) |
| **સહપાઠી** | : | રામનારાયણ પાઠક, લાભભાઈ પ્ર. ભટ્ટ, સ્વ. કાન્તનો નિકટનો સંસર્ગ |
| **ઉપનામ** | : | મુછાળી મા, બાળસાહિત્યના બ્રહ્મા, બાળકોના ગાંધી |
| **પુસ્તકો** | : | બાળસાહિત્યમાળા - ૮૦ પુસ્તિકા, બાળ સાહિત્યગુચ્છ - ૨૫ પુસ્તિકા, બાળ સાહિત્યવાટિકા - ૩૨ પુસ્તિકા તથા અન્ય |
| **લગ્ન** | : | પ્રથમ લગ્ન ૧૨ વર્ષની ઉંમરે હરિબહેન સાથે- સાલસપણાનો ગુણ, બે વર્ષ પછી હરિબહેનનું મૃત્યુ. બીજા લગ્ન જડીબહેન સાથે (નાજુક, સ્વચ્છતાપ્રિય, ઠાવકાઈ અને માયાળુ સ્વભાવનાં) |
| **સંતાન** | : | ચિ. બચુભાઈ (નરેન્દ્ર બધેકા) અને ચાર દીકરીઓ |

| | | |
|---|---|---|
| **૧૯૦૭** | : | ગિજુભાઈ આફ્રિકા ગયા. અઢી વર્ષ રોકાણ.<br>'વિનાયક' ઉપનામે તેમણે પ્રકૃતિમાતાનાં ગીતો ગાતી સુંદર કવિતાઓ આપી.<br>નાઈરોબીમાં ગોરા સોલિસિટરની પેઢીમાં નોકરી કરી. |
| **૧૯૦૯** | : | મુંબઈ આવી, મુંબઈથી પરત ભાવનગરમાં |
| **૧૯૧૦** | : | મુંબઈ ભણ્યા, ડિસ્ટ્રિક્ટ પ્લીડર |
| **૧૯૧૧** | : | વકીલાત સનદ |
| **૧૯૧૨** | : | હાઈકોર્ટ પ્લીડર બનવા મુંબઈ ગયા |
| **૧૯૧૩** | : | ભાવનગર પડતું મૂકી વઢવાણમાં વકીલાતની શરૂઆત, બચુભાઈનો જન્મ |
| **૧૯૧૪** | : | મોતીભાઈ અમીન સાથેનો પરિચય |
| **૧૯૧૬** | : | ગિજુભાઈ દક્ષિણામૂર્તિમાં જોડાયા અને ૨૦ વર્ષ ત્યાં રહ્યા. |
| **૧-૬-૧૯૧૮** | : | અંગ્રેજી ત્રણ ચોપડી સુધીની નિશાળ |
| **૧-૮-૧૯૨૦** | : | બાળશાળાની શરૂઆત |
| **૪-૫-૧૯૨૨** | : | બાલમંદિરની શરૂઆત (કસ્તૂરબા ગાંધીના હસ્તે)<br>જુગતરામ દવે સાથે ચાલણ ગાડી<br>હરિહર ભટ્ટ સાથે મળી ગણિતના અખતરા કર્યા<br>મહારાષ્ટ્રી બાઈ તારાબહેન મોડક બાલમંદિરમાં જોડાયાં |
| **નવેમ્બર, ૧૯૨૫** | : | પ્રથમ મોન્ટેસોરી શિક્ષણ સંમેલન ભાવનગરમાં<br>'શિક્ષણ પત્રિકા' માસિકની શરૂઆત (ગિજુભાઈ તંત્રી) બાળ સાહિત્યની રચના. |
| **૧૯૨૫-૨૬** | : | તેમના શિષ્ય-મિત્ર ગોપાળરાવ ગજાનન વિદ્વાંસે આ બધું સાહિત્ય<br>ઘેર-ઘેર પહોંચાડવાની જવાબદારી લીધી.<br>તારાબહેને દક્ષિણામૂર્તિ બાળ અધ્યાપન મંદિરનું કામ ઉપાડ્યું. |
| **૧૯૩૦** | : | અક્ષરજ્ઞાનના કામ માટે ચોપડીઓ લખી જે પ્રૌઢશિક્ષણ તરીકે જાણીતી બની. |
| **૩૦-૨-૧૯૩૭** | : | દક્ષિણામૂર્તિ છોડ્યું |
| **૧૯૩૮-૩૯** | : | રાજકોટ બાલ અધ્યાપન મંદિર |
| **૨૩ જૂન, ૧૯૩૯** | : | ગિજુભાઈનું અવસાન |
| **બે અંતિમ ઈચ્છા** | : | બાળ વિદ્યાપીઠ - ગુજરાતી બાળજ્ઞાનકોશ |

# મુછાળી માની નજરે શિક્ષક



ડૉ. રવીન્દ્ર અંધારિયા
મો. ૯૪૨૭૭૬૬૯૨૯

જેમને તેના શિક્ષકત્વને પરિણામે બાળકોની મુછાળી મા જેવું હુલામણું નામ મળ્યું તેવા ઉદાત્ત અને ઉત્તમ બાળશિક્ષકની નજરે શિક્ષક વિશે જાણવું માત્ર રસપ્રદ નહિ, ઉપયોગી પણ થશે.

એ તો નિર્વિવાદ છે કે ગિજુભાઈ યુગપ્રવર્તક શિક્ષક હતા. જે કાળે 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રમઝમ'વાળી શિક્ષણ પ્રથા પુરજોશમાં પ્રવર્તતી હતી ત્યારે શિક્ષણમાં સજાનો વિરોધ અને બાળક તો પ્રભુનો પયગંબર છે. તેમ કહી તેનો આદર કરવાનો શંખનાદ કર્યો હતો. બાળકેળવણીની સંપૂર્ણ ફિલોસોફી, તમામ આચાર-વિચારમાં નવો પ્રાણ ફૂંકનાર અદના બાળકેળવણીકાર મહર્ષિ ગિજુભાઈને વંદન!

શિક્ષણને સામાજિક ક્રાન્તિનું ફ્લાઇવ્હિલ કહી તેનું મહાત્મ્ય નિરૂપવામાં આવ્યું છે. પરંતુ વિચારણીય તો એ છે કે શિક્ષણ સામાજિક ક્રાન્તિનું ફ્લાઇવ્હિલ ક્યારે થઈ શકે ? તે કોના પર આધારિત છે ? શું શાળા પર, અભ્યાસક્રમ પર, શિક્ષણ વ્યવહાર પર કે શિક્ષક પર. નિર્વિવાદપણે સ્વીકારવું રહ્યું કે શિક્ષક પર. અમેરિકન શિક્ષણ મંચે વિશદ અભ્યાસને અંતે સ્વીકાર્યું છે કે બધો આધાર શિક્ષક પર છે.આ શિક્ષક શબ્દની વ્યુત્પત્તિ જોઈએ તો... શિસ્ત, ક્ષમા અને કર્તવ્યનિષ્ઠાના પ્રથમ અક્ષરનો બનેલો શબ્દ તે 'શિક્ષક'. શિક્ષક એટલે જ્ઞાન, કર્મ અને ભક્તિનો સંગમ. શિક્ષકનું બંધારણ આ ત્રિગુણથી ઘડાયું હોય છે, તેથી જ गुरु बिन ज्ञान कहाँ से पाऊँ ગવાયું છે. એક કવિએ ગુરુ મહિમા વિલક્ષણ રીતે ગાયો છે :

गुरु और पारस में लगे की अन्तर ज्ञान
एक लोहा कंचन करे, दूजा आप समान

આ કારણસર વિશ્વભરના કેળવણીકારો શિક્ષકનો મહિમા આ શબ્દથી ગાય છે :

**મુન જેક રૂસોઃ** શિક્ષક એટલે માળી. માળી જેમ પોતાના બાગને સાચવે છે, તેના પ્રત્યેક છોડ-પાનની કાળજી લે છે, ઉછેરે છે તેમ બાળક પણ વિકસતો છોડ છે. શિક્ષકે માળીની અદાથી તેને ઉછેરવાનો છે, વિકસાવવાનો છે.

**ફ્રોબેલઃ** શિક્ષકે બાળકને સ્વયંસિદ્ધ અને આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરવામાં સહાય કરવાની છે ને તેણે ખુદ આત્મસાક્ષાત્કાર ને 'સ્વ' સિદ્ધિ પ્રાપ્ત કરવાના છે.

**ડ્યૂઈઃ** શિક્ષકે પોતાના હેતુ વિદ્યાર્થીઓ પર લાદવાના નહિ; બાળકને જરૂર પડે ત્યારે શિક્ષક માર્ગદર્શક, બાળક સાથે પ્રોજેક્ટ કાર્યમાં તે સહકાર્યકર ને આયોજક, પ્રાયોગિક કે વ્યાવહારિક કામ દ્વારા જ્ઞાન આપવાની કુશળતા, બાળકના સ્વતંત્ર અને સર્જક વ્યક્તિત્વનો પોષક.

**સ્વામી વિવેકાનંદઃ** શિક્ષક અથવા ગુરુ એક પાંડિત્યપૂર્ણ અને ભૌતિક શરીરધારી વ્યક્તિ માત્ર નથી, પરંતુ તે એક આધ્યાત્મિક વ્યક્તિત્વ છે જે પોતાના આત્મપ્રકાશની વિદ્યાર્થીના અંતઃકરણને એ રીતે આલોકિત કરે છે જે રીતે એક દીપથી બીજો દીપ આલોકિત કરે છે.

**મૉન્ટીસોરીઃ** શિક્ષકનું સ્થાન માત્ર માર્ગદર્શક તરીકેનું જ છે. બાળકના કામમાં દોરવનાર કે દખલ કરનાર તરીકે નહિ જ, પરંતુ શિક્ષકે બાળવર્તનનું સૂક્ષ્મ અવલોકન કરતા રહેવાનું છે. તે બાળકના વિકાસને માટે જરૂરી પોષક વાતાવરણ રચ્યા કરવાનું છે.

ઉક્ત કેળવણીકારોએ આપેલ શિક્ષક અને તેનાં કર્તવ્યો વિશે જે જે અભિપ્રાયો આપ્યા છે તેના પરિપ્રેક્ષ્યમાં હવે ગિજુભાઈની શિક્ષક વિશેની પરિકલ્પના જાણીએ... એ સાચું છે કે નવી પેઢી હંમેશાં જૂની પેઢીના ખભા ઉપર બેસીને દર્શન કરે છે, તેથી તેના દર્શનમાં કશુંક વિશેષ હોવાનું.

**ગિજુભાઈ શિક્ષક દર્શનઃ**

બાલમંદિરમાં શિક્ષકનું સ્થાન અગત્યનું છે. શિક્ષકની વાચાળતા કરતાં તેનું મૌન મહત્ત્વનું છે, શીખવવાની ક્ષમતા કરતાં બાળકને અવલોકવાની ક્ષમતા વધુ મહત્ત્વની છે. પોતે ભૂલ કરે જ નહિ તેવા અભિમાન કરતાં નમ્રતાથી પોતાની ભૂલો શોધવી અને સ્વીકારવી એ મહત્ત્વનું છે.

શિક્ષકમાં પ્રથમ ગુણ અવલોકન કરવાનો હોવો જોઈએ. આ અવલોકન માટે શિક્ષકમાં અપાર ધીરજ જોઈએ. બાળકને કંઈક શીખવી દઉં એને બદલે બાળકને જાતે શીખવા દેવાની વૃત્તિ હોવી જોઈએ. શિક્ષક જરૂર જેટલી જ મદદ કરે. બિનજરૂરી મદદ બાળકના વિકાસમાં બાધારૂપ નીવડે છે.

શિક્ષકનો બીજો ગુણ વાણી સંયમનો હોવો જોઈએ. તેણે બનતા સુધી મૌનનું કડક વ્રતધારણ કરવું જોઈએ. જ્યાં ન છૂટકે વાણી પ્રયોગની આવશ્યકતા ઊભી થાય ત્યાં પણ શિક્ષકે વાણીના વપરાશમાં અતિકૃપણ થવું જોઈએ.

શિક્ષકનો ત્રીજો ગુણ નિરાભિમાનપણાનો છે. પોતે માત્ર બાળકને તેના વિકાસમાં યથાશક્તિ મદદ કરનાર છે. બાળકો પાસેથી પણ શીખવાનું છે. તેની નમ્રતા એટલી બધી હોય કે તે હંમેશાં પોતાની કંઈ ભૂલ ન થાય તેમજ બાળકને પણ કોઈ જાતનો અન્યાય ન મળે તે માટે સાવધ રહે.

મૉન્ટેસોરીના શિક્ષકમાં જે ગુણો વિજ્ઞાનશાસ્ત્રીમાં હોવા જોઈએ તે ગુણો જરૂરના છે. નિરીક્ષણ કરવાની શક્તિ, ખંત, ધીરજ, પરિણામ માટે ઉતાવળાપણું નહિ. તાત્કાલિક નિર્ણય કરવાની શક્તિ અને ચોક્કસાઈ વગેરે ગુણો વિના તેને ચાલે જ નહિ. તેની દૃષ્ટિ અને બાળકની દૃષ્ટિનો મેળ અને બાળક એક નાજુક યંત્ર છે. એવો ખ્યાલ તેના મનમાં ચોક્કસપણે ઠસવો જોઈએ. આ ઉપરાંત માનસશાસ્ત્ર, શરીરશાસ્ત્ર વગેરેનું જ્ઞાન તેનામાં ન હોય તો તે શિક્ષક તરીકે અપૂર્ણ છે.

બાળમંદિરના શિક્ષકનો અતિમહત્ત્વનો ગુણ શિક્ષકને બાળકની વ્યક્તિમાં (વ્યક્તિમત્ત્વ) અસાધારણ વિશ્વાસ જોઈએ. બાળક પ્રત્યે તેને સંપૂર્ણ સહાનુભૂતિ જોઈએ અને ખાસ કરીને બાળકમાં શ્રદ્ધાભક્તિ જોઈએ.

શિક્ષકની દૃષ્ટિ વિજ્ઞાની જેવી ચોક્કસ અને નિર્મૂળ જોઈએ અને સંત પુરુષોના જેવી પ્રેમી અને આધ્યાત્મિક જોઈએ. વિજ્ઞાનનું ચોક્કસપણું અને સંતનું પાવિત્ર્ય શિક્ષકની તૈયારીના બે આધારભૂત સ્તંભો છે. શિક્ષકની વૃત્તિ એકીસાથે શાસ્ત્રીય અને દૈવી હોવી જોઈએ.

**ઉપસંહારઃ** ઉપરોક્ત વિવેચનાને આધારે ગિજુભાઈની નજરે શિક્ષકની પરિકલ્પના આ મુજબ કરી શકાય...

શિક્ષક એટલે વાત્સલ્યમૂર્તિ, શિક્ષક એટલે ધીરજનો અવતાર, શિક્ષક એટલે ખાસ્સો અવલોકનકાર, શિક્ષક એટલે સંયમી (વાક્ સંયમી, કાર્ય સંયમી, વ્યવહાર સંયમી), બાળકમાં શ્રદ્ધાનો ધોધ, શિક્ષક એટલે માર્ગદર્શક, શિક્ષક એટલે બાગનો માળી, શિક્ષક એટલે વિજ્ઞાનીને આધ્યાત્મિક, શિક્ષક એટલે નિરાભિમાની વ્યક્તિ, શિક્ષક એટલે બાળ સ્વાતંત્ર્યનો ઝંડાધારી, શિક્ષક એટલે બાળશ્રદ્ધાનો અવતાર. અસ્તુ!

# રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ઝિલાતું બધેકાદર્શન



ડૉ. નીલેશ પંડ્યા
મો. ૯૪૨૬૩૩૭૪૩૨

રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ દ્વારા ભારતીય શિક્ષણમાં આમૂલ પરિવર્તન માટેની અનુકૂળતા બની છે. કોઈ પણ દેશની શિક્ષણનીતિ તે રાષ્ટ્રના વિચારકો અને શિક્ષણ ચિંતકોના ચિંતનનો સારગર્ભ હોવો જોઈએ. પ્રવર્તમાન શિક્ષણનીતિ પ્રાચીન અને અર્વાચીન જ્ઞાન અને સંશોધનને સંગમસ્થાને તૈયાર થઈ છે, તેથી સ્વાભાવિક રીતે જ તેમાં શિક્ષણના વિવિધ ક્ષેત્રે કાર્ય કરીને નવી કેડી કંડારી હોય તેવા શિક્ષકોના પ્રયોગોની સ્વીકૃતિ પ્રતિબિંબિત થાય. શ્રી ગિજુભાઈ બધેકા એ પૂર્વ પ્રાથમિક યા કહો કે બાળમંદિરના શિક્ષણ માટે ભીષ્મ પિતામહ કહી શકાય. 'બાળવિશ્વ'ના આ અંકમાં આપણે તેમના ચિંતન અને કર્મને સ્મરણાંજલિ અર્પી રહ્યા છીએ ત્યારે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં ઝિલાયેલું શ્રી ગિજુભાઈન દર્શન પર એક દૃષ્ટિ કરવી રસપ્રદ બની રહેશે. ગિજુભાઈનું દર્શન એ કહેવાયેલું નહીં પણ જીવાયેલું દર્શન છે. તેઓએ પ્રત્યક્ષ કાર્ય કર્યું અને તેમાંથી જે નીપજ્યું તે શિક્ષણદર્શન. આવો, આપણે રાષ્ટ્રીય શિક્ષણનીતિના પરિપ્રેક્ષ્યમાં શ્રી ગિજુભાઈના કાર્ય અને ચિંતનના સામ્યસૂત્રો શોધીએ.

આપણે રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને તેના આધારે તૈયાર થયેલી રાષ્ટ્રીય અભ્યાસક્રમની રૂપરેખાને પણ લક્ષમાં લઈને ચર્ચા કરીશું. સૌ પ્રથમવાર રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં બાલમંદિરના શિક્ષણને શાળાશિક્ષણના એક અભિન્ન હિસ્સા તરીકે જોડવામાં આવ્યું છે. વર્ષોથી શિક્ષણના પ્રવાહોથી અલગ ચાલતા બાળવાટિકાના શિક્ષણમાં આ નીતિએ પ્રાણ ફૂંક્યો છે. ગિજુભાઈએ બાળમંદિરના શિક્ષણને જે દરજ્જો અપાવવા માટે જે અણથક પ્રયત્નો કર્યા છે તે આજે સાર્થક બની રહ્યા હોય તેમ લાગે છે. તેઓ તે સમયના બાળશિક્ષણની ગંભીર પરિસ્થિતિનો ચિતાર આપીને સમાજ સામે વ્યથા આવા શબ્દોમાં રજૂ કરી હતી, **"આમાંથી આપણે તુર્ત જ મુક્ત થવું જોઈએ. બાલશિક્ષણના પાયા ઉપર આપણા કુમાર મંદિર, વિનય મંદિરો અને મહાવિદ્યાલયોની ઈમારત ચણવાની છે. એ પાયાઓને ભારેમાં ભારે મજબૂત કરવામાં જ આપણી ખરી કસોટી, કિંમત અને દક્ષતા છે."**

આજે આ વાતને આપણે મોડે મોડે પણ સ્વીકારી હોય એમ લાગે છે. હવે ફાઉન્ડેશન લેવલના શિક્ષણના પ્રારંભના ત્રણ વર્ષ બાળમંદિરના છે જેમાં હવે ભારતીય શિક્ષણના આધાર પર બાળકોના ઘડતરની પ્રક્રિયા થશે. NCFFSના ૧.૩.૧ (c)માં જણાવ્યું છે કે હવે અધ્યેતાને શીખવા માટેની લવચિકતા પૂરી પાડવામાં આવશે. તેનો સંદર્ભ એ છે કે અધ્યેતા પોતાના અધ્યયનની ક્ષમતાને આધારે શું શીખવું અને કેવી રીતે શીખવું તે નક્કી કરી શકશે. બાળક પોતાની પ્રતિભા અને રસને આધારે આગળ વધે તે જરૂરી છે. શિક્ષણનો આ પાયાનો સિદ્ધાંત નીતિમાં વણી લેવામાં આવ્યો છે.

ગિજુભાઈ આ સંદર્ભે જણાવે છે કે, **"વિકસતા બાળકને સ્વાતંત્ર્ય મળવું જોઈએ, તેનો અર્થ એ કે તેને વિકાસક પરિસ્થિતિમાંથી પ્રવૃત્તિની પસંદગીની અને સ્ફુરણા થાય ત્યારે પ્રવૃત્તિ કરવાની છૂટ મળવી જોઈએ. સ્વાતંત્ર્યનો અર્થ અતંત્ર કે પરતંત્ર બેમાંથી એક પણ નથી. આપણા પરના આધારમાંથી બાળકને મુક્ત કરીને તેને પોતાના ઉપર આધાર રાખતું કરવું તેનું નામ તેને સ્વતંત્રતાને માર્ગે દોરવું એ છે."**

બાળક પોતાની મેળે શીખે અને તેની વ્યક્તિગત ક્ષમતાને આધારે શીખે તે જરૂરી છે. શીખવાની બાબતમાં બાળક સ્વને અધીન છે, એ અર્થમાં બાળકને શીખવા માટેના અવકાશ પૂરા પાડવા તે અગત્યનું કાર્ય

છે. રા. શિ.નીતિ ૪.૨૩માં ભારપૂર્વક જણાવે છે કે વિદ્યાર્થીને પોતાના માટેનો વૈયક્તિક અભ્યાસક્રમ, વિષયો, કૌશલો અને ક્ષમતાઓ પસંદ કરવાની ભરપૂર છૂટ હોવી જોઈએ. અત્યારના ઝડપથી બદલાતા સમયમાં એક સારા, સફળ, સર્જનશીલ, અનુકૂલિત અને ઉત્પાદક માનવ તરીકે તૈયાર કરવા માટે આ પ્રકારની સ્વતંત્રતા અત્યંત જરૂરી છે. ગિજુભાઈ પ્રત્યેક બાળકને પસંદ પડે તેવી પ્રવૃત્તિઓ કરાવવા ભલામણ કરે છે. તેમના બાળમંદિરમાં પ્રવૃત્તિઓનું એ પ્રકારે આયોજન થતું કે પ્રત્યેક બાળકને તેમના રસ અને ક્ષમતા પ્રમાણેનું કાર્ય મળી રહે. રા. શિ. નીતિ ૪.૨૩માં વિદ્યાર્થીમાં વિવિધ ક્ષમતાઓ વિકસાવવા માટેની ભલામણ કરે છે જેમાં વૈજ્ઞાનિક વલણથી માંડીને કળા, સૌંદર્ય, સંપ્રેષણ, સ્વાસ્થ્ય- પોષણ, શારીરિક શ્રમ, રમતગમત, સહકાર, સમસ્યા ઉકેલ અને તર્ક વિકાસ માટેની ભલામણ કરે છે. આ બધી જ બાબતો બાલ્યાવસ્થાથી વિકસે તો તેનો મજબૂત પાયો તૈયાર થઈ શકે છે.

ગિજુભાઈએ બાળમંદિરમાં આ બધી બાબતોની એ રીતે ગૂંથણી કરી છે કે બાળકો સહજતાથી આવા ગુણ ગ્રહણ કરવા માટે તત્પર બની શકે. શ્રી ગિજુભાઈના શિક્ષણ પ્રયોગો પર નજર કરવામાં આવે તો આ શિક્ષણ પ્રક્રિયામાં આ બધાં જ તત્ત્વો ઊડીને આંખે વળગે છે. તેઓ કહે છે કે, **“આપણે બાળકોને પોતાની મેળે ચાલતાં, દોડતાં, દાદરેથી ઊંચે ચડતાં અને નીચે ઊતરતાં, નીચે પડી ગયેલા પદાર્થો ઊંચકી લેતાં, પોતાની મેળાએ કપડાં પહેરતાં અને કાઢતાં, પોતાની જાતે નાહી લેતાં, ચોખ્ખું બોલતાં અને પોતાની જરૂરિયાતો સ્પષ્ટ રીતે જાહેર કરતાં શીખવવામાં મદદ કરવી જોઈએ નહિ કે બધું આપણે તેમને કરી આપવાની ચાકરી કરવી જોઈએ. આપણે બાળકોને એવી એવી મદદ કરવી જોઈએ કે જેથી તેઓ પોતાના વ્યક્તિગત ઉદ્દેશો પાર પાડવાની અને પોતાની ઈચ્છાઓ તૃપ્ત કરવાની શક્તિ પ્રાપ્ત કરી લે. આ બધી સ્વાધીનતાની કેળવણી છે.”**

**૧. રા. શિ. નીતિ અને ગિજુભાઈના ચિંતનના સામ્યનું પ્રથમ સૂત્ર આપણને મળે છે કે સ્વાયત્તતા, સ્વાધીનતા અને આનંદ એ શિક્ષણનો આધાર છે.**

રા. શિ. નીતિ ૪.૫ માં જણાવે છે કે અભ્યાસક્રમનું ભારણ ઓછું કરીને દરેક વિષયમાં તાર્કિક ચિંતન અને પૃચ્છા આધારિત, શોધ આધારિત, ચર્ચા આધારિત અને વિશ્લેષણ આધારિત અધ્યયન પર ભાર મૂકવો જોઈએ. વિષયવસ્તુ એ આ બધી પ્રક્રિયાઓને વેગ આપવા માટે સાધન બની શકે છે, પરંતુ વાસ્તવમાં આ બધાને આધારે બાળકમાં આ ક્ષમતાનો વિકાસ થવો જોઈએ.

ગિજુભાઈ બાળકોને નાના પ્રયોગો અને ક્રિયાકલાપ કરાવીને તેમનામાં અવલોકન, સમસ્યા ઉકેલ અને તર્કના ગુણોનો સહજ વિકાસ કરવા ભલામણ કરતા હતા. તેઓ જણાવે છે કે, **“બાળકને શીખવામાં આનંદ આવવો જોઈએ.”**

રા. શિ. નીતિ ૪.૫ માં જણાવ્યું છે કે અધ્યયન- અધ્યાપન એ વધારે આંતરક્રિયાત્મક, પ્રશ્નોને પ્રોત્સાહન આપતું અને વર્ગખંડ હંમેશા આનંદ, સર્જનશીલતા અને શોધખોળ આધારિત પ્રવૃત્તિઓમાં જોડીને અનુભવ આધારિત શિક્ષણ આપવાની હિમાયત કરી છે.આ સંદર્ભે ગિજુભાઈ જણાવે છે કે, **“બાળકને સ્વતંત્ર વ્યક્તિત્વ છે. બાળક જન્મથી જ વિકાસ પામવા માટેની અદમ્ય ઈચ્છા અને અમાપ શક્તિ લઈને આવે છે. તેનાં શરીર, મન, બુદ્ધિ, લાગણીઓ બધું ધીરે ધીરે વિકસિત થવા લાગે છે. આ વિકાસ તે પોતે જ કરે છે. આપણે (માતા, પિતા, શાળા, સમાજ, કુદરત) સૌએ તેને અનુકૂળતાઓ કરી આપતા જવું જોઈએ. અને આ સમય દરમ્યાન આપણે સૌએ તેને પ્રેમ અને સલામતીની હૂંફ અર્પવાં જોઈએ. બાળકને પણ પોતાની શક્તિઓ છે અને એ શક્તિઓની મર્યાદાઓ છે, પોતાની લાગણીઓ પણ છે અને ગમાઅણગમાના પોતાના ભાવો પણ છે અને અલ્પ મતિવાળી થોડી થોડી વિવેકશક્તિ પણ છે. આપણે આ બધાને**

**માનભરી દૃષ્ટિથી જોવું જોઈએ અને સંવાદિતાપૂર્વક સુયોગ્ય માર્ગે તેનો કેમ વિકાસ થાય તે વિચારવું જોઈએ અને એ પ્રમાણે પછી તેને અનુકૂળતાઓ ઊભી કરીને એ વિકાસમાં મદદરૂપ બનવું જોઈએ.''**

આ સમગ્ર કથનમાં રા. શિ. નીતિમાં ભાર મૂકવામાં આવ્યો તે સૈદ્ધાંતિક બાબતો સુંદર રીતે કહેવાઈ હોય તેમ જણાય છે. રા. શિ. નીતિ ૪.૬માં ભારપૂર્વક આનુભવિક અધ્યયન (Experiencing Learning)ની વાત મૂકવામાં આવી છે. શિક્ષણના પ્રત્યેક તબક્કે અનુભવ આધારિત શિક્ષણ થવું જોઈએ. જેમાં વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવો, કળા સંકલિત શિક્ષણ અને રમત સંયોજિત શિક્ષણ, વાર્તા આધારિત અધ્યાપનનો ભરપૂર ઉપયોગ થાય તેવું સૂચન કરવામાં આવ્યું છે. તેઓ અનુભવો અને પ્રવૃત્તિઓ કરાવવા અંગે ખૂબ જ સટિક સૂચન કરે છે. તેઓ કહે છે કે, **''પણ આવું નિયમન મોટાઓના હુકમથી કે ઉપદેશથી અર્થાત્ આજની પ્રચલિત નિયમનની યુક્તિઓથી આવી શકે જ નહિ. આવું ખરું નિયમન શિક્ષક પર આધાર રાખનારું નથી. પરંતુ દરેક બાળકના આંતરજીવનમાં થતા વિકાસ ઉપર અવલંબે છે.''** તેઓ આગળ ઉમેરે છે કે, **''ખરા નિયમનું પ્રથમ પ્રભાત પ્રવૃત્તિમાંથી ઊગે છે. કોઈ ક્ષણે કોઈ એકાદ પ્રવૃત્તિમાં બાળકને અપૂર્વ રસ લાગી જાય છે. તેના ચહેરા પરનો તે વખતનો ભાવ, અત્યંત એકાગ્રતા અને કામમાં આ વાતની સાક્ષી પૂરે છે.''**

આ વખતે બાળકે નિયમનના માર્ગ પર પ્રથમ પગલું મૂક્યું છે. પછી બાળકની પ્રવૃત્તિનો પ્રકાર ગમે તે હોય. તે ઇંદ્રિય કેળવણીના સાધનની રમત હોય કે બટન યા હૂક ભરાવવાનું હોય કે પ્યાલા-રકાબીઓ ઊટકવાનું હોય. પરંતુ આ પ્રવૃત્તિ જોહુકમીથી બાળકો ઉપર લાદી શકાય નહિ. આ પ્રવૃત્તિ સ્વયંસ્ફુરિત હોવી જોઈએ, એટલે કે બાળકની વિકાસની જરૂરિયાતમાંથી જન્મવી જોઈએ અને તે જન્મે જ છે, કારણ કે વિકાસ માટે મનુષ્ય સ્વભાવતઃ પ્રવૃત્તિ કરવા માગે છે. અને જીવનની અંતઃશક્તિનો જે પ્રવૃત્તિ તરફ સ્વાભાવિક રીતે અને રુકાવટ વિના વળે છે, અથવા જે પ્રવૃત્તિમાં મનુષ્ય પગલે પગલે ઊંચે ચડે છે, તે પ્રવૃત્તિ જ નિયમન આપનારી છે. આવી જાતની પ્રવૃત્તિ મનુષ્યમાં સુવ્યવસ્થા લાવે છે; તેની સમક્ષ વિકાસની અનંત શક્યતાઓના પ્રદેશો ઉઘાડે છે. આવી પ્રવૃત્તિ બાળક જ્યાં સુધી તે પોષક અને વિકાસક છે ત્યાં સુધી રાજીખુશીથી વારંવાર કરે છે.

**૨. રા. શિ. નીતિ અને ગિજુભાઈના ચિંતનના સામ્યનું બીજું સૂત્ર આપણને મળે છે કે અનુભવ, પ્રયોગ અને શોધખોળ એ શિક્ષણની ચાવી છે.**

રા. શિક્ષણનીતિની સૌથી મોટી નિસબત એ છે કે તે શિક્ષણને અર્થપૂર્ણ અને સમજ આધારિત પ્રક્રિયામાં રૂપાંતરિત કરવા ઇચ્છે છે. ૪.૪માં સ્પષ્ટપણે સૂચન છે કે અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર પર એ રીતે ભાર મૂકવો જોઈએ જેથી શિક્ષણની દિશા સાચી સમજ અને કેવી રીતે શીખવવું તેની આવડત તરફ ગતિ કરી શકે.

નીતિ જણાવે છે કે આજકાલ ગોખણપટ્ટીની જે પરિપાટી ઊભી છે તેમાંથી શિક્ષણને ઝડપથી મુક્ત કરવું જોઈએ. નીતિ આગળ એ પણ કહે છે કે શિક્ષણનો ધ્યેય માત્ર બૌદ્ધિક વિકાસ નથી પરંતુ ચારિત્ર્ય ઘડતર અને સર્વાંગ વિકસિત મનુષ્ય નિર્માણ હોવું જોઈએ જે ૨૧મી સદીમાં જરૂરી એવાં કૌશલોથી સજ્જ હોય.રા. શિ. નીતિ ભાષાના શિક્ષણ પર વિશેષ ભાર મૂકે છે. ૪.૧૨ માં જણાવ્યું છે કે, ૨ થી ૮ વર્ષમાં બાળક અત્યંત તીવ્ર ગતિથી ભાષા શીખે છે. આથી તેને અનેકવિધ ભાષાઓનો પરિચય કરાવવો જોઈએ. માતૃભાષા પર વિશેષ ભાર આપવાની સાથે સાથે તેને અન્ય ભાષાનો પરિચય થાય તે આવકાર્ય છે. આ પ્રક્રિયાની શરૂઆત ફાઉંડેશન સ્ટેજથી થવી જોઈએ.

ભાષાનું શિક્ષણ આંતરક્રિયાત્મક અને આનંદપ્રદ હોવું જોઈએ. જેમાં બાળકને વાતચીત

કરવાની ભરપૂર તકો મળી રહેવી જોઈએ. જે બાળકને પ્રારંભિક અવસ્થાએ ભાષાના ઉત્તમ અનુભવો મળી રહે છે તેનું સમગ્ર શિક્ષણ અસરકારક રહે છે. સમજણ આધારિત શિક્ષણ માટે ભાષા એ ઉત્તમ સાધન છે. ગિજુભાઈ પોતાના શાળાના અનુભવો ખૂબ સુંદર રીતે વર્ણવે છે અને તે સમયના શિક્ષણની સ્થિતિનો ચિતાર રજૂ કરે છે.

**"મોટો ઘંટ સવારે છ વાગે વાગતો. અમે દાતણ કર્યાની અને મોંપાટ લીધાની ચિઠ્ઠી પાટીમાં લખાવી નિશાળભણી શ્વાસભેર દોડતા."** તેઓ આગળ જણાવે છે કે **"શિક્ષક અમને પાટીમાં એકડો માંડી આપતા અને તેના ઉપર અમે કાંકરાથી ઘૂંટતા. ઘૂંટતાં ઘૂંટતાં એકડો સૂણીને પૂણી જેવો કે પાણીમાં ડૂબીને ફૂલી ગયેલા ઊંદર જેવો થઈ જતો. ઘૂંટવાથી અક્ષરો બગડ્યા હોય તેથી કે અક્ષર વધારે સુધારવા માટે કે ગમે તે કારણે પણ પાછળથી અમારે બેત્રણ વર્ષો સુધી ખડીના અક્ષરો અને કૉપીબુકો લખવી પડતી."**

આ અનુભવ એ વાતને પ્રતિપાદિત કરે છે કે પહેલાના સમયનું બાળશિક્ષણ વેઠ અને ગોખણપટ્ટીને વરેલું હતું. આજની સ્થિતિએ જોઈએ તો પણ આપણને ક્યાંકને ક્યાંક બાળમંદિરોમાં આંક ગોખાવતા અને ABCD બોલી બોલીને તૈયાર કરાવતા વર્ગો જોવા મળે તો નવાઈ નહીં. તેઓ આગળ લખે છે કે, **"અમારા વખતમાં પણ ગણિત અઘરું ગણાતું. અમે સોળે આંક પોપટ જેમ પઢી જતા. રાતે ઘેર પણ મોપાટ તો લેવી જ પડે ને સવારે દાતણ કર્યાની ચિઠ્ઠી ભૂલી જઈએ તો ચાલે, પણ મોંપાટ લીધાની ચિઠ્ઠી ભૂલ્યા તો બાર જ વાગે."** ક્રિયા અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણનું ચિંતન ગિજુભાઈએ આપ્યું તેની પાછળ વિદ્યાર્થી તરીકેના તેમના અનુભવોનો ફાળો રહ્યો છે તેમ કહી શકાય.

**૩. રા. શિ. નીતિ અને ગિજુભાઈના ચિંતનના સામ્યનું ત્રીજું સૂત્ર આપણને મળે છે કે યાંત્રિકતા, ગોખણપટ્ટી અને શબ્દાળુતા એ શિક્ષણ ક્ષતિ છે.**

રા. શિ. નીતિ ૨.૯માં જણાવે છે કે બાળક જો કુપોષિત અથવા અસ્વસ્થ હોય તો તે સારી રીતે અધ્યયન કરી શકતું નથી. આથી સ્વાસ્થ્ય અને પોષણ એ ખૂબ જ અગત્યનો મુદ્દો બની રહે છે.

આમાં બાળકના માનસિક સ્વાસ્થ્યની પણ મહત્ત્વની ભૂમિકા છે. આથી બાળકના ખોરાક પર વિશેષ ધ્યાન આપવાની ભલામણ છે. ગિજુભાઈ બાળકના સ્વાસ્થ્ય પ્રત્યે અત્યંત સભાન હતા.

**૪. રા. શિ. નીતિ અને ગિજુભાઈના ચિંતનના સામ્યનું ચોથું સૂત્ર આપણને મળે છે કે સ્વાસ્થ્ય, સ્વાશ્રય અને સુખાકારી એ શિક્ષણની નિષ્પત્તિ છે.**

રા. શિ. નીતિ અંતર્ગત તૈયાર થયેલી ફાઉંડેશન સ્ટેજની રૂપરેખાના મુદ્દા ક્રમ ૧.૩.૨ (c)(1)માં કહ્યું છે કે પ્રારંભિક શિક્ષણ લવચીક, બહુસ્તરીય અને રમત આધારિત અધ્યયન હોવું જોઈએ. બાળમંદિરના શિક્ષણમાં રમત અને રમકડાંનું ઘણું મહત્ત્વ છે. રા. શિ. નીતિ ૪.૨ માં પણ આ વાત વિગતે રજૂ થઈ છે. ૪.૭ માં શિક્ષણમાં કળા અને અન્ય અભ્યાસિક પ્રવૃત્તિઓને જોડી લેવાની વાત પણ મૂકવામાં આવી છે. જેમાં કળા અને સંસ્કૃતિ વણી શકાય તેવી પ્રવૃત્તિઓને અગત્ય આપવી જોઈએ. ભારતીય સિદ્ધાંતો સહજ રીતે બાળક ગ્રહણ કરી શકે તેવા બાળમંદિર હોવા જોઈએ.

શિક્ષણ અને સંસ્કૃતિના સમન્વય માટે શિક્ષકે આવી પ્રવૃત્તિઓને પ્રાધાન્ય આપવું જોઈએ. શિક્ષણની પ્રક્રિયાઓમાં સંસ્કૃતિ કેવી રીતે સૂક્ષ્મ ભૂમિકા ભજવે છે તે સમજાવવા એક દૃષ્ટાંત જોઈએ. ઇટલીનાં બાળકો તેમના સાહિજક ખોરાક દેડકાંને પથરા

મારીને મારી નાખવામાં મજા લે છે એ વ્યાપાર હિન્દુસ્તાનમાં પતંગિયાંને નિર્દોષપણે પકડીને ઉડાડી દેવામાં પરિણમે છે. દેડકાં ખાનાર ઇટલીનાં બાળકો દેડકાંને મારે, અને અહિંસક તથા દયાવૃત્તિપ્રધાન હિંદુસ્તાનનાં બાળકો પતંગિયાંને પકડી, તેના રંગોમાં મજા લઈ તેને છોડી દે, એ બંને ક્રિયાઓમાં બાલમાનસનાં દર્શનો જ છે. તફાવત માત્ર દેશ-કાળ અને પરિસ્થિતિની છાયાનો છે. ફિટ ઈંડિયાનો હવાલો આપીને નીતિ બાળકોને સ્વસ્થ રાખવા માટે રમત સંકલિત શિક્ષણ પર ભાર મૂકે છે.

**૫. રા. શિ. નીતિ અને ગિજુભાઈના ચિંતનના સામ્યનું પાંચમું સૂત્ર આપણને મળે છે કે રમત, રમકડાં અને પ્રવૃત્તિઓ એ શિક્ષણના આયામો છે.**

NCFFS માં ૪.૨.૨માં જણાવ્યા અનુસાર શિક્ષકે પોતાના વર્ગખંડ શિક્ષણનું એ રીતે આયોજન કરવું જોઈએ જેથી પ્રત્યેક બાળકને તેના રસ, રુચિ અને ક્ષમતા પ્રમાણે શીખવાનો અવસર મળી રહે. Differentiated Instruction અંતર્ગત આ મુદ્દામાં વિગતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ગિજુભાઈ આ અંગે જણાવે છે કે જીવન વ્યવહારનાં કામોને કારણે બાળકો વ્યક્તિગત રીતે અને નાની નાની ટોળીમાં સરસ કામ કરી શકે છે અને ઘણું બધું શીખી શકે છે. તેમણે તેને જીવનવ્યવહારનાં કામો કહ્યા છે. તેમાં નાસ્તો કરવો, પીરસવું, વાટકા સાફ કરવા, આંગણું અને ઓરડા સાફ કરવાં, બાગાયતનાં કામો કરવાં, શાક સુધારવું, ખાંડવું, ભરડવું, અનાજના દાણા છૂટા પાડવા, હાથ-પગ સાફ કરવા, માથું ઓળવું, નાનાં કપડાં ધોવાં, કપડાં પહેરવાં અને કાઢવાં, બુતાન બીડવાં અને ઉઘાડવાં વગેરે કામો જીવનવ્યવહારનાં કામો તરીકે બાલમંદિરમાં હતાં. ગિજુભાઈ અને તેમના સાથીદારોની વિશેષ ખૂબી એ હતી કે આ પ્રવૃત્તિઓ અત્યંત સ્વાભાવિક રીતે બાલમંદિરમાં થયા કરતી અને એ દ્વારા નાનાં બાળકોનાં જીવનમાં સ્વાવલંબન વિકસતું અને તેમનું જીવન આત્મવિશ્વાસથી ભર્યું ભર્યું બની જતું.

**૬. રા. શિ. નીતિ અને ગિજુભાઈના ચિંતનના સામ્યનું છઠ્ઠું સૂત્ર આપણને મળે છે કે વ્યક્તિગત શિક્ષણ અને જૂથશિક્ષણ એ શિક્ષણની પ્રક્રિયાઓ છે.**

બાળકોના મૂલ્યાંકન અંગે NCFFSમાં ખૂબ જ વિગતવાર સમજૂતી આપવામાં આવી છે. ફાઉન્ડેશન સ્ટેજના શિક્ષણમાં મૂલ્યાંકન અત્યંત સાહજિક અને સરળ હોય તેવી વાત છે.

બાળકોની પ્રગતિ ચકાસવા માટેનું મૂલ્યાંકન શીખવા શિખવવાની પ્રક્રિયાના અંગભૂત હિસ્સા તરીકે હોવું જોઈએ. પ્રકરણ ૬માં મૂલ્યાંકન અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી છે. ગિજુભાઈ શિક્ષણની પ્રક્રિયાની સાથે સાથે જ બાળકનું મૂલ્યાંકન થવું જોઈએ તેમ કહે છે. ગિજુભાઈ બાળશિક્ષણમાં શિક્ષકો દ્વારા જે શિક્ષા કરવાની પદ્ધતિ અમલી હતી તે અંગે વર્ણનો આપીને તે પ્રત્યે આપણું ધ્યાન દોરે છે. તેઓ જણાવે છે કે, **''મારવાની જાત જાતની રીતો શાળામાં મંજૂર હતી. ઠોંસા મારવા, તમાચા મારવા, ચોંટિયા ભરવા, આંકણી મારવી એ બધી રીતો મારની સામાન્ય રીતો છે. અમારા માસ્તરે કેટલીક નવી રીતો પણ શોધેલી. કાં તો તે ટેબલ ઉપર હાથ મુકાવે અને હાથ ઉપર આંકણી મારે. ઠોંસો મારવો હોય તો તે અમસ્તો ચાલુ પ્રચાર પ્રમાણે ન મારે પણ વિધિપૂર્વક મારે. તેની વિધિ જાણવા જેવી છે. છોકરાને વાંકો વાળે. પછી તેના નાકના ટેરવા ઉપર ઠોંસો અડાડે ને પછી ધમ દઈને વાંસામાં મારે. જો નાકને મૂઠી બરાબર અડી ન હોય તો માસ્તરને અપશુકન થાય એટલે કદાચ ઠોંસો બે વાર મારવો પડે.'શિક્ષકોના ભયથી બાળકો ધ્રુજતા અને તેને કારણે શિક્ષણનું તત્ત્વ દૂર દૂર સુધી સાકાર થઈ શકતું નહીં.''**

તેઓ કહે છે કે, **"માસ્તરોની અમને બહુ બીક લાગતી. અમે એવી સાવધાનીથી રમાડતા કે માસ્તર અમારી નજરે કે અમે એની નજરે ચડીએ જ નહિ. સ્પર્ધાની પદ્ધતિથી અનેકવિધ લુચ્ચાઈઓને સારું પોષણ મળતું."**

શિક્ષણમાં ભય અને શિક્ષાના તત્ત્વ પ્રત્યે ભારોભાર નફરત વ્યક્ત કરીને તેઓ કહે છે કે, **"દબાણ ઉપર રાજ્યો ટકતાં નથી તો બાલમંદિરમાં બાળકો શી રીતે ભણે ? બાલમંદિરમાં શિક્ષાનો નાશ કરીને જગતમાંથી હિંસાનું, દબાણનું અને જુલમનું તત્ત્વ કાયમને માટે નાબૂદ કરવું છે. નવો યુગ સ્વરાજ્યનો છે. તેમાં હિંસા નહિ હોય તો પછી શાળામાં શિક્ષા ક્યાંથી રહેશે ? કેમ રહેવી જોઈએ ? આપણા મનમાં જ્યારે બાળક ઉપર કોઈપણ જાતનું દબાણ કરવાનો વિચાર આવે ત્યારે બાળક કેટલું નિર્બળ છે અને આપણે કેટલા બળવાન છીએ તેનો જ વિચાર કરી લેવો. નિર્બળને શિક્ષા કરવી એ હિંસાથી પણ ખરાબ છે. બાળકને શિક્ષા કરીને આગામી પેઢીના મૂળમાં હિંસાનું પાણી સીંચીએ છીએ."**

**૭. રા. શિ. નીતિ અને ગિજુભાઈના ચિંતનના સામ્યનું સાતમું સૂત્ર આપણને મળે છે કે ભય, શિક્ષા, પરીક્ષા અને સ્પર્ધા એ શિક્ષણનાં દૂષણો છે.**

અભિવ્યક્તિમાંથી પ્રગટતી સર્જનશક્તિનું આપણે ઘર અને શાળામાં કેવું ખૂન કરી નાખીએ છીએ તે તરફ પણ ગિજુભાઈએ આપણું ધ્યાન દોર્યું છે. તેઓ ઉદાહરણ આપતાં જણાવે છે કે, જોડણી ને જોડાક્ષર ખૂબ પાકાં કરાવીએ છીએ; વ્યાકરણમાં તો એકે પણ ભૂલ ન પડે એ માટે બાળકના અને આપણા લોહીનું પાણી કરીએ છીએ; વર્ષ આખરે એની એ જ ત્રણ વાર્તાઓ ભૂંડીભૂખ રીતે કહ્યા કરીએ છીએ અને પરીક્ષા વખતે તેના પેટમાંથી એ પાછી કઢાવીએ છીએ; કવિતાને પોપટની જેમ બોલાવી લઈએ છીએ; અને આપણે તેને ભાષા-સાહિત્યનો અભ્યાસ કરાવ્યો કહીએ છીએ ! આમાંથી આપણે સાહિત્યમાં નવાં સર્જનોની અપેક્ષા રાખીએ છીએ. ગિજુભાઈએ તો ખૂબ ખૂબ વિગતપૂર્ણ વર્ણન આપ્યું છે અને છેવટે કહે છે કે **"આપણાં ઘરો અને આપણી શાળાઓ સર્જનશક્તિનાં કતલખાનાં જ બની ચૂક્યાં છે."**

આ સંદર્ભે ગિજુભાઈ બાળમંદિરમાં જે શિક્ષણ અનુભવો આપવાની હિમાયત કરે છે તેમાં ગીત, વાર્તા, કવિતાઓ, બાળગીતો અને જોડકણાંનો ભરપૂર ઉપયોગ કરવા પર ભાર મૂકે છે. બાળમંદિરમાં વાર્તા પ્રવૃત્તિ ધમધમતી હતી. વાર્તાથી ભાષા શિક્ષણને મદદ મળે તેની સાથે સાથે ઘણા બધા વિષયોનું શિક્ષણ થઈ શકે છે. તેઓએ લોકવાર્તા અને બાળવાર્તાનો ઉપયોગ કરવા ભલામણ કરી છે. તેઓએ ૧૯૨૫માં વાર્તા માટે પુસ્તક આપ્યું 'વાર્તાનું શાસ્ત્ર' જે આજે પણ એક સંદર્ભ તરીકે વાંચી શકાય તેમ છે. તેવી જ રીતે બાળનાટકોના પ્રયોગો પણ ખૂબ કર્યા હતા. ગિજુભાઈએ બાળનાટકોની રંગભૂમિ રચીને બાળશિક્ષણની દુનિયામાં એક નવીન ભાત પાડી છે. આમ, મુક્ત અભિવ્યક્તિ અને તેના દ્વારા શિક્ષણ એ ગિજુભાઈના શિક્ષણ ચિંતન અને પ્રયોગોનો અગત્યનો હિસ્સો છે.

**૮. રા. શિ. નીતિ અને ગિજુભાઈના ચિંતનના સામ્યનું આઠમું સૂત્ર આપણને મળે છે કે વાર્તા, ગીત, સંગીત, અભિનય અને અભિવ્યક્તિ એ શિક્ષણના સાધનો છે.**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અમલીકરણ માટે આપણે સૌ સજ્જ થઈ રહ્યાં છીએ ત્યારે ગિજુભાઈએ બાળશિક્ષણ માટે કરેલું તપ આપણને નિશંક ખપમાં લાગી રહ્યું છે. આ સામ્ય સૂત્રો સિવાય પણ વ્યાપક અને સૂક્ષ્મ દૃષ્ટિથી અભ્યાસીએ તો નવી દિશાઓનો ઉઘાડ ચોક્કસ થઈ શકે તેમ છે. આથી ગાંધીજીએ તેમના માટે કહેલા શબ્દો જાણે અક્ષરસઃ સાચા પડી રહ્યા હોય તેમ લાગે છેઃ **"ગિજુભાઈ વિષે હું લખનાર કોણ ? એમની શ્રદ્ધાએ મને હમેશાં મુગ્ધ કર્યો હતી. એનું કામ ઊગી નીકળશે."**

# ગિજુભાઈની દૃષ્ટિએ
# બાળઉછેરની સમસ્યાઓનું સમાધાન



ડૉ. કૃણાલ પંચાલ
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

શ્રી ગિજુભાઈ બધેકાએ મા-બાપના પ્રશ્નો પુસ્તકમાં જે તે સમયે માતાપિતા દ્વારા પોતાના બાળકના વર્તન અંગે કરેલા પ્રશ્નો તથા પત્રસ્વરૂપે તેમને પુછાયેલા પ્રશ્નોના જવાબો આપ્યા છે. ૧૯૩૫માં પ્રથમ વખત છપાયેલા આ પુસ્તકમાં તે સમયની બોલી, બાળકોનાં નામ, કુટુંબ વ્યવસ્થા, પરંપરાઓ તથા તે સમયના પ્રશ્નો ખૂબ જ ઉત્તમ રીતે રજૂ કરવામાં આવ્યા છે. શ્રી ગિજુભાઈ બધેકાએ દરેક પ્રશ્નનો વાસ્તવિક અને સચોટ ઉકેલ આ પુસ્તકમાં રજૂ કર્યો છે. પુસ્તકમાં માતા-પિતાના કુલ ૫૨ પ્રશ્નો અને તેના જવાબો આપ્યા છે તે પૈકીના પ્રવર્તમાન સમયમાં માતા-પિતાને ઉપયોગી થાય તેવા સવાલ-જવાબ અત્રે રજૂ કરવામાં આવ્યા છે. પુસ્તકના પ્રત્યેક સવાલના જવાબો વાંચતાં જણાય છે કે, શ્રી ગિજુભાઈ બાળકના પક્ષે ખૂબ સ્પષ્ટ છે. દરેક સવાલના જવાબમાં તેમણે બાળકને ક્યાંય અન્યાય કર્યો નથી તેને અનુરૂપ વ્યવસ્થાઓ ગોઠવવા પર ભાર મૂક્યો છે. જે બાળ કેળવણીના ક્ષેત્રમાં તેમણે પ્રાપ્ત કરેલી ઊંચાઈના દર્શન કરાવે છે.

**૧. બાળક સાથે સખતાઈથી રહેવાને કારણે બાળક ખૂબ જૂઠું બોલતું થઈ ગયું છે. જો કડક ન રહીએ તો બાળક માનતું પણ નથી. આ પરિસ્થિતિમાં શું કરવું?**

જવાબઃ જૂઠાણાનું મૂળ ભય છે. વહેલી તકે જ ભયમાંથી બાળકને છૂટું કરવું જોઈએ. આપનું કહેવું ખોટું છે. ધાક અને સખતાઈથી બાળક વશ રહેતું દેખાય છે તે માત્ર ઉપરથી; અંદરથી તો બાળક તમારી સાથે હિંસા કરવાનો જ વિચાર કરતું હશે. સખતાઈ અફીણ જેવી છે. થોડી વાર ઉપરથી ફાયદો દેખાડે છે, વળી તેની અસર ઠંડી પડે છે; એટલે વારંવાર ધાક અને સખ્તાઈનું પ્રમાણ વધારતું જવું પડે છે. પરિણામે બાળક નઠોર બને છે અને કંટાળે છે. ઉપાય એ છે કે હમણાં બાળક સાથે સખતાઈ જરાય ન કરવી. તમારી ધાક બાળકને પેસી ગઈ છે માટે બાળકને બીજા હાથમાં સોંપવું, અને તેને નિર્ભયતામાં મૂકવું. નિર્ભય બાળક જ સાચું બોલે છે.

**૨. બાળક અમુક જ કપડાં પહેરે અને અમુક તેને માટે કરાવ્યાં હોય છતાં ન પહેરે, તો શું કરવું?**

જવાબઃ બાળકને પરાણે અણગમતાં કપડાં પહેરાવવાં જ નહિ, પણ તે શા માટે નથી પહેરતું તેની તપાસ કરવી. બાળકની ઇચ્છાને માન આપવું જરૂરી છે, તેમજ તેની ઇચ્છાનાં કારણો તપાસી તેમાંનાં કયાં બરાબર છે ને કયાં નથી જોઈને તેની સાથે કામ લેવું યોગ્ય છે. બાળકોને કપડાં સંબંધે ઝીણી ઝીણી મૂંઝવણો અને અગવડો હોય છે; ખાસ કરીને શારીરિક અનુકૂળતા એ બાળક માટે મુખ્ય વાત હોય છે. માટે તેમના શરીરને ફાવે તેવાં કપડાં છે કે નહિ તે જોવું. તેમને અમુક અમુક રંગ અને રૂપનો શોખ હોય છે. ઉપયોગી કપડું આવા રંગો અને રૂપો સાથે તે ઝટ લે છે. આપણી દૃષ્ટિએ જે કપડું પહેરાવવા માગતાં હોઈએ તેની બાળકની પસંદગી-રુચિ મારફત પહેરાવીએ તો આપણી મુશ્કેલી ટળી જાય છે. બાળક ઘણીવાર ઉપયોગિતાની દૃષ્ટિ સમજી શકે છે, તો પણ રૂપ, રંગ, આકાર વગેરે તેની દૃષ્ટિ તેના ઉપર સવાર થઈને આડે આવે છે. માટે બાળકની અને આપણી વચ્ચે સમાધાનથી ચાલવું એ જ ઉત્તમ માર્ગ છે.

**૩. બાળક માંદું હોય અને ન ખાવા જેવી ચીજ માગે તો આપવી? તેનું મન દુખાય તેનું શું?**

જવાબ : ના, ન આપવી. તે માંદું છે ત્યાં સુધી આપણે તેના વૈદ છીએ, અને તેને બદલે આપણને નિર્ણય કરવાનો અધિકાર છે. માંદગીમાં તેની સ્વતંત્ર ઇચ્છાને વશ જ થવું એમ નથી. તેનું મન ન દુભાય તેવી રીતે આપણે ના પાડવી. એકને બદલે ગમી જાય તેવું ખાવાનું આપીને ના પાડવી. માંદગીમાં શરીર સાચવવા જતાં મનને વધારે

આઘાત ન થઈ બેસે તે બરાબર ધ્યાન રાખી સાચવીને ના ભણવી; અર્થાત્ પ્રેમથી 'ના' પાડવી યોગ્ય છે. તેમજ સત્તા છે માટે કર્કશતાથી નહિ, પણ મુલાયમપણે અને તેના જ બનીને ના પાડવી. માંદગીમાં અયોગ્ય વસ્તુની હા પાડવાથી બાળક રાજી થશે, પણ તેની ભયંકરતા આપણે સમજાવી પડશે. તંદુરસ્તી મેળવ્યા પછી લાંબે વખતે જ્યારે બાળક પોતે 'ના' નું મહત્ત્વ સમજશે ત્યારે ઊલટું આપણા માટે વિશ્વાસ અને માન ધરાવશે.

**૪. બાળક અંગૂઠો કે આંગળાં ચૂસે છે તો શું કરવું?**

જવાબઃ આ ટેવ પડવાનાં ઘણાં કારણો છે; તેથી નુકસાન પણ છે. તે ટેવ અટકાવવા માટે બાળકનો હાથ મોઢામાં ન જઈ શકે તેવી ગોઠવણ કરવી જોઈએ. આખો હાથ, અંગૂઠો અને આંગળાં કોથળીમાં રાખવાં અથવા મોં તરફ હાથ ન જાય તે માટે હાથને દાબ બાંધવો. બાળક જ્યારે જ્યારે મોંમાં આંગળાં નાખે ત્યારે ત્યારે તેનાં આંગળાં કે અંગૂઠો મોઢામાંથી હળવેથી લઈ લેવાં. અંગૂઠે કડવી દવા કે એવું નિર્દોપ છતાં કડવું ચોપડવું. વારંવારની સક્રિય કાળજીથી એક વાર પડેલી ટેવ ધીમે ધીમે જશે. કહેવાથી, ધમકાવવાથી, ઉપદેશ આપવાથી કે લાલચ દેવાથી આવી કુટેવ નથી જતી કેમ કે બાળક ટેવને આધીન થઈ ગયેલું હોય છે. પોતે ધારે કે અંગૂઠો મોંમાં ન નાખવો જોઈએ તોપણ હાથ એની મેળે મોંમાં જાય છે; રાત્રે ઊંઘમાં હોય તો પણ અંગૂઠો મોમાં જ જાય છે. માટે જ પડેલી ટેવ ઉલટાવવામાં અવળી ક્રિયા વારંવાર કરાવવી; પણ તે ધીરજ અને શાંતિથી, બાળકનો કશોય વાંક કાઢ્યા વિના. બાળક મોટી ઉમરનું થઈ ગયું હોય તો તેને અંગૂઠો ચૂસનારના દાંત કેવા બગડી જાય છે, મોઢું કેવું કુરૂપ થઈ જાય છે તેની વાત કરવી ને તેવાં ચિત્રો બતાવવાં, પણ મુખ્ય આધાર તો ટેવ ઉલટાવવા ઉપર રહેશે.

**૫. મારી પુત્રીને ગણિતના આંકડાઓ યાદ રહેતા નથી; વારેવારે તે ભૂલી જાય છે. તો તેની યાદદાસ્ત નબળી હશે? શું કરવું?**

જવાબઃ જો બાળકના મગજમાં કંઈ ખાસ ખામી ન હોય તો સામાન્ય રીતે દરેક બાળકની યાદદાસ્ત સાધારણ રીતે સારી હોય છે. યાદદાસ્તનો નિયમ આ પ્રમાણે છે. આપણને જેમાં રસ હોય છે તે યાદ રહે છે અને જેમાં રસ નથી હોતો તે ભૂલી જઈએ છીએ. ભય અથવા પ્રીતિ બંનેથી આ રસ ઉત્પન્ન થાય છે. રસનું કારણ વિકાસવૃત્તિ છે. ભય અને પ્રીતિથી ઉત્પન્ન થયેલો રસ જ્યાં સુધી ભય અને પ્રીતિ હોય છે ત્યાં સુધી જ રહે છે. ભય ઉત્પન્ન કરનાર કે પ્રેમ આપનાર દૂર થતાં રસ ઊડી જાય કે ક્ષીણ બને તો તે પ્રમાણમાં સ્મૃતિ પણ ક્ષીણ બને છે. પણ જ્યારે વિકાસને લીધે માણસ પોતે જે કાંઈ મેળવે છે, તે જ્યાં સુધી વિકાસ તેને સ્પર્શે છે ત્યાં સુધી તેને યાદ રહે છે. વિકાસની ગતિ વધવા સાથે નવા રસો અને સ્મૃતિપ્રદેશ વધતા જાય છે. આપના બાળકને ગણિતના આંકડા યાદ રહેતા ન હોય તો ગણિત શીખવવાનો આગ્રહ હમણાં ન રાખો. તેને બીજી જે ઘણી બાબતો યાદ રહી શકે છે તે બાબતો દ્વારા તેના વિકાસની યોજના અથવા ભણતરની રચના કરો. એક નાના બાળકનો વિકાસ અનેકવિધ હોય છે. આપણે બારીક નજરે તેનો રસ ક્યાં ક્યાં છે તે જોઈને તેના રસને પોષે તેવું વાતાવરણ તેને આપવું. રસપોષણ સાથે જ રસ સાથે જોડાયેલા વિષયો સંબંધે માહિતી યાને જ્ઞાન બાળક સહેજે સમજશે. તમે આ દૃષ્ટિએ બાળકને જોશો, ને તેને અનુકૂળતા કરી આપશો.

**૬. મારા બાળકને ગાતાં ખૂબ સારું આવડે છે. પરંતુ કોઈ મહેમાન આવે કે કોઈ બેસવા આવે, ત્યારે ગાવાનું કહું છું તો ગાતો નથી. તેમ જ બીજાં બધાં કાર્યોમાં પણ એવું જ કરે છે. કોઈ આવે ત્યારે કામ કરે નહિ. આનું શું કારણ હશે?**

જવાબઃ આ માતા-પિતાને નમ્રતાથી ચેતવણી આપું છું કે તેમણે બાળક પાસે મહેમાન સમક્ષ ન ગવરાવવું કે ન મહેમાનને ખુશી કરવા. તેની પાસે જાતજાતનાં આવડતનાં પ્રદર્શનો કરાવવાં જ નહિ. બાળકની આવડતનું પ્રદર્શન બાળક પોતાની આવડતથી જાણીતું

થાય છે ને તેથી તેને અભિમાન આવે છે. તેનામાં સરખામણીની વૃત્તિ આવે છે; તેનામાં પોતે ચડિયાતું છે ને બીજાં હલકાં છે એવી વિચાર- સરણી ઊભી થાય છે. ટૂંકમાં તે અંતર્મુખ મટી બહિર્મુખ થાય છે. આથી તેનો અંતઃપ્રાણ મરી જાય છે. બાળકોને જે કાંઈ આવડતું હોય તેનો આનંદ તેમની આવડતમાં રહેલો છે. બીજાને બતાવીને તેઓને આનંદ લેવાની જરૂર ત્યારે પડે છે કે જ્યારે તેઓની સ્વતઃ આનંદ લેવાની વૃત્તિ આપણે વખાણ કરીને બગાડી મૂકીએ છીએ.

બાળકો સ્તુતિ પણ માગતાં નથી ને નિંદા પણ માગતાં નથી. તેઓ પોતાના વિશેની સ્તુતિનિંદા જાતે કરી શકે છે. અને બંનેમાં આનંદ લઈ શકે છે. જાતને ઓળખવી એ તમામ ધર્મોનું લક્ષ્ય છે. સ્વાભાવિક સ્થિતિમાં કેળવણી લેતાં બાળકોમાં જાતને ઓળખવાની શક્તિ સ્વતઃ ખીલતી આવે છે. એ જાત ઉપર જ્યારે આપણી જાતનું વાતાવરણ આપણાં સારાંનરસાં ધોરણોનો વિવેક, આપણી પસંદગી કે નાપસંદગી, વગેરે ઠોકી બેસાડીએ છીએ ત્યારે બાળક આત્મલક્ષી મટી પરલક્ષી બને છે અને આત્મજ્ઞાનના માર્ગથી દૂર દૂર જાય છે. આ બધાંનું મૂળ આપણે બાળક પાસે તેની આવડતનું પ્રદર્શન કરાવીએ છીએ તેમાં જ છે. બાળકો આપણે માટે કે મહેમાનો માટે શા સારુ જીવે?

આપણે બાળકો મારફત આપણું અભિમાન તૃપ્ત કરવા માગીએ, આપણી અપૂર્ણતા પૂરી કરવાનો પ્રયત્ન કરીએ, આપણી ખામીઓ ઢાંકવા માગીએ, તો જરૂર આપણે બાળક ઉપર ચિડાવું જ પડે. પણ એમાં ખરી રીતે તો આપણે આપણી ઉપર જ ચિડાઈએ છીએ. જો બાળક બીજી શાળાઓમાં રહીને સ્પર્ધા, પરીક્ષા વગેરેનાં તત્ત્વોમાં ઊછર્યો હોત તો તે પોતાના ગુણોની દુકાન જરૂર માંડત ને તમને રાજી કરત. પણ તમે બાળક પાસે શું માગો છો ? સ્વાભાવિકતા કે કૃત્રિમતા ? સ્વતંત્રતા કે પરતંત્રતા? સત્ય કે દંભ?

બાળક તમારા કહેવાનો અનાદર કરે એમાં હું એની કેળવણીની ખામી નથી જોતો. જ્યાં માબાપ બાળકોની વૃત્તિની સ્વાભાવિકતાની બહાર જઈને તેમની પાસે આજ્ઞાધીનપણું ચાહે તો તેમને નિરાશ થવું જ પડે. આજ્ઞાપાલક થવું અને સ્વત્વની હાનિ થવા દેવી એ બે એક વસ્તુ નથી. આપણે બાળકને આજ્ઞાધીન કરવામાં તેના તેજને હણીએ નહિ તેમ ખોટી આજ્ઞાઓ કરીકરીને બાળકમાં આપણી આજ્ઞા વિષે અનાદર અને અશ્રદ્ધા ઊભાં કરીએ નહિ.

**૭. બાળક મોંઘાં રમકડાં તોડી નાખે છે તો શું કરવું?**

જવાબઃ રમકડાની અંદર શું છે ? તેની આંતરિક રચના કેવી છે? તે જાણવાની જિજ્ઞાસાથી બાળકો રમકડાં તોડતાં હોય છે. બાળક ક્યારેક પોતાના ભાઈબંધ કે માતા-પિતા પરનો ગુસ્સો રમકડાં તોડીને ઠાલવતું હોય છે. દબાયેલી વૃત્તિનોએ પ્રત્યાઘાત છે. જે રમકડામાંથી જ્ઞાન મળતું નથી કે આનંદ મળતો નથી એવા વિશેષતા વગરના રમકડાને બાળક નાખી દે છે, તોડી ફોડી નાખે છે. આથી માતા-પિતાએ બાળકની વૃદ્ધિને અનુરૂપ ચીવટપૂર્વક સારાં રમકડાં અપાવવાં જોઈએ, અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિ મળશે તોપણ બાળક રમકડાને હાથ નહિ લગાડે.

**૮. બાળક ખૂબ હઠે ભરાય છે, ગુસ્સો કરે છે તેનો ઉપાય શો?**

જવાબઃ બાળક હઠે ભરાય ત્યારે તેની તરફ ઉગ્ર ન બનવું. તેની હઠ ખોટી હોય તો નમતું પણ જોખવું. સાથોસાથ ચહેરા પર ઉગ્રતાનો, ચિંતાનો કે ક્રોધનો ભાવ જરા પણ ન આવવા દેવો. બાળકને સાચી-ખોટી વાત સમજાય તે ખૂબ મહત્ત્વનું છે. હઠે ચડેલા બાળકના વર્તનની અપેક્ષા પણ ન કરવી કે તેને મનાવવા ખોટા કાલાવાલા પણ ન કરવા. સ્વસ્થતાપૂર્વક તેની પીઠ થાબડી શાંત રાખવાનો પ્રયત્ન કરવો. શાંત થયા પછી તેની મશ્કરી ન થાય તેની પણ કાળજી રાખવી.

**૯. બાળક સતત કંઈક ને કંઈક કર્યા જ કરે છે, વધુ પડતો એક્ટિવ રહે છે. તેના વર્તનને નિયંત્રણમાં રાખવા શું કરવું?**

જવાબઃ માતા-પિતાને લાગે છે કે બાળકો ખૂબ તંગ કરે છે. બાળક પ્રવૃત્તિ વિના રહી શકતું નથી એ સત્ય સમજવું. બાળકને વિકાસલક્ષી સાધનસામગ્રી અપાવવી અને તેની પ્રવૃત્તિમાં માતા-પિતાએ સહભાગી થવું. દરેક ઘરમાં બાળક માટે ખૂણો હોવો જોઈએ. જ્યાં એ તેની બધી વસ્તુઓ ગોઠવી શકે. વડીલોએ આ ખૂણા પર સહેજ પણ આક્રમણ ન કરવું એ હિતાવહ છે.

**૧૦. બાળક ઘરનાં કામોમાં જોડાવા માંગે છે તો શું એને જોડવું જોઈએ ?**

જવાબઃ બાળકને નાના મટી જલદી મોટા થઈ જવાની હોંશ હોય છે. તેથી ઘરનાં કામો મોટાની જેમ જ કરવાની તાલાવેલી થાય છે. તેને સંતોષવા બાળકને કેટલાંક કામ સોંપી શકાય. જેમ કે જમતી વખતે આસન પાથરવા, ઘરનો અમુક ભાગ સાફ કરાવવો, ફળિયામાંથી કચરો લેવડાવવો, તુલસીક્યારાને પાણી પિવરાવવું, મહેમાનો આવે ત્યારે તેને પાણી આપવું વગેરે. બાળક ભૂલ કરે તો તેને દોરવણી આપીને ભૂલ સુધારી શકાય, પરંતુ બાળક ઘરકામમાં જોડાવા માંગે છે તો તે સમસ્યા નથી સારી વાત છે તેમ માનવું.

**૧૧. બાળક રમતી વખતે ખૂબ ગંદું થાય છે તેને અટકાવવા શું કરી શકાય ?**

જવાબઃ સ્વતંત્રતા બાળકનું ઇચ્છિત તત્ત્વ છે. રમતી વખતે બાળક પૂર્ણ સ્વતંત્રતા ઇચ્છે છે. કારણ કે એમાંથી એને આનંદ મળે છે. એ આનંદનું મૂલ્ય એને કપડાની જાળવણી કરતાં અનેક ગણું વધુ હોય છે. આપણે પંચમહાભૂતના બનેલા છીએ અને આ પંચમહાભૂત એટલે પૃથ્વી, જળ, વાયુ, અગ્નિ અને આકાશ. તેથી સ્વાભાવિક રીતે જ આ તત્ત્વો પ્રત્યે મનુષ્યમાત્રનું આકર્ષણ હોય છે. બાળકોને રેતી, માટી, પાણી, હવા, પ્રકાશ કેમ વધારે ગમે ? એ રહસ્યને માતા-પિતાએ બરાબર સમજવું જોઈએ. બાળક પાણી અને માટીના મિશ્રણમાંથી બનતી જાત-જાતની આકૃતિઓ દ્વારા પોતાની કલ્પના શક્તિ અને સર્જન શક્તિનો એકસાથે વિકાસ કરી શકે છે. બાળકનું રમતાં-રમતાં ગંદું થવું એ સોનાને કચરો લાગવા જેવું છે. કચરો કાઢી નાખો એટલે પુનઃ સોનું સોનું જ રહેતું હોય છે.

મિત્રો, બાળકોની સમસ્યાઓ અનેક પ્રકારની હોય છે માત્ર આટલી જ નહીં..! આ પ્રશ્નોનો ઉત્તર માત્ર એક જ છે અને એ છે આપણા બાળકને ઓળખવું, આપણા બાળકમાં રસ લેવો અને ઘરની તમામ પ્રવૃત્તિ બાળકને કેન્દ્રમાં રાખીને કરવી. આપણી દિનચર્યામાં બાળકને સ્થાન આપીએ બાળક આપણું ભવિષ્ય છે તો તેને ઘડવામાં આપણો વર્તમાન આપવો જ રહ્યો..!

**આજનો જુવાન હૃદયની આસ્તિકતાને વધારે નમતો થયો છે અને ધર્મનું મધ્યબિંદુ બહાર શોધવાને બદલે માનવીના અંતરમાં શોધવા લાગ્યો છે, તેમાંથી સાચી આસ્તિકતા જરૂર આવવાની છે.**

**- શ્રી નાનાભાઈ ભટ્ટ**

# ગિજુભાઈ બધેકાના શિક્ષણચિંતનમાં બાળ મનોવિજ્ઞાન



સંશોધનકર્તાઃ
ડૉ. નિષાદ ઓઝા
મો. ૯૯૯૮૪૨૧૬૧૮

**પ્રસ્તાવના**

સંક્રાંતિ કાળમાંથી પસાર થઈ રહેલ હાલના શિક્ષણ માટે ગિજુભાઈ બધેકાનું શિક્ષણદર્શન આજે પણ પથદર્શક સમાન છે. એમાંય એમના શિક્ષણચિંતનમાં રજૂ થયેલું શૈક્ષણિક અને બાળ મનોવિજ્ઞાન ઘણું રોચક, રસપ્રદ અને અત્યારના સમયનાં મા-બાપને અને શિક્ષકોને ઉપકારક નીવડે તેવું છે, જે પૈકી કેટલીક બાબતોને આપણે તારવીએ.

**ઓછું ભણેલ માતા અને શિક્ષિત પિતા**

ગિજુભાઈ બધેકાએ મા-બાપના પ્રશ્નો સંદર્ભે એક નોંધમાં જણાવ્યું છે કે માતા નિરક્ષર હોય કે ઓછું ભણેલ હોય અને પિતા શિક્ષિત, સમજદાર હોય ત્યારે બાળકોના સંદર્ભમાં વિખવાદ થાય એ સ્વાભાવિક છે. આવા સંદર્ભે શું કરવું જોઈએ તે જણાવતાં શ્રી ગિજુભાઈ કહે છે કે આવી પરિસ્થિતિમાં ઉતાવળા થવાની જરૂર નથી. સામસામે તો ન જ પડવું, કારણ કે સંતાનો તો બન્નેનાં છે. આ બાબતમાં શિક્ષણ વિષયક અજ્ઞાન દૂર કરવાનો પ્રયત્ન સતત ચાલુ રાખવો જોઈએ. બાળકોનું હિત કરવા સારું જે વધારે સમજુ છે તે શાંતિથી અને પ્રેમથી અન્યને સમજાવે. બાળકના હિતનો વિચાર જે બરાબર કરી શકતા હશે તે સ્ત્રી કે પુરુષની કેળવણીનો માર્ગ યોજી, ત્યાં સમાધાન માની રાહ જોશે, કારણ કે તેની સામે આબાલવૃદ્ધ સૌની કેળવણીના સનાતન સિદ્ધાંતો જ સદૈવ રહેશે.

**નિશાળે જવા અણગમો કરતાં બાળકો**

ગિજુભાઈને મા-બાપ ક્યારેક એવું પૂછે કે બાળકને નિશાળે જવાનો અણગમો છે. નિશાળે જવાનું કહી અગાશીમાં બે-ત્રણ કલાક સંતાઈ જાય છે. પણ બાળસાહિત્ય વાંચવામાં રુચિ રાખે છે. તો એને પરાણે શાળામાં મોકલવું કે કેમ ? આટલા મોટા પ્રશ્નનો જવાબ ગિજુભાઈ એક જ વાક્યમાં આપે છે "નહિ જ મોકલવાનું, કેમ કે ઘરમાં પણ બાળક ભણે જ છે ને." આપણા હાલના સમયમાં પણ આ બાબત ધ્યાને લેવા જેવી છે.

**ગૃહકાર્ય**

બાળકોને જો જમ્યા પછી જ ગૃહકાર્ય કરવાનું ફાવતું હોય અથવા ન ફાવતું હોય તોપણ આપણે મા-બાપ તરીકે એને ગૃહકાર્ય કરીને જ જમવું એવો નિયમ બનાવી આપીએ તો એ સખત નિયમ છે કે કેમ ? આ સંદર્ભે ગિજુભાઈ જણાવે છે કે આ નિયમ સખત જ કહેવાય. તેઓ જણાવે છે કે ગૃહકાર્ય થઈ જવું તે બાળકના હાથમાં નથી. આવડી જવું એ પણ બાળકના હાથમાં નથી. વધતી-ઓછી શક્તિને લીધે ધાર્યા પ્રમાણે ગૃહકાર્ય ન થઈ શકે. ગૃહકાર્ય કરે તે જમે, તે નિયમ અત્યંત સખત અને દુષ્ટ છે. આવો નિયમ માત્ર ઉપલક રીતે જ લાભદાયી બની શકે, બીકને લીધે બાળક ગૃહકાર્ય કરી આપશે, પણ તેનો લાભ બીક છે ત્યાં સુધી જ ટકી શકશે. દેખીતા લાભદાયી પરિણામ ઉપરથી પદ્ધતિની યોગ્યતાનો નિર્ણય થઈ શકે નહિ.

**બાળકની જૂઠું બોલવાની આદત વિશે**

મા-બાપની જોહુકમીને કારણે બાળકમાં જૂઠું બોલવાની આદત આવી જાય છે. મા-બાપ એવું માને છે કે આવી સખતાઈ ન રાખીએ તો બાળક ગાંઠે જ નહિ. આ સંદર્ભે ખૂબ જ ગંભીરતાપૂર્વક ગિજુભાઈ કહે છે કે જૂઠું બોલવું એ ભયનું જ પરિણામ છે અને સખતાઈનું આવું પરિણામ આવવું સ્વાભાવિક છે. એટલે વહેલી તકે બાળકને ભયમાંથી મુક્ત કરવું જોઈએ. સખતાઈથી બાળક માત્ર દેખાવપૂરતું જ વશ થાય છે. અંદર તો એ એનું ખૂન કરવાનું વિચાર કરતું હોય. સખતાઈ બાળકને નઠોર

બનાવે છે. એટલે ઉત્તમ સ્થિતિ એ છે કે જે મુરબ્બીથી બાળકના મનમાં ધાક પેસી ગઈ છે એનાથી બાળકને દૂર કરવું જોઈએ. બાળકને બીજાના હાથમાં સોંપવું જોઈએ અને તેને નિર્ભયતામાં મૂકવું જોઈએ. નિર્ભય બાળક જ સાચું બોલે છે.

### બાળકને ક્યાં ભણાવવું ? એ સંદર્ભે મા-બાપના આગ્રહો

ક્યારેક એવું બને છે કે પિતા એમ કહે છે કે બાળકને ગામઠી શાળામાં મૂકવું છે અને સામે માતા એમ કહે કે એને મૉન્ટેસોરી કે કિંડરગાર્ટનમાં મૂકવું છે. આ બાબતે ગિજુભાઈ કહે છે કે પિતા તરીકે જો બાળકના ભણતરમાં તમે રસ ન લેતા હોવ તો તેની માતા કહે ત્યાં જ તેને મૂકવું જોઈએ. ગામઠીમાં નહિ. બન્ને પક્ષે જો સખત વાંધો પડે તો બન્નેમાંથી ડાહ્યા માણસે છોડી દેવું. આવી બાબતોથી ઘરમાં કલેશ લાવવો અને એ વાતાવરણમાં બાળકોને ઉછેરવાં એના કરતાં માતા અગર પિતા બેમાંથી એકનું ધાર્યું થવા દેવું અને બીજા પક્ષે પ્રેમ અને નમ્રતાથી પોતાની વાત મૂક્યા જ કરવી એ સારું છે.

### સાત વર્ષની ઉંમરનું બાળક શાળાએ ન જાય તો ?

કેટલાંક માતા-પિતાનાં બાળકોની એવી ફરિયાદ હોય છે કે બાળક સાત વર્ષનું થયું છતાંય શાળાએ જતું નથી તો શું કરવું ? ગિજુભાઈ બહુ જ સ્પષ્ટપણે કહે છે કે ન મોકલવું. પરાણે મોકલવાથી બાળક ભણશે જ નહિ. સાત વર્ષનું થઈ જાય ને શાળાએ ન જાય તો કંઈ ખોટ જશે નહિ. દુનિયાની નિશાળો બંધ કરી દો તો પણ બાળકને નુકસાન જવાનું નથી, ઊલટું આજની નિશાળો બંધ થઈ જાય તો જ ઘણો ફાયદો સમજવો.

બાળક નિશાળે ન જાય તો તેનાં કારણો તપાસવાં. નિશાળ ખરાબ છે ? બાળકને કોઈ મુશ્કેલીઓ છે ? બાળકને શાળાએ જવાના આપણા તરફથી થતા વધારે પડતા આગ્રહને લીધે શાળા પ્રત્યે તેને અણગમો આવ્યો છે ? શાળાની ખોટી બીક પેસી ગઈ છે ? ઘરનો વધુ પડતો પ્રેમ છે ? બા કે બીજું માણસ આડકતરી રીતે તેને ઘરે રાખવાના મતનું તો નથી ને ? ઘરમાં મળતું જ્ઞાન સંપૂર્ણ નથી થઈ ગયું ?

### અક્ષરના ઉચ્ચારણની સમસ્યા

કેટલાંક બાળકો સ,ષ,ળ અક્ષરોનું ઉચ્ચારણ શુદ્ધ નથી કરતાં. તો ગિજુભાઈ કહે છે કે આનો ઉપાય ધીરજથી અને બાળકને હેરાન કર્યા વિના કરવો. આનું કારણ એ છે કે બાળકની આજુબાજુની ભાષાનું વાતાવરણ એટલું શુદ્ધ અને સ્પષ્ટ નથી. આ માટે સારી રીત તો એ છે કે જે શબ્દોમાં સ, ષ, ળ અક્ષરો આવતા હોય તે તેની પાસે આખા ને આખા બોલાવવા. પણ એ બોલાવતાં પહેલાં તેને એવા શબ્દો લાંબા વખત સુધી સંભળાવવા. ભાષાશુદ્ધિનો આધાર, પાયો કાન છે. ભાષાનું વહન મોં છે. મોંને તૈયાર કરવા કરતાં કાનને કેળવવો વધારે ઠીક પડશે.

'ળ'નો ઉચ્ચાર ઘણાં બાળકો 'ડ' અને ઘણાં 'ર' કરે છે. તેનું કારણ આજુબાજુનું વાતાવરણ છે. એ માટે એક ઉપાય શુદ્ધ શ્રવણ અને બીજો મદદગાર ઉપાય ભાષા વ્યાકરણનો છે. તે એ છે કે જીભને વાળીને તાળવાના મધ્ય ભાગમાં લેવરાવી ત્યાંથી ઉચ્ચાર કરાવવાથી 'ળ' ઉચ્ચાર નીકળશે.

### બાળકોનાં કૌશલ્ય અને કેળવણી વિશે

એક મા-બાપે ગિજુભાઈને એવો પ્રશ્ન પૂછ્યો કે "મારો દીકરો બહુ જ ઠોઠ છે. માસ્તર રાખ્યા છે છતાં મગજશક્તિ ખૂબ જ ઓછી છે. શરીર એકવડું પણ મજબૂત છે. રમતગમતનો બહુ શોખીન અને એક્કો છે. પોળના છોકરાઓમાં આગેવાન જેવો છે. આમ, ભણવામાં પણ આગેવાન થાય તે માટે હું શું કરું ?"

ગિજુભાઈની સમજણ એ માટે એવું કહે છે કે માસ્તર રાખવાથી મગજશક્તિ ઓછી થઈ જાય છે. માટે માસ્તર રાખવા નહિ. તેનો રમતગમતનો શોખ કેળવાવા દો. આગેવાની લેવાનો જુસ્સો ભણતરથી

નરમ પાડવો નહિ. શેરીમાં જે ક્રિયાશક્તિ અને સહપ્રવૃત્તિ કેળવાય છે તે પુસ્તક વાંચવાથી કેળવાતી નથી. ભણતર એટલે વાંચવું, લખવું અને હિસાબ કરવા. માણસ તે ગમે ત્યારે શીખી શકે છે, પરંતુ જે વયે બાળક પોતાની મેળે જ સાહસ, હિંમત, ચપળતા, સમયસૂચકતા વગેરે ગુણો કેળવવા માંગે છે, તે વયે જો આપણે આડે આવીએ તો તે કાયમનું અપંગ બને છે અને મોટું થતાં ગમે તેટલું ભણેલું થાય તો પણ ક્રિયાહીન અને શક્તિહીન થાય છે. મોટા ભણેલા કાંઈ જ કામ કરી શકતા નથી અને દરેક સાહસની બાબતમાં પાછા પડે છે. તેનું કારણ નાનપણમાં તેમની તે શક્તિ મા-બાપ અગર શિક્ષકે વિકસવા દીધી હોતી નથી.

**મા-બાપની બાળકો માટેની જવાબદારી**

કોઈએ ગિજુભાઈનો પ્રશ્ન કરેલો કે બાલશિક્ષણમાં મા-બાપ રસ લેતાં થાય અને બાળકો પ્રત્યે પોતાની જવાબદારી સમજતાં થાય તે જાતની તેમને કેળવણી આપવાની નિશાળ કે યોજના છે?

જવાબ આપતાં ગિજુભાઈ કહે છે કે જો મા-બાપ પોતે જ કેળવવા માંગતાં હોય તો તેઓ ઘણું કરી શકે એમ છે. જેમ કે...

(૧) તેઓ બાલશિક્ષણ અને બાલસાહિત્ય ઘરે બેઠાં વાંચે. દરરોજ થોડો વખત તો આવા વાચન પાછળ કાઢે જ કાઢે.

(૨) તેઓ દરરોજ થોડો વખત બાળકો સાથે વાતો કરે. તેમને વાર્તા કહે, તેમની સાથે રમે. બાળકો સાથે વસવાથી બાળકના માનસનો અને માનસશાસ્ત્રનો ઉત્તમ અભ્યાસ થાય છે.

(૩) કોઈ પણ બાલમંદિરમાં ચાલતું કામકાજ જોવા દર અઠવાડિયે એકાદ આંટો મારવા જાય અને બાલશિક્ષકો બાળકો સાથે કેવી રીતે કામ પાર પાડે છે તે જુએ. તેમાંથી તેમને ઘણું શીખવાનું મળશે.

(૪) કોઈ બાલશિક્ષણની કે બાલશિક્ષણ અધ્યાપન મંદિરની સંસ્થામાં એકાદ મહિનો રહેવું અને બાળશિક્ષણની આરાધના કરવી.


**ઉપસંહાર**

ઉપર્યુક્ત બાબતો ગિજુભાઈનું એ શિક્ષણ મનોવિજ્ઞાન ચિંતન પ્રતિબિંબિત કરે છે કે જેમાં મા-બાપનાં બાળકો સંદર્ભના પ્રશ્નો ચરિતાર્થ થાય છે. એના ગિજુભાઈએ આપેલા જવાબો તેમના બાળમાનસમાં પ્રખર જ્ઞાતા તરીકેના વ્યક્તિત્વને ઉજાગર કરી આપે છે.

## આગામી અંકની થીમ

**શિક્ષકો અને માતાપિતાને માટે**

**NCFFS - 2022**




**NCFFS-2022એ શિશુ શિક્ષણનો આધારભૂત દસ્તાવેજ છે. આગામી સમયમાં તેને આધારે ભારતમાં શિશુશિક્ષણની સ્થિતિમાં આમૂલ પરિવર્તન થશે. જેમાં શિક્ષકો અને માતાપિતાને સંબોધીને ખૂબ જ અગત્યની બાબતો રજૂ કરવામાં આવી છે. આગામી અંકમાં શિક્ષકો અને માતાપિતાને દિશાદર્શન મળે તે રીતે આ દસ્તાવેજની સંક્ષિપ્ત પ્રસ્તુતિ થશે.)**

# શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન
## પાયાની કેળવણીની તીર્થભૂમિ



ડૉ. હરેશ પંડ્યા
મો. ૯૯૯૮૯૩૪૨૭૯

ઈ.સ. ૧૯૦૫થી ૧૯૧૦ સુધીનો છ વર્ષનો ગાળો કાઠિયાવાડના ઇતિહાસ અને ખાસ કરીને કેળવણીની દિશામાં ચિરસ્મરણીય રહેશે. દેશભરમાં એ વખતે અરવિંદબાબુના નેતૃત્વ નીચે રાષ્ટ્રીય કેળવણીની હાકલ થતી હતી. મહારાષ્ટ્રમાં ફર્ગ્યુસન કૉલેજના પાયા નખાતા હતા, તો મદ્રાસ બાજુથી થિયોસોફિકલ સોસાયટીએ દેશીય શિક્ષણને નવો રંગ આપવા માંડ્યો હતો. કેળવણીના પુનરુત્થાનના આ પડઘા કાઠિયાવાડ સુધી અથડાયા હતા. ભાવનગરના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીએ ગુરુકુળ ઊભું કરવાનો વિચાર મૂક્યો તો વડતાલના મહારાજશ્રી લક્ષ્મીપતિપ્રસાદજીએ પણ ગુરુકુળ શરૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. મહારાજ શ્રીમન નથુરામ શર્માનો બિલખા આશ્રમ પણ આ પ્રવાહોથી રંગાયો હતો. આ વિચારોનો પરિપાક એટલે 'શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'.

શ્રીમાન નથુરામ શર્માની પ્રેરણા અને આશીર્વાદ સાથે નાનાભાઈ ભટ્ટ અને હરગોવિંદભાઈ પંડ્યા (મોટાભાઈ) ભાવનગરના દીવાન સર પ્રભાશંકર પટ્ટણીને મળે છે, તેમને અહીં એક સંસ્થા શરૂ કરવાની વાત કરે છે. દીવાન સાહેબ આ વાત સહર્ષ સ્વીકારે છે અને ઈ.સ. ૧૯૧૦ની ૨૮મી ડિસેમ્બરે તખ્તસિંહજી ધર્મશાળા, ભાવનગરમાં કેળવણીની એક નવી જ કેડી કંડારતી સંસ્થા 'શ્રી દક્ષિણામૂર્તિ' વિદ્યાર્થીભવનની સ્થાપના થાય છે.

કેળવણીની પ્રચલિત પદ્ધતિથી નાનાભાઈ સંતુષ્ટ ન હતા. આ ક્ષેત્રે મૂળમાંથી સુધારા કરવાની તેમને જરૂર જણાઈ અને આ દિશામાં તેમણે પ્રયત્નો શરૂ કર્યા. નાનાભાઈના આ કાર્યને ખરો વેગ તો ત્યારે મળ્યો જ્યારે ૧૯૧૬માં ગિજુભાઈ બધેકા તેમની સાથે જોડાયા. દક્ષિણામૂર્તિને ગિજુભાઈ મળ્યા અને તેના મારફતે ગુજરાતને 'મુછાળી મા' મળી. ૧૯૧૯માં હરભાઈ ત્રિવેદી દક્ષિણામૂર્તિમાં જોડાયા. આમ પણ સમર્થ કેળવણીકારોએ એક સંસ્થામાં એક સાથે શિક્ષણ પ્રયોગો શરૂ કર્યા. વિશ્વની આ એક બેજોડ ઘટના હતી.

ઈ.સ. ૧૯૧૮માં સંસ્થામાં ઔપચારિક શાળા શરૂ થાય છે, જે વિનય મંદિર તરીકે ઓળખાઈ. ગિજુભાઈ તેના પ્રથમ આચાર્ય બન્યા. ગિજુભાઈના નેતૃત્વ અને નાનાભાઈના માર્ગદર્શનમાં વિનયમંદિર સારી રીતે ચાલતું હતું, સમાજમાં પણ તેની ખ્યાતિ વધતી જતી હતી. પરંતુ ગિજુભાઈને એવું પ્રતીત થયું કે વિદ્યાર્થીઓને વિનયમંદિરમાં ભણાવવાથી કે છાત્રાલયમાં રાખવાથી કામ કાચું રહે છે. તેમને આ કામ છોડના પાંદડે પાણી પાવા જેવું લાગતું હતું. જરૂર તો મૂળને પાણી પાવાની છે. બાળકની કેળવણીએ બાળપણથી શરૂ થશે તો જ સારી કેળવણીનું કામ થશે. ગિજુભાઈ આ બાબતે નાનાભાઈ સાથે ચર્ચા કરે છે, તેઓ પણ આ જરૂરિયાત અનુભવતા હતા. આથી સંચાલક મંડળે દક્ષિણામૂર્તિમાં બાલમંદિર શરૂ કરવાનો નિર્ણય કર્યો.

૧લી ઑગસ્ટ, ૧૯૨૦ના શુભ દિનો બાળશિક્ષણના ક્ષેત્રે યુગપ્રવર્તક ઘટના બને છે એટલે કે 'શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર' ની સ્થાપના થાય છે અને સાથે જ શરૂ થાય છે ગિજુભાઈના બાળકેળવણીના અદ્‌ભુત પ્રયોગો. આ પ્રયોગો સમજવા બાળમંદિરના પ્રથમ સપ્તાહની કામગીરી-અનુભવો જાણવા અત્યંત જરૂરી છે. ગિજુભાઈના શબ્દોમાં જ જોઈએ.

બાલમંદિરનો પ્રથમ દિવસ ચાલીસેક છોકરા છૂટ્યા... ઘરમાંથી છૂટેલાં, શેરીમાંથી છૂટેલાં, ગંદકીમાંથી છૂટેલાં, સંકટમાંથી છૂટેલા બાળકો બાળશાળા ઉપર તૂટી

પડ્યાં. રમકડાં ઉપર તો જાણે તીડનો વરસાદ વરસ્યો. જેના હાથમાં જે આવ્યું તે ઉપાડ્યું. મોટું ધમસાણ મચ્યું. આ અકલ્પ્ય દૃશ્ય જોઈ હું સ્તબ્ધ થઈ ગયો. ન કોઈનાં નામ આવડે, ન કોઈને શિક્ષા કરાય. મારી મૂંઝવણનો પાર ન રહ્યો.

પરંતુ બીજા દિવસે બાળકોને ખિજાયા વિના, ડરાવ્યા વિના રસ્તે લાવવાનાં હતાં અને ગિજુભાઈએ રમતથી શરૂઆત કરી.

છોકરાં રે! બાળકોએ ઝીલ્યું 'હો...રે..!' અને રમત ઊપડી બીજી રમત શરૂ થઈ.

ગણગણ ગોશલો, તેલ-તેલ પળી... આવરે કાગડા કઢી પીવા... બાળકોને રમત ખૂબ ગમી અને તેઓ ગિજુભાઈની નજીક ગયા. ત્યારબાદ ઓરડામાં જુદાં-જુદાં સાધનો પર એકાગ્રતાથી કામે વળગ્યાં અને તે પણ રાજીરાજી.

પછીના દિવસે પણ ચાલ્યું છોકરા રે! હો...રે... અને થોડીવાર પછી ગિજુભાઈ એક ઓરડામાં જઈ શાંતિથી બેઠા, છોકરા પણ આવીને બેઠા અને ગિજુભાઈએ વાર્તા ઉપાડી 'એક હતો કાગડો અને એક હતી કાબર...' બાળકોને રસ પડ્યો. તેમની ચંચળતા સ્થિર થઈ ગઈ. વ્યવસ્થાના નામે ગિજુભાઈને વાર્તાની જાદુઈ ચાવી જડી. વાર્તા બાળકોને સૌથી વધુ પ્રિય છે તે સાબિત થયું.

એક દિવસે બાળકો બાલમંદિર આવ્યાં અને બાગમાં ફરવા લાગ્યાં. ઓરડા બંધ હતા, ગિજુભાઈએ ઓશરીમાં જ એક શેતરંજી પાથરી હતી અને એકલા ત્યાં બેઠા. તેમણે પ્રાર્થના ગાવાની શરૂ કરી. "અમે ચેલા બધી, પ્રભુની પાઠશાળાના" કોઈ કુતૂહલવશ નજીક આવ્યા તો કોઈ બેસીને સાથે જોડાયાં. બાળકો પ્રભુને ભજતાં હતાં તેવું ન હતું, તેમની સામે પ્રાર્થના એટલે શાંતિથી અને સ્વસ્થ શરીરે બેસવું, આંખો બંધ રાખવી અને સાથે ગાવું એટલું જ હતું. કામ કરતાં પહેલાં જે શાંતિની જરૂર છે તે કંઈક અંશે આવી. દિલરૂબા વગાડીને બાળકોના નાજુક કાનમાં (શ્રવણેન્દ્રિય) સંગીતના સૂર પહોંચાડ્યા. નાટ્ય અને અભિનયના પ્રયોગો પણ સફળ રહ્યા. સમૂહમાં રહીને કશીક અર્થપૂર્ણ બાબત સહજતાથી શીખવવા માટે સંગીત સહેલામાં સહેલું અને હાથવગું સાધન છે તે ગિજુભાઈએ સ્વાનુભવે પ્રતિપાદિત કર્યું.

ભાવનગરમાં મહારાજાના સહયોગથી નયનરમ્ય ટેકરી પર બાલમંદિર ચલાવવાનો અવસર પ્રાપ્ત થયો. ૪-૫-૧૯૨૨ના શુભદિને પ્રાતઃ સ્મરણીય પૂ. કસ્તુરબા ગાંધીના વરદ્ હસ્તે ટેકરી પરના ઐતિહાસિક બાલમંદિરનું ઉદ્ઘાટન થયું. ગિજુભાઈને જોઈતું મોકળાશભર્યું અને નૈસર્ગિક વાતાવરણ મળ્યું. સાથે જ ગિજુભાઈ પૂર્ણપણે ખીલી ઊઠ્યા.

"મનોરથ જો સ્વપ્ન મહીં હશે તો,
સિદ્ધિ રૂપે કાર્ય વિશે જ જન્મશે."

કવિશ્રી ઉમાશંકરની આ કાવ્યકંડિકા ગિજુભાઈના બાળશિક્ષણ વિષે તેમણે સેવેલા સ્વપ્નને યથાર્થ ઠેરવે છે.

જ્ઞાનેન્દ્રિયોના વિકાસાર્થે મૉન્ટેસોરી પદ્ધતિનાં સાધનો, જીવનકૌશલોની ખિલવણી માટે જીવન વ્યવહારની પ્રવૃત્તિ, પ્રવાસ, કુદરત દ્વારા શિક્ષણ અને રાત્રીરોકાણ જેવા કાર્યક્રમોથી બાલમંદિર ધમધમવા લાગ્યું. બાળકોની સંખ્યા પણ સારી એવી વધી. સમગ્ર ગુજરાતનાં બાળકોની ચિંતા ગિજુભાઈને થવા લાગી. ગુજરાત પણ ગિજુભાઈના વિચારોને ઝીલવા તત્પર હતું. પરંતુ આ માટે આ પદ્ધતિએ રંગાયેલા શિક્ષકો ખાસ જરૂર હતી. આ ખોટ પૂરવા ૧૯૨૫માં શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિરની સ્થાપના સંસ્થામાં જ થાય છે. ગિજુભાઈ તેના આચાર્ય બન્યા અને તારાબહેન મોડક ઉપાચાર્ય અને ગૃહમાતા બન્યાં.

ધીમે ધીમે બાળ અધ્યાપન મંદિરની ખ્યાતિ વધતી ગઈ અને ગુજરાતના સીમાડા પણ વટાવી ગઈ. અનેક લોકો અહીં તાલીમ લઈ પોતાના વિસ્તારમાં નૂતન કેળવણીનું કાર્ય કરવા લાગ્યા. તેમાં જુગતરામ દવેએ વેડછી આસપાસના આદિવાસી વિસ્તારમાં કામ

શરૂ કર્યું, અમદાવાદમાં શારદામંદિર સંસ્થામાં શ્રી વજુભાઈ દવેએ, તો મધ્યપ્રદેશમાં કાશીનાથ ત્રિવેદીએ અને મહારાષ્ટ્રમાં શેષ નાથલેજીએ અધ્યાપન મંદિરમાં તાલીમ લઈ બાળકેળવણીની આહલેક જગાવી.

બાલશિક્ષણ પણ બાળશિક્ષણનું અગત્યનું પાસું છે. પાયાની કેળવણીની સાચી સમજ સમાજમાં વિસ્તરે તે હેતુથી નૂતન બાલશિક્ષણ સંઘની સ્થાપના થઈ. મૉન્ટેસરી સંમેલનો ભરાવા લાગ્યાં. સમાજનો સહકાર પણ ખૂબ સાંપડવા લાગ્યો. 'બાળકને મારશો નહીં, તેને બિવડાવશો નહીં, તેના સ્વતંત્ર વ્યક્તિત્વનો સ્વીકાર કરો'નાં સૂત્રો ચારેબાજુ ગુંજવા લાગ્યાં. સાચે જ દક્ષિણામૂર્તિ સંસ્થા બાળકેળવણીની તીર્થભૂમિ બની.

નાનાભાઈ નોંધે છે દક્ષિણામૂર્તિમાં જ્યારે બાલમંદિરની શરૂઆત કરી ત્યારે અમે કેળવણીના ક્ષેત્રે હનુમાન કૂદકો માર્યો હતો. આ વિચારનું માન ગિજુભાઈને ઘટે છે. મેં તો દક્ષિણામૂર્તિ સંસ્થાના સ્થૂળદેહનું ઘડતર કર્યું. પરંતુ તેમા પ્રાણ ફૂંકવાનું કાર્ય તો ગિજુભાઈએ કર્યું.

ગિજુભાઈ બાલમંદિરનું સુકાન સંભાળે છે ત્યારે હરભાઈ ત્રિવેદી વિનયમંદિરનું સુકાન સંભાળે છે. તેમના નેતૃત્વમાં સહશિક્ષણ, તરુણોનું શિક્ષણ, સ્વાધ્યાય પદ્ધતિએ શિક્ષણ જેવા પ્રયોગો થવા લાગ્યા. સમાજમાં તેમના કાર્યની સારી એવી છાપ પ્રસરી હતી. સંસ્થામાં એક પ્રકાશન મંદિર પણ શરૂ થયું. જેમાં દક્ષિણામૂર્તિ - ત્રૈમાસિક, 'શિક્ષણપત્રિકા' તથા 'છાત્રાલય' નામનાં ત્રણ સામયિકોનું નિયમિત પ્રકાશન થતું હતું. નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈ વગેરે તેમાં કેળવણી વિષયક લેખો લખતા. આ પ્રકાશન મંદિરને પરિણામે ગુજરાતને મનુભાઈ પંચોલી જેવા સાહિત્યકાર, મૂળશંકર મો. ભટ્ટ જેવા કિશોરકથાઓના અનુવાદક, ન.પુ. બુચ જેવા હાસ્યલેખક, નવી કવિતાના હસ્તાક્ષર સમા કવિ પ્રહ્‌લાદ પારેખ, શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી જેવા ખ્યાતનામ સાહિત્યસર્જકો મળ્યા.

ત્રણેય મહાન કેળવણીકારોએ પોતાના આગવા ચિંતન, અથાક પરિશ્રમ અને સમર્પણ સાથે બે દાયકા સુધી સાથે કામ કર્યું અને કેળવણીના ક્ષેત્રે એક મહાન સંસ્થાનું નિર્માણ કર્યું. ૧૯૩૬માં ગિજુભાઈ અને ૧૯૩૮માં હરભાઈ સંસ્થામાંથી છૂટા થયા. બધા વિભાગો બંધ થવા લાગ્યા અને ફેબ્રુઆરી, ૧૯૩૯મા સંસ્થા લગભગ બંધ થઈ. ફક્ત બાલમંદિરનો દીવડો ટમટમતો રહ્યો.

દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન એ તો પુણ્યશ્લોક મહાત્માઓએ વાવેલો વડલો છે. મહાત્માઓની કર્મનિષ્ઠા, શિક્ષણનિષ્ઠા અને ધર્મનિષ્ઠાના જળથી સીંચાયેલ વડ છે. તે કદી કરમાઈ શકે નહીં. કાળના પ્રભાવ તળે તે ક્ષીણ બને પણ ફરી પૂરી તાકાત સાથે અંકુરિત થવાની તાકાત ધરાવતો આ વડ છે.

૧૯૫૦માં સંસ્થાનું પુનરુત્થાન થયું. જાદવભાઈ મોદી, નારાયણદાસ ગાંધી, સરલાદેવી સારાભાઈ, મનુભાઈ પંચોલી અને તારાબહેન મોડક ટ્રસ્ટી બન્યાં. તારાબહેન મોડક ગિજુભાઈના પુત્ર નરેન્દ્રભાઈ બધેકા અને પુત્રવધૂ વિમુબહેન બધેકાને સંસ્થામાં લઈ આવે છે. શિક્ષણકાર્યની જવાબદારી તેમનો સોંપે છે. દક્ષિણામૂર્તિનો શિક્ષણવારસો તો હતો જ સાથે નરેન્દ્રભાઈ બધેકા થકી રવીન્દ્રનાથ ટાગોરની શિક્ષણની ફિલસૂફી પણ ભળે છે. ફરી બાલમંદિર અને બાલ અધ્યાપન મંદિર ચેતનવંતા થયાં. દક્ષિણામૂર્તિ કુમારમંદિર (પ્રાથમિક શાળા) અને દક્ષિણામૂર્તિ વિનયમંદિર (માધ્યમિક શાળા) શરૂ થઈ. નરેન્દ્રભાઈ બધેકા અને વિમુબહેન બધેકાએ સંસ્થાને લગભગ છ દાયકા સુધી સફળ રીતે ચલાવી અને ફરી ગુજરાતની એક શ્રેષ્ઠ સંસ્થા બનાવી. અનેક લોકોએ તેમાં મદદ પણ કરી.

**"સફળતાને ક્યાં વધારે કશુંયે જોઈએ છે દોસ્તો,**
**નવી દૃષ્ટિ, અડગ વિશ્વાસ ને ઉમંગ હો તો બસ !"**

**॥ બાલ દેવો ભવ ॥**

# ગિજુભાઈની દૃષ્ટિએ શિક્ષણનાં દસ તીર્થધામ



સ્વ. પ્રૉ. અરૂણ યાર્દી

સમગ્ર શિક્ષણની પ્રક્રિયાને કેળવણીકાર શ્રી ગિજુભાઈએ અત્યંત સરળ રીતે મૂકી છે. હૃદય સોંસરવી ઊતરી જાય તેવી વાત છે. માત્ર શિક્ષકે જ નહીં પણ પોતાની જાતને કેળવણી સાથે સંકળાયેલ માનનાર દરેક વ્યક્તિએ પણ પહેલા પોતાની ડાયરીમાં અને પછી પોતાના હૃદયમાં કોતરી રાખવા જેવી વાત છે.

સમગ્ર શિક્ષણનો નિચોડ શ્રી ગિજુભાઈએ થોડાક જ શબ્દોમાં મૂકી દીધો છે.

શિક્ષણ અને શિક્ષણપદ્ધતિ વિષે આટલું ટૂંકું, સચોટ, અર્થપૂર્ણ, માર્મિક લખાણ ભાગ્યે જ જોવા મળશે. જેમણે શિક્ષણને આત્મસાત્ કર્યું હોય, જેમના શ્વાસેશ્વાસમાં શિક્ષણ હોય તે જ વ્યક્તિની કલમમાં આવું ઉત્કૃષ્ટ લખાણ જન્મી શકે. દસ લીટીઓની આ 'શિક્ષણની ગીતા' જ છે. દેખાય છે નાનકડી ગાગર પણ તેમાં ઘૂઘવે છે સાગર. તેના પ્રત્યેક શબ્દ કે પ્રત્યેક વાક્ય પર પુસ્તકોનાં પુસ્તકો લખી શકાય.

શિક્ષણ આમ તો તદ્દન સરળ એવી પ્રેમની પરિભાષા છે પણ આપણે સૌએ તેને કેટલું અઘરું અને ગુંચવાડાભર્યું બનાવ્યું ? શિક્ષણશાસ્ત્રનું લાંબું અને દળદાર થોથું વાંચતાં થાકી જવાય અને ભૂલા પડી જવાય. ગિજુભાઈએ શિક્ષણ જેવું છે, જેવું પોતે અનુભવ્યું છે, તેવું આપણી સામે મૂક્યું.

ચાલો, ગિજુભાઈની સાથે!

ચાલો, આપણે ગિજુભાઈની આંગળી પકડીને શિક્ષણની દસ પંક્તિઓની યાત્રાએ જઈએ અને તેનાં તીર્થધામોમાં પાવન થઈએ.

**પહેલું તીર્થધામઃ**

પહેલી જ વાત અત્યંત પાયાની અને મનોવૈજ્ઞાનિક છે. શિક્ષક હંમેશાં પ્રસન્નચિત્ત હોવો જોઈએ. તે પ્રસન્નચિત્ત હશે તો જ વિદ્યાર્થીઓને પ્રફુલ્લિત કરશે. શિક્ષકનો ચહેરો હંમેશાં આનંદિત અને હસતો હોવો જોઈએ. સ્મિતના માર્ગ પરથી શિક્ષણ આસાનીથી વહેતું થાય છે. શિક્ષકનો ચહેરો ગંભીર અને ફૂલેલો હોય તો તેના જેવું શિક્ષણનું દુર્ભાગ્ય બીજું કોઈ નથી. શિક્ષકનો હસતો ચહેરો શિક્ષણનો માહોલ તૈયાર કરે છે. શિક્ષકનો ચહેરો જોઈને વિદ્યાર્થીમાં જ્ઞાનનો પ્રવેશ થવાનું વાતાવરણ સર્જાવા લાગે છે. શિક્ષણનાં હજારો ઉપકરણો કરતાં પણ શિક્ષકનું એક નિર્દોષ સ્મિત અનેકગણું ચઢિયાતું અને અસરકારક હોય છે. શિક્ષકનું એક સ્મિત વિદ્યાર્થીની અસંખ્ય સમસ્યાઓનો ઉકેલ હોય છે. શિક્ષકના સ્મિતની ક્ષિતિજ પર વિદ્યાર્થીની શ્રદ્ધાનો ઉદય થતો હોય છે. પ્રસન્નચિત્ત રાખવું અને મુખ પર સ્મિત રાખવું એ શિક્ષણનો ધર્મ અને શિક્ષણનો મર્મ છે.

**બીજું તીર્થધામઃ**

જ્યારે શિક્ષકના મુખ પર ગરવું અને નિર્દોષ સ્મિત હોય ત્યારે શિષ્યમાં ભક્તિભાવ જાગે છે. સવાયો ગુરુ મળતાં શિષ્યના હાથ નમસ્કાર માટે જોડાઈ જ જાય. ગુરુના આશીર્વાદથી શિક્ષણના વહેણનો માર્ગ મોકળો થાય છે.

**ત્રીજું તીર્થધામ઼ઃ**

જે વ્યક્તિ શિષ્યની સૌથી નજીક હોય તે જ સાચો અને કાયમી શિક્ષક. શિષ્યનું હૃદય જીતી લેવાથી જ શિક્ષણ અપાય અને ગ્રહણ થાય. 'ખબરઅંતર પૂછીશ' એટલું જ

કહીને ગિજુભાઈએ ઘણું બધું કહી દીધું છે. આજે શાળા-કૉલેજોમાં વિદ્યાર્થીઓ મોટાં ફોર્મ ભરીને પોતાની માહિતી આપે છે. છતાં તેમના ખબરઅંતર તો કોઈ પૂછતું જ નથી- જે ખબરઅંતર પૂછે તે ફી તરીકે, હજારો, લાખોની ફી લઈ જ ન શકે. આજે મોટાં મોટાં મકાનો છે, એ.સી. છે, કમ્પ્યૂટર છે- ખોટ છે એક જ વાતની- વિદ્યાર્થીઓના ખબરઅંતર પૂછનારું કોઈ નથી- વિદ્યા આપવાની એક સૌથી મોટી લાયકાત 'ખબરઅંતર પૂછવા' તે છે.

**ચોથું તીર્થધામઃ**

વિદ્યાર્થીઓમાં બાહ્ય સ્વચ્છતાનું નિર્માણ એ પણ શિક્ષણનું મહત્ત્વનું લક્ષણ છે. કપડાં, આંખો, નખ સાફ હોવાની સાથે સાથે વિદ્યાર્થીની ભાષા અને ટેવો પણ સ્વચ્છ હોય એવું અભિપ્રેત છે. વિદ્યાર્થી ગુટકા ખાતો હોય તો વાંક સિસ્ટિમનો છે. સ્વચ્છતાના તખતા પર વિદ્યા આગમન કરે છે.

**પાંચમું તીર્થધામઃ**

''આંખો મીંચી શાંત બેસીએ''- બહુ મોટી વાત કરી નાખી. શાંતિ એ વિદ્યાની સ્વાભાવિક નીપજ છે. આજનું શિક્ષણ ટેન્શન, ચિંતા, અશાંતિને જન્મ આપે છે. તો પછી એને 'શિક્ષણ' કહેવાય ? 'ચાલો, શાંત બેસીએ' એમ કહેવાની તાકાત અને ક્ષમતા માત્ર શિક્ષણની જ છે. કમનસીબે આજે શિક્ષણ અને શાંતિ વિરોધી શબ્દ બની ગયા છે. આંતરિક સૌંદર્યનું દર્શન કરાવે તે શિક્ષણ. આંતરિક સૌંદર્યને જોવા આંખો ખુલ્લી રાખવાનો શો અર્થ ? બંધ આંખે અંદરનાં રહસ્યો ઉદ્‌ઘાટિત કરવા એ શિક્ષણનો ધર્મ છે.

**છઠ્ઠું તીર્થધામઃ**

શિક્ષણની મહત્ત્વની ફરજ એ છે કે શિષ્યને આ સૃષ્ટિ ચલાવનાર અકળ અને અજ્ઞાત શક્તિનો પરિચય થાય. માતા સરસ્વતીના તેજની ઝાંખી થાય. તેથી અહીં 'ભજન ગાવા'ની વાત કરે છે. ભજન ઈશ્વરની મહત્તા અને માનવીની અલ્પતાનો સંકેત કરે છે. વિદ્યા પ્રાપ્ત કરવાની આ પૂર્વશરત છે. 'વાર્તા' રસપ્રદ શિક્ષણનું સૂચન કરે છે. શિક્ષણ એ ભાર કે બોજ નથી પણ આનંદનો ઉત્સવ છે. વિદ્યાર્થીને વિદ્યાલયમાં આકર્ષવા માટે શિક્ષણને બને તેટલું હળવું, રસાળ અને આનંદદાયક બનાવવું જોઈએ.

**સાતમું તીર્થધામઃ**

આનંદ અને ગમ્મતમાં 'અભ્યાસ' તો કેન્દ્રસ્થાને જ રહેવો જોઈએ. શિક્ષણપ્રથાએ અભ્યાસ થાય તેની ચિંતા કરવી જોઈએ. અહીં કડકાઈની વાત નથી. 'હસીને હું તેમને કહીશ' ખૂબ જ સૂચક શબ્દો છે. આગ્રહ પ્રેમપૂર્વકનો હોય તો સંપૂર્ણપણે પળાય છે. અને પ્રેમપૂર્વકનો ન હોય તો જ જમાદારની જરૂર પડે છે. શિક્ષણવ્યવસ્થા વિદ્યાર્થીઓ પાસે ફરજો પળાવનારું 'પોલીસખાતું' નથી પણ તેમના હકોનું જતન કરનારું 'ન્યાયતંત્ર' છે.

**આઠમું તીર્થધામઃ**

''જેઓ પાઠ કરીને લાવ્યા હશે તેમને બીજાને શીખવવા મોકલીશ'' આમ કહીને ગિજુભાઈએ સમાજસેવા તરફ ઈશારો કર્યો છે. શિક્ષણનું પરિણામ સેવા જ હોવું જોઈએ. શિક્ષણ કદી સ્વાર્થને જન્મ ન આપે પણ સેવાને જન્મ આપે. જેની પાસે 'છે' તેના તરફથી પ્રવાહ જેની પાસે નથી તે તરફ લઈ જવામાં શિક્ષણની બહુ મોટી ભૂમિકા છે. શિક્ષણ 'Haves' ને 'Have nots' તરફ લઈ જાય.

**નવમું તીર્થધામઃ**


સાચું જ્ઞાન ભારેખમ નહીં પણ હળવાફૂલ બનાવે. પાઠ પૂરા કર્યા પછી અહીં 'પરીક્ષા'ની વાત નથી

પણ 'રમવા'ની વાત છે. પરીક્ષાના ભારથી પાઠ ભૂલી જવાય અને રમવાના ઉત્સાહથી પાઠ યાદ રહે. આ ખૂબ મોટું મનોવૈજ્ઞાનિક સત્ય છે. અહીં શિક્ષક પોતે પણ વિદ્યાર્થીઓ સાથે 'રમવા'ની વાત કરે છે. વિદ્યાર્થીનો સૌથી મોટો દોસ્ત અને સહયોગી શિક્ષક છે. તે વિદ્યાર્થીઓને માત્ર રમાડતો નથી તેમની સાથે રમે પણ છે. શિક્ષણને આનંદ ઉત્સવ બનાવવાનો આ ઉત્તમ માર્ગ છે.

**દસમું તીર્થધામઃ**

આ બધું કર્યા પછી એટલે કે સારી રીતે વિદ્યા પ્રાપ્ત કર્યા પછી બાકી શું રહે ? પ્રભુનો આભાર. વિદ્યાપ્રાપ્તિને સિમેન્ટથી મજબૂત કરવા માટે પ્રાર્થના જેવું બીજું કોઈ નથી- વિદ્યા અહંકારને દૂર કરે છે અને અહંકાર પ્રાર્થનાથી જ દૂર થાય છે.

આમ આ નાનકડા વર્ણનમાં ગિજુભાઈએ શિક્ષણનાં મૂળ તત્ત્વોને સરળતાથી કહી દીધાં છે. શિક્ષણ કદી 'પહેલાનું' અને 'હમણાંનું' હોતું નથી. શિક્ષણ એ શિક્ષણ જ હોય છે. જેવી રીતે માતા હંમેશાં માતા જ રહે તે રીતે વિદ્યા એ હંમેશાં વિદ્યા જ રહે. તેનાં મૂળતત્ત્વો ભૂલવાથી અધઃપતન થાય છે અને યાદ રાખવાથી પ્રગતિ થાય છે.



**દક્ષિણામૂર્તિ બાલમંદિરના સંગીતવર્ગનું દૃશ્ય**

# બાળક્રીડાંગણો

**લેખકો : ગિજુભાઈ બધેકા અને તારાબહેન મોડક**



ડૉ. સી.ટી. ટૂંડિયા
મો. ૯૮૨૪૮૨૫૫૬૧

"બાળક્રીડાંગણો" પુસ્તિકા ગિજુભાઈ બધેકા અને તારાબહેન મોડક દ્વારા સંયુક્ત રીતે લખવામાં આવી છે. જે પુસ્તિકાને સુધારો કરી નરેન્દ્ર ગિજુભાઈ બધેકા, ભાવનગરે પ્રકાશિત કરેલી છે. જેની કિંમત ચાર આના છે. જેને પહેલી વાર મે-૧૯૨૮, બીજી વાર માર્ચ-૧૯૨૯, ત્રીજી વાર ફેબ્રુઆરી-૧૯૩૦ અને ચોથી વાર ડિસેમ્બર-૧૯૫૫માં પ્રકાશિત કરવામાં આવેલી છે. જેનું મુદ્રણ રેવાશંકર હરિશંકર જાની શ્રી ગ્રામલક્ષ્મી પ્રિ. પ્રેસ સોનગઢ (સૌરાષ્ટ્ર) દ્વારા કરવામાં આવેલું છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં પાયાની સાક્ષરતાના અંકશિક્ષણ (FLN Foundation Learning Numeracy) પર ભાર મૂકવામાં આવેલ છે, જો આ બાબતને અતિ ગંભીરતાથી લઈએ તો ગિજુભાઈ બધેકાના સાહિત્યને સ્પર્શ કરવો જ રહ્યો. સાંપ્રતકાળમાં જો ગિજુભાઈને ભૂલી ગયા તો સમજવું કે તે બાળકેળવણી માટે કઠોરાઘાત હશે.

જેમના બાળસાહિત્યમાં આંકણીથી લઈને લપસણી સુધીના આનંદનું તત્ત્વ રહેલું છે. ધૂડી નિશાળ, કિન્ડરગાર્ટન અને મૉન્ટેસોરી શાળાઓનો જેમાં ઉલ્લેખ કરવામાં આવેલો છે. જેમાં સૃષ્ટિદર્શન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. મનુષ્યજીવન અને મનુષ્યપ્રકૃતિનો પરિચય તથા ક્લાવિષયક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓના વિકાસની વાતો સહજ રીતે મૂકવામાં આવી છે. જેમાં મુખ્યત્વે ઇંદ્રિયોની શાસ્ત્રીય કેળવણી પર ભાર મૂકવામાં આવેલો છે. બાળક્રીડાંગણની પ્રવૃત્તિ ઉન્નત વાતાવરણ નિર્માણ કરવાની છે.

આજે પણ હજી ધૂડી નિશાળો ચાલે છે. ત્યાં બાળકો જાય છે ને હજી પણ માબાપોને સંતોષ આપે તેવું ભણતર ભણે છે. ધૂડી નિશાળના મહેતાજીઓ પોતાનો કક્કો ખરો છે એમ છાતી ઠોકીને કહે છે. તેઓ કહે છે : "મોંપાટ પૂછો; બાળકો કડકડ બોલશે. આંકનાં પલાખાં લખાવો; તડતડ લખી આપશે. કક્કો ને બારાખડી લખાવો; એક પણ ભૂલ વિના લખી આપશે.

ગોખાવીગોખાવીને જ ભણાવવાની અને ઘૂંટાવી-ઘૂંટાવીને જ શીખવવાની પદ્ધતિ સરકારી શાળાના શિક્ષકોને પણ ખૂંચે છે. જેઓની સામે શાળાના વાતાવરણનો, સારા શિક્ષકોને ભણવાની રીતનો નિર્મળ અને કંઈક ઊંચો ખ્યાલ છે.

ધૂડી નિશાળ પછી કિન્ડરગાર્ટન શાળાઓ નીકળી. ત્યાં સમજુ માબાપોનાં બાળકો જવા લાગ્યાં ને જાય છે. પણ એ શાળાઓની સંખ્યા એકંદરે થોડી છે, તે છે ત્યાં શહેરોમાં છે. ધૂડી નિશાળ જ્યારે સ્વયંભૂ અને ખર્ચ વિનાની શાળા છે ત્યારે આ શાળા શહેરમાં આવેલી અને ખર્ચાળ છે; તેથી તે સંખ્યામાં થોડી જ છે, અને એ સ્વાભાવિક છે.

મૉન્ટેસોરી શાળાઓ તો ગણીગાંઠી છે. દરેકેદરેક શહેરમાં પણ તે નથી. બેશક શરૂઆતમાં તે ખર્ચાળ છે; તે સારો કુશળ શિક્ષક માગે છે. તેમાં સંખ્યાબંધ બાળકોને અવકાશ નથી. ૫૦થી ૬૦ બાળકોની એક શાળા જ સારી ચાલી શકે. તેને ફતેહમંદ કરવાના ઘણા ઉપાયો ચાલુ જ રહેવા જોઈએ. તેનાં પરિણામો ઘણાં સુંદર આવે છે, પરંતુ તેની પાછળ ઘણો જ શ્રમ અને આવડત બન્ને જોઈએ છે. પણ આ બન્ને આપણાં બાળકો અને ભાવિ પેઢી માટે આપણે કેળવવાં જોઈએ. જે પદ્ધતિ બાળકને સ્વાતંત્ર્ય આપે તેવી પદ્ધતિ આપણા દેશને માટે તો અનિવાર્ય જ હોય. જે પદ્ધતિ મનુજ આત્માનું સન્માન કરે, જે મનુષ્યના અંતરમાં રહેલી શક્તિઓના વિકાસને અનુકૂળતા કરી આપે તે જ મનુજ આત્માને ઊંચે શિખરે જવા દઈ શકે; તે જ

આપણી ભાવિ પેઢીને જગતની સાથે ઊભા રહેવા અને પોતાની મહત્તા સિદ્ધ કરવા શક્તિમાન કરી શકે.

મૉન્ટેસોરી શાળા એટલે એક શબ્દમાં 'સ્વતંત્ર' શાળા. સ્વતંત્રતા જોઈતી હોય તેવા દેશમાં એવી શાળા સ્થળે સ્થળે સ્થપાવી જ જોઈએ; તેની પાછળ ખર્ચના પ્રશ્ન ન હોય. એક દિવસ એવો આવવો જોઈએ કે જ્યારે દરેક ગામડે મૉન્ટેસોરી શાળા પડેલી હોય.

આપણે સ્થળેસ્થળે 'બાળક્રીડાંગણો' સ્થાપવાં જોઈએ. બાળશાળાઓ, બાલમંદિરો વગેરે બાળકોને બીજી બાબતો સાથે અંક અને અક્ષરનું જ્ઞાન આપે છે, તેથી તેમને શાળા અને મંદિરો કહીએ. બાળક્રીડાંગણો દરેકેદરેક ગામમાં જોઈએ. મોટું શહેર હોય ત્યાં દરેકે દરેક લત્તામાં જોઈએ.

આ ક્રીડાંગણોનો ઉદ્દેશ આ પ્રમાણે રાખવો :-

''ત્રણથી સાત વર્ષનાં એટલે પ્રાથમિક શાળામાં જવા યોગ્ય થાય ત્યાં સુધીની ઉંમરનાં બાળકોને શેરીની વિવિધ બદીમાંથી બચાવી લેવાનો; તેમજ માબાપના અતિ લાડમાંથી અથવા બેદરકારીમાંથી અથવા જોહુકમીમાંથી અથવા ઘરના અયોગ્ય વાતાવરણમાંથી છોડાવવાનો, તેમજ બાળકની ખીલતી જતી ક્રિયા અને મનને પાક એવું કેળવણીની દૃષ્ટિએ રચેલું સુખી અને તંદુરસ્ત વાતાવરણ અને ક્રિયાઓ આપવાનો.''

જે બાળકો સારી મૉન્ટેસોરી શાળા કે સારી કિન્ડરગાર્ટન શાળામાં જતાં હોય તેઓ આ શાળામાં ન આવે, કારણ કે ઉક્ત શાળાઓને 'ક્રીડાંગણો' કરતાં વધારે ઊંચા દરજ્જાની લેખવામાં આવે છે. ઇંદ્રિયવિકાસ તથા મનોવિકાસનાં શાસ્ત્રીય સાધન છે; ત્યાં વધારે કુશળ શિક્ષકને માગીએ છીએ.

આવા ક્રીડાંગણે દરેક ગામની ભાગાળે ને ગામડું હોય ત્યાં પાદરે સ્થાપવાં જોઈ એ. ગામનાં બાળકો ત્યાં એકઠાં થાય અને શિક્ષક તેમને જુદી જુદી પ્રવૃત્તિએ આપે. 'બાળક્રીડાંગણો' એટલે માત્ર રમત- ગમતનાં સ્થળો નહિ; તે તેવાં ન જ બનવાં જોઈએ. તેની પ્રવૃત્તિની મર્યાદા છે તેમ તેની પ્રવૃત્તિનું અમુક ચાક્કસ વિધાન પણ રહેવું જોઈ એ. ક્રીડાંગણની સામાન્ય પ્રવૃત્તિઓ આવી રાખવી જોઈએ.

પહેલી પ્રવૃત્તિ અંગરક્ષણ અને સ્વચ્છતાપ્રેરક પ્રવૃત્તિઓ ગણાય જેવી કે :

૧. હાથ-મોં ધોતાં શીખવવું.

૨. કપડાં પહેરતાં શીખવવું.

૩. વાળ, આંખ, નાક, કાન, વગેરે સ્વચ્છ રાખતાં શીખવવું.

૪. દાંત સ્વચ્છ રાખતાં શીખવવું.

૫. ગંદા તથા ફાટલાં કપડાં સારાં નથી તે તરફ ધ્યાન ખેંચી સુરુચિ કેળવવી.

બીજી પ્રવૃત્તિ અંગબળ અને સ્ફૂર્તિ તથા આંનદ માટેની કસરતો અને રમતો છે. આ રમતોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય :

૧. રેતીનો અખાડો જેમાં બાળકો દોડે, કૂદે, આળોટે ને પડ્યાં રહે.

૨. દોડવા અને ઠેકવા-કૂદવા માટેનાં મેદાનો.

૩. ચડવા ઊતરવા માટેની નિસરણીઓ.

૪. કવાયત.

૫. શેરીની લોક રમતો.

નાની વયમાં બાળકના શરીરને ઘડવા લઈ એ.શરીર એ પાયો છે; એના ઉપર આખી ઇમારતનો આધાર છે.એ જ ખરું અને પહેલું ભણતર છે. બાળકો પ્રાથમિક શાળામાં જઈ કક્કા વગેરે શીખે તે પહેલાં તેમનાં શરીરો બળવાન થઈ જવાં જોઈ એ. ક્રીડાંગણોમાં આ બાબત પર ખાસ ભાર આપવો જોઈએ.

ત્રીજી પ્રવૃત્તિ તે બાળકને સામાજિક જીવન ગાળવા માટે લાયક કરવાની છે. બાળકને પોતાના ઘરમાં પણ ઘરના સમાજમાં રહેતાં અને જીવતાં શીખવું પડે છે; ત્યાંથી આગળ વધીને તેને શાળાના અને શેરીના સમાજમાં જીવવાની જરૂર પડે છે; ત્યાંથી આગળ વધતાં તેને ધીરે ધીરે મોટા સમાજમાં જવાનું છે. નાનાં બાળકોને કેટલીએક આવી તાલીમ આપીએ.

૧. સફાઈથી કેમ ચાલવું.

૨. કેમ બેસવું.

૩. કેવી રીતે બીજા સાથે અદબથી વાત કરવી.

૪. કેવી રીતે બીજાની વસ્તુ માગવી.

૫. કચરો વગેરે કયાં નખાય.

૬. એકબીજાને કેમ બોલાવાય.

૭. એકબીજાની ચીજાને કેમ માન અપાય.

બાળક્રીડાંગણનાં બાળકો માટે શરીરવિકાસ સાથે બુદ્ધિવિકાસની યોજના જોઈએ. બાળક્રીડાંગણોમાં અક્ષરજ્ઞાન કે રીતસરનું અંકજ્ઞાન ન આપવું એ નિયમ જ જોઈએ. નહિતર તો એ સ્થળો થોડા જ વખતમાં અધકચરી કોઈ પણ પ્રકારની શાળા જ બની જાય. પણ તે સિવાય પણ બુદ્ધિના વિકાસના પ્રબંધ થવા જોઈએ. આ માટે બાળમનને રુચિકર એવી પ્રવૃત્તિઓ ગોઠવવી જેવી કે

૧. વાર્તાઓનું કથનશ્રવણ.

૨. ગીતો અને કવિતાઓનું કથનશ્રવણ.

૩. આદર્શ વાચન.

૪. ચિત્રોનું દર્શન.

૫. થોડી ઘણી મોઢાની ગણતરી.

કુદરતનો પરિચય એટલે નિસર્ગની જે સુંદર કૃતિઓ છે તેનો પરિચય. આકાશ, બાગ, વન, ડુંગરા, નદી વગેરે તેમ જ પશુઓ, પંખીઓ, પતંગિયાં, જીવડાં વગેરે જોવાથી બાળકની અવલોકનશક્તિ ખીલે છે. તેથી ઇંદ્રિયોનો વિકાસ થાય છે તે સાથે તેમાં મનેવ્યાપાર ચાલે છે તેથી બુદ્ધિની કેળવણી મળે છે. આ બધાનો પરિચય બાળકને ભવિષ્યનાં મોટાં કામો કરવામાં મદદગાર થાય છે. એની ઊંડી ઊંડી છાપ કોઈના સાહિત્યમાં, કોઈની કળામાં, કોઈના ઉદ્યોગમાં, કોઈની વૈજ્ઞાનિક શાધખોળમાં આગળ જતાં ઉપયોગી થાય છે. બાળક અજાણપણે પણ સમર્થ કર્તાની સૃષ્ટિનું દર્શન અને પરિચય કરી તેની મહત્તાનું ભાન કરે છે. એની સાર્થકતા ભવિષ્યમાં થાય છે. બાળક્રીડાંગણ એક નવીન શાળા છે; એનો કાર્યક્રમ પણ નવીન પ્રકારનો છે. એ કાર્યક્રમ એટલે આજની શિક્ષણની નવી દષ્ટિએ બાળવિકાસ માટે જે વસ્તુનો અનિવાર્ય સ્વીકાર કર્યો છે તે છે. એટલે જ તો સૃષ્ટિદર્શનને ક્રીડાંગણમાં મહત્ત્વનું સ્થાન સમજવું. ફરવા જવું વગેરેથી પ્રાકૃતિક ભૂગોળનું પ્રત્યક્ષ જ્ઞાન થાય તે તો એમાં આવી જતી જ વાત છે. આ કુદરતના પરિચયને આપણે આ પ્રમાણે કાર્ય કરી સિદ્ધ કરી શકીએઃ-

૧. બાળકોને ફરવા અગર નાનામોટા પ્રવાસે લઈ જવાં.

૨. બાળકો માટે પ્રાણી ઉછેરની યોજના કરવી. તેમને ગલૂડિયાં, બકરીનાં બચ્ચાં, સસલાં વગેરેના પરિચયમાં મૂકવાં.

૩. બાગકામનો થોડો પરિચય આપવો; બાળકો નાના ક્યારા કરે, તેમાં નાના છોડ ઉછેરે; ઉપરાંત રાઈ, મેથી કે એવાં બિયાં નાખીને પણ ઉગાડે, પાણી પાય અને સાચવે.

વળી બાળકને મનુષ્યજીવન તથા મનુષ્ય કૃતિના પરિચયની તેટલી જ આવશ્યકતા છે. તે માટે તેને નીચે જેવાં જુદે જુદે સ્થળે ફેરવવું ઘટે છે. આમ કરવાથી તેની દૃષ્ટિ વિશાળ થશે અને સમાજમાં બીજાઓ અને બીજાઓની પ્રવૃત્તિ સાથે કેવી રીતે પોતે સંકળાયેલું છે તેનો તેને ધીરેધીરે ખ્યાલ આવશે.

૧. કુંભારીકામ.

૨. સુતારીકામ.

૩. લુહારીકામ.

૪. ગ્રામ ઉદ્યોગો.

૫. શહેરના બાળકને શહેરના ઉદ્યોગો બતાવવા.

વળી જેમ બૌદ્ધિક વિકાસનાં બીજો આપણે બાળક્રીડાંગણ દ્વારા નાખવા માગીએ છીએ તેમજ કલાવિષયક અગર સર્જનાત્મકવૃત્તિ વિકાસક અને પોષક બીજો પણ નાખવાં જોઇએ. અર્થાત્ એ વૃત્તિને આગળ આવવા અનુકૂળતા કરી આપવી જોઈએ. એ માટેની કેટલીએક દિશાસૂચક પ્રવૃત્તિઓ :

૧. રેતીના કૂબા.

૨. માટીનાં રમકડાં બનાવવાં.

૩. કાગળ કાપવા.

૪. મલેખાંનાં રમકડાં બનાવવાં.

૫. તકલી કાંતવી.

૬. સાદું સીવણ.

છેલ્લે અને છતાં સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ તે ઇંદ્રિયોની તૈયારી છે. ઇંદ્રિયોની શાસ્ત્રીય કેળવણીની યોજના અહીં છોડી દીધી છે, પરંતુ તેનો વિચાર છોડી શકાય નહિ. ઇંદ્રિયો જ્ઞાનનાં સાધનો છે, હથિયારો છે અને તેને પણ જેટલાં ઘસીને તેજ કરી શકાય તેટલાં કરવાં ઘટે છે. બાળક્રીડાંગણમાં તેને પણ અવકાશ આપીએ છીએ. ઇંદ્રિયોના વ્યાપારો ચાલતા થઈ જાય એટલા માટે ઇંદ્રિયોના વિષયોનો પરિચય અને સંજ્ઞાઓ બાળક આગળ આવી જવાં જોઈએ. એટલે ક્રીડાંગણમાં સામાન્યતઃ બાળક પાસે શિક્ષકે રંગનો અને રૂપનો ખ્યાલ મૂકવો.

બાળક નાનું મોટું, ઊંચુ નીચું, ખરબચડું સુંવાળું, ઊનું ઠંડું, લાંબું ટૂંકું, ભારે હળવું, વગેરેના તેમ જ લાલ પીળા વગેરે રંગોના ભેદો સમજે તેવી સમજણ શિક્ષકે આપવી. ક્રીડાંગણમાં અગર બહાર જે સ્વાભાવિક સામગ્રી પડેલી છે તેના ઉપયોગ શિક્ષકે આ કાર્ય માટે સાધન રૂપે કરવાનો છે.

બાળક્રીડાંગણની એક બીજી પ્રવૃત્તિ પણ છે ને તે ઉન્નત વાતાવરણની. ક્રીડાંગણ રમતનો અખાડો નથી, શિક્ષણની શાળા નથી, ભાષા કે ભૂગોળ શીખવવાની જગા નથી. ખરી રીતે એ સંસ્કાર- ભૂમિ છે. બાલમન ઉપર ઘરમાં નહિ પડેલા અગર કાચા પડેલા સંસ્કારોને મૂકવાના છે, તે તેને દૃઢ પણ કરવાના છે. નાની ઉંમરમાં જે છાપ પડી તે પડી; કુમળી ડાળ વળી તે વળી; પાકે ઘડે કાંઠા ચડતા નથી. એ બધી કહેણીમાં ઘણું સત્ય છે. નાની ઉંમરમાં પડેલી છાપ ઉંમર સાથે વધતી જાય છે. સારી-માઠી છાપો મોટા પ્રમાણમાં સારી-માઠી થઈ ને ઊભી રહે છે. મોટપણ એટલે નાનપણનો વિસ્તાર કે મોટું રૂપ. માટે નાનપણમાં જે સંસ્કાર પડયા તે જ સાચા.

આ માટે ક્રીડાંગણોમાં સારી વ્યવસ્થા જોઈશે. બાળક્રીડાંગણ એટલે સ્વચ્છતાનો નમૂનો. બાળક્રીડાંગણ એટલે મનની અને તનની વાજબી સ્વતંત્રતાનું સ્થળ. બાળક્રીડાંગણ એટલે બાળકોને પરસ્પર હળવા મળવાનું અને મૈત્રી કેળવવાનું સ્થાન. ક્રીડાંગણ એટલે શિક્ષકો અને બાળકોના પ્રેમનો સુસંગમ. બાળક્રીડાંગણ એટલે સ્વાભાવિક ધર્મ અને સુનીતિનું વાતાવરણ.

આવાં બાળક્રીડાંગણો એટલે માત્ર મેદાનો નહિ. આ બાળક્રીડાંગણો એટલે ઘર અને શાળા વચ્ચેના પૂલો. ક્રીડાંગણના ઉદ્દેશ પ્રમાણે ત્યાં ઘટતી સામગ્રી જોઈએ. અહીં કેટલીએક દાખલારૂપ આપી છે :-

૧. ઘડિયાળ.

૨. ઘંટ.

૩. પાણી પીવાની વ્યવસ્થા.

૪. હાથ ધોવા માટે પાણીની બાલદીઓ અને ટુવાલો.

૫. અરીસા અને દાંતિયા.

૬. પગલૂછણાં.

૭. ટોપી, કોટ વગેરે મૂકવા માટેની ખીંટીઓ.

૮. કાળું પાટિયું ને ચાક.

૯. દડા, ગેડીઓ વગેરે રમતનાં સાધનો.

૧૦. પાથરણું.

૧૧. મકાન સ્વચ્છ રાખવાની સામગ્રી.

આ સિવાય પણ બાળક્રીડાંગણની પ્રવૃત્તિ ચલાવવા જે જે સામગ્રી જોઈ એ તે વસાવવી.

આ ક્રીડાંગણ એટલે એક નવા પ્રકારની શાળા. તેનો શિક્ષક હર કોઈ ન થઈ શકે. તેનામાં મોન્ટેસોરી શિક્ષકની આવડત ન હોય તો ચાલે, તે સિનિયર કે એવા ટ્રેઇન્ડ શિક્ષક જ જોઈએ એમ પણ નહિ. છતાં તે ગમે તે રસ્તે ચાલ્યા જતા માણસ તો નહીં જ પાલવે. ક્રીડાંગણ એટલે માત્ર ઢોરોને પૂરવાના ડબ્બા જેવી બાળકોને એકઠાં કરી અમુક વખત પૂરી રાખવાની જગા નહિ; તેમ તેમને આમ કરો ને તેમ કરો, એમ વગર સમજ્યે કહેવા અને

કરવાનું સ્થાન પણ ન નહિ. એમ તો એ શિક્ષણની એક શાળા છે. ત્યાં જેમ બાગવાન કૂંડામાં ઊછરતા છોડોને કાળજીથી, સંભાળથી, યોગ્ય ખાતરપાણી આપી ઉછેરે છે, તેમ તેના સંચાલકે આ નાની વયનાં કુમળાં બાળકો માટે કરવું પડશે. આ કામ માટે શિક્ષકોને તૈયાર કરવા જોઈએ. જો સરકારની કે પ્રજાની એવી મરજી હોય કે મારી પ્રજાનું એક પણ બાળક શેરીમાં રખડશે નહિ તેમ ઘરમાં ગોંધાશે નહિ, તો સખ્યાબંધ બાળક્રીડાંગણો તેણે સ્થાપવાં જોઈએ. એ સંખ્યા એની ખરી ભાવિ આબાદીની નિશાની છે. એમ કરશે તે સરકાર આજથી પોતાનો અને પ્રજાના દૃઢ પાયો નાખે છે. આવી સરકારે કે પ્રજાએ શિક્ષકો કેળવી લેવા. મોન્ટેસોરી શિક્ષકોને તૈયાર થતાં વાર લાગે; તેમના દરજ્જા પ્રમાણે તેની કિંમત પણ વધે છે. આપણે તો સંખ્યાબંધ બાળક્રીડાંગણનાયકો જોઈએ છે; તે બધા કાંઈક સોંઘા હોય તો જ પ્રયોગ ચાલી શકે. દરેક સરકાર શિક્ષકો તૈયાર કરવા માટે અધ્યાપનમંદિર ખોલે;

**બાલકીડાંગણની પ્રવૃત્તિઓઃ**

**પગથિયું પહેલું**

સામાન્યતઃ ઉંમર ૩ થી ૫ વર્ષનાં બાળકો માટે,

પ્રવૃત્તિ પહેલી

૧. હાથમોં ધોતાં શીખવવું.

૨. કપડાં પહેરતાં શીખવવું.

૩. ગંદાં તથા ફાટલાં કપડાં તરફ ધ્યાન ખેંચી સુરુચિ કેળવવી.

૪. વાળ, આંખ, કાન, નાક, દાંત, હાથ, પગ, વગેરે સ્વચ્છ રાખતાં શીખવવું.

**પ્રવૃત્તિ બીજી**

૧. રેતીના અખાડામાં દોડવું, કૂદવું, આળોટવું.

૨. ખુલ્લા મેદાનમાં દોડવું.

૩. નિસરણી ઉપર ચઢવું, ઊતરવું.

૪. સાદી કવાયત.

૫. લપસવું ને ઝાડે ચડવું.

૬. લોકબાળરમતો.

૭. હીંચકો.

**પ્રવૃત્તિ ત્રીજી**

૧. કેમ ચાલવું, કેમ બેસવું, કેમ પ્યાલા મૂકવા.

૨. કેમ વાતચીત કરવી-સભ્યતાનું ભાન.

૩. કચરા સાફસૂફ .

૪. ખોબે પાણી કેમ પીવું, કેમ પાવું.

૫. હાથમોં ધોતાં શીખવવું.

**પ્રવૃત્તિ ચોથી**

૧. વાર્તા.

૨. લોકબાળગીતો કથન—શ્રવણ .

૩. બાલકવિતા કથન—શ્રવણ.

૪. ચિત્રદર્શન.

૫. આદર્શ વાચન.

૬. ગણવું

**પ્રવૃત્તિ પાંચમી**

૧. કુદરતનો પરિચયઃ

૨. ફરવા કે પ્રવાસ દ્વારા.

૩. પ્રાણીઉછેર દ્વારા.

૪. બાગકામ દ્વારા.

**પ્રવૃત્તિ છટ્ઠી**

સામાન્ય મનુષ્ય-જીવનપરિચય

૧. કુંભારીકામ.

૨. સુતારીકામ.

૩. લુહારીકામ.

૪. સોનીકામ.

૫. મોચીકામ.

૬. ઘાંચીકામ.

૭. ખેતરકામ.

૮. ખેતીકામ.

૯. ખળાકામ વગેરે ગ્રામોદ્યોગો.

**પ્રવૃત્તિ સાતમી**

૧. સર્જનાત્મક પ્રવૃત્તિ

(ક) રેતીના કૂબા.

(ખ) માટીકામ

(ગ) સીવણકામ,

(ઘ) તકલી.

(ચ) કાગળ કાપવા.

(છ) કાપેલા કાગળના ગોઠવીને સંગ્રહ કરવા.

(જ) મલોખાંની રમતો.

**પ્રવૃત્તિ આઠમી**

વ્યાવહારિક દષ્ટિએ ઇંદ્રિયવ્યાપાર અને સંજ્ઞાઓ આપવી. જેમકે મોટું, નાનું, ઊંચું, નીચું, ટાઢું, ઊનું, લાંબું, ટૂંકું વગેરે. એમ જ રંગનાં નામો આપવાં.

**પ્રવૃત્તિ નવમી**

સંગ્રહસ્થાન અને મંડળો તથા શાંતિની રમત.

બાળક્રીડાંગણના નિયમો

૧. બાળકોને ત્રણ અને પાંચ વર્ષ વચ્ચેની વયે દાખલ કરવામાં આવશે. વધુમાં વધુ સાત વર્ષની ઉંમર થતાં સુધી રાખી શકાશે.

૨. દાખલ થનાર બાળકના વાલીએ દાખલ થવાનું પત્રક ભરીને મંજૂર કરાવવું પડશે.

૩. દાખલ થનાર બાળકને ઘેર એકડા કે કક્કો શીખવાશે નહિઃ ટ્યૂશન રાખી શકાશે નહિ.

૪. બાળકને ઘરમાં મારવાની કે બિવડાવવાની કે લાલચ આપવાની મના સમજવી.

૫. દરેક બાળકે પોતાનો પ્યાલો અને દાંતિયો તથા રૂમાલનો ટુકડો લાવવા જોઈશે.

૬. નાસ્તાની રકમ દર માસે અગાઉથી ભરવી પડશે.

૭. બાળકને નવરાવી ધોવરાવી સાફસૂફ કરીને તથા નખ ઉતારીને ક્રીડાંગણમાં મોકલવું પડશે.

૮. બાળકને ઘરેણાં પહેરાવવાં નહીં.

૯. બાળકને ભાતું લેવા પાઈપૈસો આપવો નહિ.

૧૦. બાળકને કદી મારીને લાલચ આપી કે પરાણે બાળક્રીડાંગણમાં મોકલવું નહિ.

૧૧. અહીંના અભ્યાસક્રમ માબાપને માન્ય હોય અને તેમાં શ્રદ્ધા હોય તે જ માબાપ બાળકને બાળક્રીડાંગણમાં માકલે.

૧૨. બાળક્રીડાંગણ અવારનવાર આવી જવાની માબાપ ધાર્મિક ફરજ સમજશે.

૧૩. ક્રીડાંગણ મંદિરેથી જ્યારે જ્યારે જે સૂચના થાય ત્યારે ત્યારે તેનો અમલ કરવો સમજશો.

૧૪. ઘરમાં ચેપી રોગો આવેલ હોય ત્યારે બાળકને ક્રીડાંગણમાં મોકલવું નહીં.

**પુસ્તિકામાં કેટલાક અપરિચિત શબ્દો :**

ધૂડી નિશાળઃ પાટી પર ધૂળ નાંખી કામ લેવાનું તે જમાનાની શાળા

કિન્ડરગાર્ટનઃ ગમ્મત સાથે જ્ઞાન આપવાની બાળશિક્ષણની એક પદ્ધતિ; બાલવાડી; બાલમંદિર

પાંછરાંઃ પાછરું; સીધું; ડાહ્યું; પાધરું

ફતેહમંદઃ વિજયી; સફળ

હથરોટીઃ હથોટી; હાથનો કસબ; આવડત; મહાવરો; ટેવ.

મલોખુંઃ (જુવારબાજરીનું) રાડું કે સાંઠો કે તેની અંદરનો નરમ બોયા જેવો ભાગ; રેંટિયાની માળ ન ખસી જાય માટે બે ઢીંગલીની વચ્ચે ઘલાતી સળીયોમાંની દરેક

તકલીઃ નીચે ગોળ ચક્તીમાં ઊભા સળિયાની દાંડીવાળું કાંતવાનું એક સાધન

પ્રાપંચિકઃ પ્રપંચ સંબંધી; સંસાર-વહેવારને લગતું.

બાળક્રીડાંગણ પુસ્તિકા સાંપ્રતકાળમાં જો તેને અનુસરીશું નહીં, તો ભવિષ્ય આપણને ક્યારેય માફ નહીં કરે.

# એક મુકદ્દમો બાળકોના ભાષાશિક્ષણની તરફેણમાં



શ્રી રાકેશ પટેલ
મો. ૯૯૭૪૫૯૮૮૧૭

ભાવનગરની એક ટેકરી પર એક બાળપ્રેમી શિક્ષકે કરેલા તપથી આપણને સૌને હજુય આશીર્વાદ મળતા રહે છે. વકીલાત છોડી શીખવા-શીખવવાની બાબતમાં પોતાનો કેસ દાખલ કરનાર આ વકીલે દરેક જગ્યાએ બાળક માટે જૂની રૂઢિઓની સામે સતત લડત આપી છે. 'દિવાસ્વપ્ન'માં તેમણે આલેખેલા ભાષાશિક્ષણના પ્રયોગો ખૂબ જ પ્રચલિત થયા છે. તેમાં તેમણે શાળાનો પારંપરિક માહોલ બદલીને બાળકો રમતાં રમતાં કેવી રીતે શીખી શકે તે માટેના ઘણા નવા વિચારો આપ્યા છે. જૂની રૂઢિઓ તોડવાની તેમની એ રીત વિશે આજે પણ જો વિચાર કરીએ તો થાય કે એમના માટે એ સહજ હતું એ હજુય આપણે પ્રાપ્ત કરી શક્યા નથી.

ભાષાના જેના પ્રયોગો ખૂબ જ પ્રખ્યાત છે તે 'દિવાસ્વપ્ન'થી વાતને શરૂ કરીએ. ગિજુભાઈ પોતે જ લક્ષ્મીરામભાઈ બનીને ધોરણ-૪નાં બાળકોને ભાષા તેમજ અન્ય વિષયો શીખવવા શું કરે છે તેની નોંધ એટલે 'દિવાસ્વપ્ન'.

એ એક જ પુસ્તકથી ગિજુભાઈનો શીખવા-શીખવવા વિશેનો અભિગમ બરાબર સ્પષ્ટ થઈ જાય છે. જુઓ, આ એક ઉદાહરણ જોઈએ - જ્યારે તેમને જણાયું કે બાળકો તેઓ જે ગવરાવે છે તે કવિતા ઝીલી પણ શકતાં નથી, તો એટલેથી પોતાનો તંત છોડી દેવાને બદલે લોકગીતથી શરૂઆત કરી. અને આ લોકગીત બાળકો ઘરે, ગામમાં, ફળિયામાં ગણગણવા માંડ્યાં ત્યારે તેમના વિશે ટીકા-ટિપ્પણીઓ પણ શરૂ થઈ કે શિક્ષક આ ભવાઈના વેશ જેવાં ગીતો શું કામ ગવરાવે છે ! તો સ્ત્રીઓ એમ પણ કહેવા માંડી કે સ્ત્રીઓ ગાય તેવાં ગીતો એ પુરુષશિક્ષક થઈને શું ગવરાવે છે ! પરંતુ ગિજુભાઈ હજુ પણ એવા શિક્ષકો માટે દીવાદાંડી છે કે જેઓ પોતે જૂની ઢબ તોડીને બાળકો ખરેખર શીખી શકે તેવી એક પરંપરા ઊભી કરવા માંગે છે.

વર્ષ ૨૦૨૩માં નૅશનલ કરિક્યુલમ ફ્રેમવર્કમાં કહ્યું છે તેમ ભાષામાં તેનું કન્ટેન્ટ નહીં પરંતુ તેની ક્ષમતાઓ મહત્ત્વની છે તેથી શિક્ષકે કન્ટેન્ટ ભણાવવાને બદલે ક્ષમતાઓ પર ધ્યાન આપવું જોઈએ. તે જ રીતે મૂલ્યાંકન કરવામાં તે કઈ વાર્તા કે તે કઈ કવિતા ભણ્યો છે - શીખ્યો છે તેની વિગતોની કસોટી લેવાને બદલે તે કેવી ભાષા શીખ્યો છે તેની કસોટી લેવી જોઈએ . આ વાત ગિજુભાઈએ 'દિવાસ્વપ્ન'માં માત્ર પાઠ્યપુસ્તકોથી ભણાવવાને બદલે પોતાના વર્ગનું એક નાનકડું વાંચનાલય શરૂ કરી અને ભાષા શીખવવાની શરૂઆત કરવાથી કર્યું હતું.

તેઓ વ્યાકરણ શિક્ષણ વિશે કેટલા સ્પષ્ટ હતા તે તેમના જ શબ્દોમાં નીચેના સંવાદમાં જોઈએ :

આ જ પુસ્તકના લક્ષ્મીરામ એટલે કે આપણા ગિજુભાઈએ પહેલાં તો મન બનાવ્યું કે પ્રાથમિક શાળામાં બાળકોને વ્યાકરણ શીખવવું જ ન જોઈએ પરંતુ તેમના અભ્યાસક્રમના ભાગરૂપે જ વ્યાકરણ શીખવવાનું થાય તો તેની વ્યાખ્યાઓને બદલે કેટલીક રમતો વડે માત્ર તેમનું તે વિષય પર ધ્યાન દોરવું જોઈએ.

ગિજુભાઈએ વ્યાકરણ શિક્ષણ ઉપરાંત ભાષાના અન્ય પાસાંઓ વિશે 'પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણ' એવા એક પુસ્તકમાં જે બાબતો મુદ્દાસર નોંધી છે તેનો ટૂંકસાર કંઈક આવો છે.

**વાચન શિક્ષણ :**

વાંચતા શીખવવા માટે તેઓ કહેતા માત્ર આંખ વડે શીખવવાને  બદલે અન્ય ઇંદ્રિયોને પણ જોડવી જોઈએ - તે માટે રેતિયા મૂળાક્ષરો, શબ્દોના કાર્ડ જેવી અનેક રીતો

તેઓ સૂચવે છે. આજે આપણાં બાળકો જે પ્રશ્નનો સામનો કરી રહ્યાં છે તેનો ઉકેલ આપતાં તેઓ કહે છે કે એક-એક અક્ષર શીખેલું બાળક વિચિત્ર રીતે વાંચે છે. જેમ કે, ‘બરફ’ વાંચતા બાળક બોલે છે : બકરીનો બ, રથનો ર અને ફળનો ફ. આમ થવાથી બાળકનું ધ્યાન અર્થ ઉપર ન જતાં ઉચ્ચાર ઉપર અટકી જાય છે. આગળ જતાં તેને અર્થ વિનાનું વાંચવાની ટેવ પડે છે. અને એટલે જ બાળકોને અર્થપૂર્ણ શબ્દો બનતા હોય તેવા પ્રકારનું જ વાંચન અને લેખન કરાવડાવવું જોઈએ.

આ એક નાનકડી રીત ચકાસી જુઓ : શિક્ષકે બાળક સમક્ષ આવા બે અક્ષરો મૂકવા. અક્ષરો પસંદ કરતી વખતે ધ્યાનમાં રાખવું કે તેમાંથી શબ્દ બને, એટલે કે તે બે અક્ષરો જોડાવાથી અર્થ બનવો જોઈએ. દાખલા તરીકે શિક્ષકે પ અને ગ અક્ષર પસંદ કરવા. પછી તેણે બાળકને અનુક્રમે પ અને ગ ને પેટીમાંથી લાવવાનું કહેવું. બાળક પ અને ગ લાવે એટલે તેને બાળકની સામે અનુક્રમે ટેબલ પર કે ભોંય પર ગોઠવવા. પછી બાળકને કહેવું વાંચો જોઈએ શું લખ્યું ? ‘વાંચો’ અને ‘લખ્યું’ એ શબ્દપ્રયોગો જાણીજોઈને કરવા. બાળકને વાંચન-લેખનનો ખરો અર્થ અહીં સમજાવવાનો હેતુ છે. બાળક પ્રથમ ધીમેથી પપપપગપ.. એમ વાંચશે. તે સમજણ વિના વાંચતું દેખાશે. શિક્ષક તરીકે કહેવું બંને અક્ષરો ભેગા કરીને વાંચો. બાળક એમ ઉતાવળથી વાંચી જશે. જ્યારે બાળક પગ એમ વાંચશે ને તે જ વખતે તેના મનમાં પગ શબ્દનો અર્થ શું થશે તે સમજી જશે કારણ કે તે પગ ઉચ્ચાર જાણે છે. તેનો અર્થ પણ જાણે છે. પ અને ગ વ્યંજનોને સાથે ગોઠવી તેમાંથી પગ ઉચ્ચારવાની ક્રિયા સાથે જૂનો અનુભવ જોડાઈ જતા વાંચન અર્થવાળું બને છે. અહીંથી સમજણપૂર્વકનું વાંચન શરૂ થાય છે એક વાર સમજણપૂર્વકનું વાંચન ધ્યાનમાં આવ્યું અને તેનો આનંદ લીધો પછીથી બાળક સમજ્યા વિના કશું વાંચશે જ નહીં. તેને જ્યાં ત્યાં સમજણથી વાંચવાની પ્રવૃત્તિ આનંદ શોધવાની એક પ્રિય પ્રવૃત્તિ થઈ પડશે.

તે નવા નવા શબ્દો બનાવવા માંડશે. અક્ષરો ગોઠવવામાં આડકતરી રીતે લેખનનું કામ ચાલે છે. પોતે ગોઠવેલ શબ્દ જ્યારે બાળક વાંચે છે ત્યારે તે લેખન અને વાંચનનો સંબંધ જોડે છે.

એ જ રીતે એક વાર વાંચતા આવડી જાય પછી તેમને વાંચવા માટેના હેતુઓ આપવા જોઈએ એટલે શિક્ષક કહે એટલે વાંચવું, એના બદલે રમત રમવાની છે એટલે વાંચવું; અથવા તો કોઈ સૂચના વાંચવાની છે એટલે વાંચવું કે તેવા પ્રયત્નો કરવા જોઈએ અને તે માટે તેઓ એક ચિઠ્ઠી વાંચનની રમત સૂચવે છે. જેમાં જુદા જુદા શબ્દોની વાક્યોની સૂચનાઓની ચિઠ્ઠીઓ હોય એ ચિઠ્ઠી ખોલે અને બાળક તે મુજબના કામ કરે આમ ‘હું જે વાંચું છું તેનો કશોક અર્થ થાય છે’ તે બાબત બાળકો બરાબર સમજવા જોઈએ. તેઓ કહેતા કે બાળક જે વાંચે તે સમજીને જ વાંચે એવી ટેવ અત્યારથી જ પડે તો પાછળથી તેને સમજૂતીનું શિક્ષણ આપવાની માથાકૂટ કરવી ન પડે.

**આદર્શ વાંચન**

આપણાં બાળકો (મોટેરાંઓ પણ) એવી રીતે વાંચે છે જેનાથી તેઓ કે પછી તે વાંચે છે તે સાંભળનાર – બંને અર્થ સમજી શકતા નથી. ત્યારે તેઓ કહે છે :

આદર્શ વાંચન વર્ગમાં સારું વંચાય એટલા માટે બાળકોને આપેલો પાઠ વારંવાર વાંચવાનું કહેવા કરતાં તેમના કાન ઉપર સારું વાંચન પડે તેવું કરવું જોઈએ. વારંવાર પાઠ વાંચવાથી તો તે પાઠ તેમને મોઢે થઈ જાય છે અને પછી તેમનું ધ્યાન વાંચવામાં રહેતું નથી અને એટલે જ તેમની સામે જ્યારે નવું વાંચન મૂકવામાં આવે ત્યારે તેઓ તે બરાબર અર્થપૂર્ણ વાંચી શકતાં નથી, વાંચનનો આનંદ લઈ શકતાં નથી, તેમજ બીજાને સમજાય તે રીતે વાંચી પણ શકતાં નથી.

વાંચન શીખવવા હું તેમને મારી આસપાસ બેસાડીને તેમની પાસે સારું સારું અને તેઓ સમજી શકે તેવું વાંચું છું. જ્યારે હું વાંચું છું ત્યારે મારું વાંચન બને તેટલું રસમય, હલકવાળું, છટાવાળું થાય તે માટે પૂરી કાળજી લઉં છું. વાચનનો વિષય રસિક રાખું છું તેથી બાળકો

પ્રેમથી સાંભળે છે. બાળકો તેનો આનંદ લે છે તેની સાથે જ તેમના મન પર સારા વાંચનની છાપ પડે છે. દિન-પ્રતિદિન તે ઊંડીને ઊંડી પડે છે અને બરાબર આ જ છાપ તેઓ પોતાના વાંચનમાં બતાવે છે.

તેઓ પોતાને આપેલાં પુસ્તકો લઈને જ્યારે વાંચતાં હોય છે ત્યારે હું તેમની આજુબાજુ ફરતો હોઉં છું. મારો પ્રયત્ન સાચો છે કે ખોટો તે તેમને વાંચતાં સાંભળી નક્કી કરું છું, અને મને ખાતરી થઈ છે કે સુવાંચન માટે આદર્શ વાંચન અફર ઉપાય છે.

**ઇતર વાંચન**

પુસ્તકાલય અને ઇતર વાંચન વિશે તેઓ કહે છે :

જ્યારે વિદ્યાર્થી એકલું પાઠ્યપુસ્તક જ વાંચ્યા કરે ત્યારે તેનું ભાષાકૌશલ્ય નબળું જોવામાં આવે છે.

પાઠ્યપુસ્તકોનો ઉપયોગ તો વિદ્યાર્થીને ભાષાનો ક્રમશઃ પરિચય કરાવવાનું તેમજ ભાષાની ભિન્ન ભિન્ન શૈલીનો ખ્યાલ આપવાનો છે. જ્ઞાનના વિવિધ વિષયો તરફ અંગુલિનિર્દેશ કરાવવાનો છે. મતલબ કે એ ભાષાવિકાસનું એક બળવાન સાધન છે. તેનો વિદ્યાર્થીને અનુભવ કરાવવાનો તેમજ તે સાધનથી તેને સંપન્ન કરવાનો છે. પરંતુ પાઠ્યપુસ્તક જ્ઞાનકોશ નથી અને હોઈ શકે પણ નહીં, તેમ પાઠ્યપુસ્તક સાહિત્યભંડાર પણ ન જ થઈ શકે. ભાષા દ્વારા સાહિત્યનો આસ્વાદ લેવા તેમજ જ્ઞાનવૃદ્ધિ કરવા વિદ્યાર્થીઓએ પાઠ્યપુસ્તકના વાંચન ઉપરાંત બહાર જવું પડે. તેણે પાઠ્યપુસ્તકના અભ્યાસથી વધતી જતી ભાષાશક્તિ સાથે જ નવાં નવાં પુસ્તકો વાંચી જવા જોઈએ. પાઠ્યપુસ્તકથી મળતા બળને વાપરવા માટે વાંચનનું વિશાળ ક્ષેત્ર તેની આગળ ઊઘડવું જોઈએ.

ઇતર વાંચનને શાળા સમયમાં તેમજ ઘરમાં સ્થાન અને માન મળવા જોઈએ. 'પરીક્ષામાં તે શું કામ આવવાનું છે!' - એવા સંકુચિત વિચારને આપણે છોડી દેવો પડે.

**શ્રુતલેખન**

આ વાંચી નક્કી કરો કે શ્રુતલેખન વિશેની આપણી આજની સમજણ કરતાં તેમની સમજણ કેટલી પરિપક્વ હતી !

શ્રુતલેખનનો ખરો ઉદ્દેશ્ય લેખનમાં ગતિ લાવવાનો છે. જ્યારે લખવા માટે બાળકોના હાથ તૈયાર થાય અને તે પહેલાં લખવાનું શીખવવામાં આવે છે, તો જ્યાં બાળકો સ્વયંસ્ફુરણાથી વારંવાર લખીને લખવાની ઝડપ કેળવી નથી હોતી ત્યાં બાળકો લખવામાં ધીમા હોય છે તેમને માટે શ્રુતલેખન વ્યવહારુ ગણાય છે. અનુકૂળ ઝડપ સાથે શુદ્ધ લેખન અને સુલેખનને પણ શ્રુતલેખન સાથે જોડી દેવામાં આવે છે, પરિણામે આજે આપણે શ્રુતલેખનમાં ત્રણ વસ્તુઓ માગીએ છીએ — સારા અક્ષર, શુદ્ધિ અને ઝડપ.  પણ શુદ્ધિ વ્યાકરણનો વિષય છે. શ્રુતલેખન એની પરીક્ષા રૂપે જ હોય માટે તેને જુદો જ શીખવવો જોઈએ. એમ જ સુલેખન આવડે છે કે નહીં તે જોવાનું શ્રુતલેખન સાધન છે, પણ જ્યાં ઝડપ કેળવવા માટે શ્રુતલેખન વાપરવું છે ત્યાં સુલેખન પણ જુદા વિષય તરીકે જ રાખીએ.

સાંભળીને લખવાની ઝડપ માટે કાન, હાથ અને આંખનો સહકાર જોઈએ. પ્રથમથી જ કાનને એવી ટેવ પાડવી કે એક વાર સાંભળીને તે તરત જ ગ્રહણ કરીને લખે. આજે શિક્ષક જ્યારે શ્રુતલેખન લખાવે છે ત્યારે છોકરાંઓ 'શું શું?' એમ કરે છે. તેઓ આખું વાક્ય ધારણ કરી શકતાં નથી. શિક્ષક બે-ચાર વાર બોલે છે. શિક્ષક એક વાર ધીમેથી બોલે ને તે વખતે શિક્ષક સામે જોઈ વિદ્યાર્થીઓ સાંભળે ને પછી લખે તો એક જ વાર બોલવાથી ચાલશે. (આ વાંચીને નક્કી કરીએ કે હજુ આ સ્થિતિમાં ઝાઝો ફરક પડ્યો છે કે હજુ ગિજુભાઈએ સૂચવેલ ઔષધ ઉપયોગ કરવાનો બાકી છે?)

શુદ્ધિ વગેરેમાં વિદ્યાર્થી કેવો કાચો છે, તેના અક્ષરો કેવા છે - તે શ્રુતલેખન વખતે શિક્ષક ધ્યાનમાં રાખી લે; પણ તે વખતે તે સુધારવા પાછળ ન રોકાય. તેને માટે જુદો વખત લઈ લે. વળી, ઘરેથી દસ-વીસ વાર લખી લાવવાથી ગતિ વધતી નથી. ગતિનો મુખ્ય વિચાર કરવાનો હોય તો તે શ્રુતલેખન વડે થઈ શકે.

### શબ્દો છૂટા પાડવા

આજે કેટલાંક બાળકો શબ્દ વચ્ચે જે જગ્યા છે તે સમજ્યા વગર કાં તો શબ્દ અડધેથી તોડે છે અથવા બે શબ્દો ભેગા વાંચે છે. તે મુશ્કેલીના ઉપાય માટે તેઓ કહે છે:

વાણીશિક્ષણમાં કર્ણેન્દ્રિય અગત્યની છે. વાણીમાં રહેલ ડોલન આપણે કાનથી સાંભળી શકીએ છીએ. ડોલનને સૂક્ષ્મપણે સમજી લેવા માટે કાનની ઇંદ્રિયનો વિકાસ બરાબર થઈ જવો જોઈએ. આપણે લખીએ છીએ ત્યારે આપણે આપણી વાણી અને બીજાની વાણી કાને સાંભળીને લખીએ છીએ. આથી જો આપણે વાણીને લેખનમાં ઉતારવી હોય તો આપણે તેને કર્ણેન્દ્રિય પર મોટી રીતે છાપવી જોઈએ કે જેથી તે કાગળ ઉપર તેમ જ છપાય. હાથે તો માત્ર લખવાનું કાર્ય કરવાનું છે. મગજે હાથને શું લખવું તેનો હુકમ આપવાનો છે. પણ કેવું લખવું જોઈએ તેનો નિર્ણય તો કાને મગજ પાસે મૂકવાનો છે.

પહેલાં બાળકોને શબ્દ છૂટા પાડતા શીખવવું હોય તો તેમની આંખની મદદ વડે તેમને કદાચ શીખવી શકાય.

જેમની કર્ણેન્દ્રિય બરાબર હોય તેમને તો એ ઇંદ્રિય દ્વારા જ લેખનમાં શબ્દો છૂટા પાડતા શીખવી શકાશે. સૌ પ્રથમ વર્ગમાં એક વાક્ય શબ્દ છૂટા ન લાગે તેવી રીતે બોલી બતાવો. પછી એ જ વાક્ય સ્વાભાવિકપણે બોલી બતાવો. પછી જરા વધારે ડોલનથી એટલે કે શબ્દો વચ્ચે વધારે સમયનું અંતર રાખીને વાક્યનો ઉચ્ચાર કરવો. એ તરફ બાળકોનું ધ્યાન ખેંચવું. તેમને કહેવું સાંભળો, હું બોલું છું તેમાં બોલમાં કટકા પડે છે તે ગણો. દાખલા તરીકે 'મારી પાસે બે રૂપિયા છે.' એ વાક્યમાં 'મારી - પાસે - બે - રૂપિયા - છે.' એમ બોલી બતાવવું. વાણીથી કટકા પાડીને બાળકો પાસે કટકા ગણાવવા. બાળકો કહેશે - પાંચ કટકા છે. પછી બીજું પછી ત્રીજું એમ થોડાંક વાક્યો મૂકી તેમાં કેટલા કટકા પડે છે તે ગણાવવા.

આ રીતે બાળકોને બે શબ્દો વચ્ચે જગ્યા રાખીને લખવાનું તેમ જ વાંચવાનું સમજાઈ જશે.

### નિબંધ લેખન

હજુ પણ કેટલીક જગ્યાએ નિબંધ એ બાળકોની નોટબુકને બદલે બ્લૅકબોર્ડ પર લખાય છે. ત્યારે નિબંધ વિશે તેઓ કહે છે. :

આપણી પ્રાથમિક શાળાઓમાં નિબંધલેખનનું શિક્ષણ વર્ષોથી ચાલે છે. નિબંધલેખનનું શિક્ષણ એકંદરે બીજા વિષયથી વધારે અઘરું છે. પ્રશ્ન એ છે કે નિબંધનું શિક્ષણ ખરાબ છે માટે સુધારવું જોઈએ કે તેવા શિક્ષણની રીતે ભાષાના પ્રદેશમાં નવું સર્જન કરવાની શક્તિ કુંઠિત થાય છે તે માટે નિબંધશિક્ષણને શાળામાંથી રજા આપવી જોઈએ ?

આ પ્રશ્નોનો જવાબ આપું તે પહેલાં નિબંધ એટલે શું અને તે કેવી રીતે પ્રગટ થઈ શકે તેનો થોડો વિચાર કરીએ, અને પછી જોઈએ કે શાળામાં તેને સ્થાન છે કે કેમ?

નિબંધની વ્યાખ્યા ગમે તે અપાઈ હશે, મેં તે વ્યાખ્યા ગોખી પણ હશે, પણ આજે તે ભૂલી ગયો છું. હું એક-બે નવી વ્યાખ્યાઓ ઉપજાવી કાઢું છું. 'નિશ્ચય અથવા નિર્ણયપૂર્વક બાંધેલા વિચારોને લખીને વ્યક્ત કરવા એનું નામ નિબંધ.' અથવા 'પોતાના વિચારોને યથાનિયમ મૂકવા તેનું નામ નિબંધ.' જે કોઈ માણસ પોતાના અંતરના વિચારોને વ્યવસ્થિત રીતે મૂકી શકે તેને હું નિબંધકાર કે લેખક કહું. પછી તે વિચારો વેપારીના કાગળમાં હોય કે મિત્રના પત્રમાં હોય કે વકીલની દાવા અરજીમાં હોય કે ન્યાયાધીશના ફેંસલામાં હોય. માણસોને આજે આટલું પણ બરાબર નથી આવડતું, તે છતાં શાળાઓ હજી નિબંધશિક્ષણનો મોહ છોડતી નથી. શાળાએ બહુ બહુ તો નિબંધલેખનની તૈયારીરૂપે કેટલીક વસ્તુઓની આવશ્યકતા છે તેનું શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. શાળાએ એટલું જ કરવું જોઈએ, એથી વધારે કરે તો તે નુકસાન કરી દેશે.

નિબંધ માટે જરૂરી છે અનુભવ, અને અનુભવ ઇંદ્રિયો અને મન દ્વારા થઈ શકે છે. અનુભવ કરવા માટેનાં આ સાધનો જેટલા તીવ્ર અને સૂક્ષ્મ તેટલા પ્રમાણમાં અનુભવ બળવાન અને સ્પષ્ટ થાય. આટલા માટે

અનુભવની કેળવણી નિબંધશિક્ષણમાં પહેલું અને છેલ્લું પગથિયું છે. શાળાનું કાર્ય વિદ્યાર્થીઓને તેવા અનુભવો પ્રત્યે સંવેદનશીલ બનાવવાનું અને પોતાને આવતા વિચારોને તુલનાત્મક રીતે અને વર્ગીકરણની રીતે તર્કબદ્ધ મૂકતા શીખવવાનું માત્ર છે.

**શબ્દાર્થ**

આપણે સૌ ભણ્યા ત્યારે પુસ્તક હોય કે પરીક્ષા - શબ્દનો અર્થ નોટબુકમાં લખાવાય, તૈયાર કરવા કહેવાય અને પછી પરીક્ષામાં સમાનાર્થી શબ્દો પુછાય. ગિજુભાઈ શબ્દો વિશે કહે છે :

બાળકોને શબ્દોના અર્થો લખાવવા નહિ, તેમ એમ ને એમ વગર માગે કહી પણ દેવા નહીં. કવિતા ગાવાનું શરૂ કરતાં પહેલાં કવિતામાં શું આવે છે તેનો ટૂંકો ખ્યાલ બાળકોને કહેવો અને પછી બાળકો તે સાંભળે, ગાય, વાંચે અને તેના વડે જુદા જુદા શબ્દોનો ભાવ તેઓ સમજતાં થાય તેમ કરવું. જો શબ્દનો અર્થ જાણ્યા વિના બાળક કવિતાની કોઈ પંક્તિ ન જ સમજી શકે એવું જણાય તો એવા અઘરા શબ્દોનો અર્થ ગાતાં ગાતાં કે વિવેચન કરતાં કરતાં પણ કહી દેવાય. આ રીતે પહેલી વાર વિદ્યાર્થીને મનમાં થોડો અર્થ સ્ફુરે, બીજી વાર તેથી વધારે અર્થ સ્ફુરે અને એવી રીતે ગાન સાંભળતાં સાંભળતાં અથવા પોતે કવિતા વાંચતો કે ગાતો હોય ત્યારે વધારે ને વધારે અર્થ સ્ફુરવા લાગે. બધા શબ્દોના અર્થ વિદ્યાર્થીઓએ જાણવા જ જોઈએ એવી આજના શિક્ષકોની માન્યતાને છોડી દેવી જોઈએ.

શબ્દોના અર્થ આપવાથી તેના સાચા અર્થ મળતા નથી. શાંતિ અને નીરવતા બંને શબ્દ જુદા છે. તે આપી દેવાથી સમજાશે નહિ. તેના માટે શબ્દો, તેના અર્થ, ઉપયોગના જુદાં જુદાં કાર્ય કરવાનાં થાય. જેમ કે, શબ્દનો અર્થ સમજાવી ન શકાય ત્યાં તે શબ્દ બીજી જે જે કવિતાઓમાં વપરાયો હોય તેવી બીજી કવિતાઓ બાળક પાસે મૂકે. તેનો અર્થ પણ કરાવવો અથવા ઘરગથ્થુ વાણીમાં તે શબ્દ જેવી રીતે વપરાતો હોય તેવી રીતે વાપરી બતાવવો. સરખા ભાવવાળી કવિતાની પંક્તિઓના પરિચયથી બાળકોમાં શબ્દના અર્થ એકાએક ફૂટી નીકળે છે અને એટલા માટે જ એના એ જ શબ્દો આવે એવી અને એક જ ભાવની ઘણી કવિતાઓ શિક્ષક પાસે હોવી જોઈએ.

ટૂંકમાં, ગિજુભાઈ બાળકોને શાળામાં, ઘરમાં અને સમાજમાં જે સ્થાન આપવા મથ્યા એ હજુય પૂર્ણ નથી થઈ શક્યું તેમ ભાષા વિશે તેઓએ સો વર્ષ પહેલાં સૂચવેલાં ઔષધો આજની ત્રુટિઓ માટે અસરકારક છે. જરૂર છે આપણામાં (મોટેરાંઓમાં) ગોઠવાઈ ગયેલી અને અનુકૂળ થઈ ગયેલી રૂઢ પ્રણાલીઓને તોડી બાળકોને ભાષા શીખવા જરૂરી હોય તેવી ભાષાની કેળવણીની રીતિઓની.

ગિજુભાઈએ એ સમયે કહેલું એ આપણે આજેય કહી શકીએ છીએ અને હજુ પણ આશા રાખી શકીએ કે ગિજુભાઈ માતાપિતાઓ અને શિક્ષકોના પંડમાં આવી તેમનુ સ્વપ્ન પૂરું કરી બતાવે !

'વાતાવરણમાં નજર નાખતાં જણાય છે કે ચારે કોર નવી કેળવણીનાં પગરણ મંડાઈ ચૂક્યાં છે. જૂની કેળવણીના સાડા અગિયાર વાગી ચૂક્યા છે; ધીમે ધીમે બાર પણ વાગશે.'

**જન્મતી વખતે દરેક બાળક એક સંદેશો લાવે છે**
**કે મનુષ્યનું સર્જન કરીને પ્રભુ હતાશ થયો નથી.**

**- શ્રી ટાગોર**

# ખાલી ઓરડે દિવ્ય વાણી..!



ડૉ. પૂર્ણિમા મહેતા
મો. ૯૮૨૪૮૦૪૦૬૧

આજથી ૧૦૦ વર્ષ પહેલાં 'બાલમંદિર'ની કલ્પના જ નવીસવી હતી, તો ૩ થી ૬ વર્ષનાં ભૂલકાંઓ શિક્ષક બનવા માટે ડિગ્રી કોર્સ હોય એ વાત તો કોણ માને ? આ ઢીંગલા-ઢીંગલીને તો બે ગીત ગાઈએ કે બે-ચાર રમકડાંથી રમાડીએ, એટલે બસ ? ના, ના, ના!...

ગિજુભાઈનું બાળકેળવણી વિશેનું ચિંતન એટલું તો સૂક્ષ્મ અને ગહન હતું કે બાળકોના શિક્ષકે પૂરતી સજ્જતા કેળવવી જ પડે. વળી ગિજુભાઈને કંઈ પોતાના બાળમંદિરની પેટન્ટ કે કૉપીરાઇટ લેવાનાં ન હતાં, બલકે કેમ વધુમાં વધુ 'બાલમંદિરો' દક્ષિણામૂર્તિ જેવાં બને! અને માત્ર ભાવનગરમાં નહિ, સમગ્ર ગુજરાતનાં, સમગ્ર ભારતનાં બાળકોને વિકાસની ઉત્તમ તક મળે એવી લાગણીથી ગિજુભાઈએ આજથી ૧૦૦ વર્ષ પહેલા 'બાલ-અધ્યાપનમંદિર'ની યોજના ઘડી. 'બાળ-શિક્ષણ-તાલીમની તદ્દન નવી વિભાના. પોતે જ રૂપરેખા ઘડી, અભ્યાસક્રમ બનાવ્યો, તે માટેનું 'કન્ટેન્ટ' મટીરિયલ બનાવ્યું અને જોશભેર જાહેરાત કરી. ભલા, ત્રણ વર્ષનાં બાળકોના શિક્ષકો હોઈ શકે ? ફરી એક વખત ગિજુભાઈએ હામ ભીડી. પણ જેવો બાલમંદિરના પ્રથમ દિવસનો કડવો અનુભવ તેવું જ અહીં થયું. જાહેરાતો કરી, પણ કેટલાય સમય સુધી પ્રવેશ માટે કોઈ ન ફરક્યું. ઍડ્મિશન માટે પૂછપરછ પણ નહીં ! બે - ચાર પત્રો આવ્યા કે "પછી જણાવીશું."

પરંતુ પીછેહઠ કરે તે ગિજુભાઈ નહિ. તેમણે પૂર્વ-તૈયારી, લેક્ચરની નોંધ કરવાની ચાલુ જ રાખી. આ એક સ્પષ્ટ, સુસજ્જ, વૈજ્ઞાનિક અભિગમથી કેળવણીની થિયરી તૈયાર થઈ રહી હતી. આજે પણ આ શાસ્ત્ર પૂર્વ-પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ ચાલે છે. આ સમગ્ર શાસ્ત્ર ગિજુભાઈની આગવી સૂઝ હતી.

કોઈ પ્રવેશાર્થી ન હતા, છતાં નક્કી કરેલી તારીખે અધ્યાપન-મંદિર માટે નિયત કરેલા વર્ગમાં વ્યાખ્યાન આપવા પણ ગયા ! ખાલી ઓરડો, સામે કોઈ નહિ! કોને વ્યાખ્યાન આપવું ? પ્રત્યેક બાળકમાં પ્રભુને જોતો આ ઓલિયો તેની ફકીરીમાં ખૂબ અમીર હતો. માતૃસહજ માર્દવ સાથે યોદ્ધાની ખુમારી પણ હતી ! ગિજુભાઈએ તો ખાલી ઓરડીમાં વ્યાસપીઠ પરથી આખું વ્યાખ્યાન આપ્યું. હવા જાણે પળભર થંભી ગઈ. માનવના દૃઢ નિર્ધાર સામે કોનું ચાલે ? પ્રતિઘોષ-રૂપે કુદરતે ખુદ જવાબ આપ્યો. વ્યાખ્યાન પૂરું કરી જેવા પોતાના કાર્યાલયમાં આવ્યા કે એક ભાઈ આવ્યા અને અધ્યાપન-મંદિરમાં પ્રવેશ લેવાની તૈયારી બતાવી. વઢવાણના શ્રી ભોગીભાઈ પરખી પ્રથમ વિદ્યાર્થી થયા અને સાથે વઢવાણથી બીજા બે યુવાનો શ્રી ગોવિંદભાઈ ઠાકર અને શ્રી વજુભાઈ દવે આવ્યા. પાયાભિયાન પ્રારંભ થયું. ટીપે-ટીપે સરોવર ભરાય", તેમ એક એક વર્ષમાં ત્રણમાંથી સો થયા. ગિજુભાઈ અને તેમના મૉન્ટેસોરી-શિક્ષણની સુગંધ દૂર સુધી પ્રસરવા લાગી. ગિજુભાઈના પ્રથમ ત્રણ વર્ષના સો શિષ્યો ચાર ચોપડીથી માંડી સ્નાતક સુધીના હતા. ગિજુભાઈએ પ્રવેશ માપદંડ રાખેલોઃ 'બાળક માત્ર માટે પ્રેમ અને બાળકમનમાં વિશ્વાસ.'

પ્રારંભમાં ભૌતિક સગવડો તો હતી જ નહિ. ગોદડાં પાથરી વર્ગમાં બેસવાનું અને રાત્રે એ જ ગોદડાં પાથરી સૂવાનું! થોડો સમય તો આ અધ્યાપન-મંદિર 'ગોદડાં અધ્યાપન-મંદિર' તરીકે ઓળખાતું ! ગિજુભાઈનું બાલદર્શન, બાળકો માટેની સંકલ્પના, પદ્ધતિ, પ્રવૃત્તિ વગેરે શીખવા-સમજવામાં દરેક તાલીમાર્થી એકરસ થઈ જતો. વર્ષ દરમ્યાન સોમાંથી એક પણ વિકેટ ખડી નહિ!

આ શિક્ષકોએ ગિજુભાઈ પાસેથી શિક્ષણ પ્રાપ્ત કરી કઈ સજ્જતા કેળવી?

- બાળકની દરેક પ્રવૃત્તિનું અવલોકન કરી તેને સમજવાનો પ્રયત્ન કરી અને તે મુજબ તે બાળકને કેળવવું.

- બાળકની સર્જનાત્મક પ્રવૃત્તિ અને તેના સ્વવિકાસમાં પ્રેરક બનવું.

- બાળકની પ્રગતિ માટે સજાગ રીતે તેને તેની આસપાસની દુનિયા સાથે સુસંગતતા તરફ દોરવું.

તાલીમાર્થીની તો જીવનદષ્ટિ જ બદલાઈ ગઈ ! પ્રારંભની કઠિનાઈ પછી અધ્યાપન-મંદિરની ખ્યાતિ ફેલાતી ગઈ, તે આજ સુધી અધ્યાપન-મંદિરનો અભ્યાસ સરકાર માન્ય રહ્યો, જેના પિતામહ ગિજુભાઈ હતા. દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિરે આજ પર્યંત પાંચ હજાર શિક્ષકો તૈયાર કર્યા.

રાષ્ટ્રીય ચળવળના દિવસોમાં કેટલાક દેશપ્રેમી, ભાવનાશાળી યુવાનો આવ્યા. મહિલાઓ પણ જોડાઈ. ૧૯૨૫-૨૬માં શ્રી રામનારાયણ ના. પાઠક આવ્યા. મહારાષ્ટ્રથી શેષ નામલે જેવા કટિબદ્ધ સેવક જોડાયા જેમણે જીવન પર્યંત બાલશિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામ કર્યું. ભારતનાં અનેક રાજ્યોમાં બાલમંદિરો શરૂ થયાં. ૩ થી ૬ વર્ષનાં બાળકો માટે તાલીમબદ્ધ શિક્ષકો મળ્યા.

અધ્યાપન-મંદિરે ગિજુભાઈને તારાબેન મોડક જેવાં સદૈવ સક્રિય, દષ્ટિવાન સહકાર્યકર આપ્યાં. રાજકોટની ટ્રેનિંગ કૉલેજનું પ્રતિષ્ઠિત આચાર્યપદ છોડી તેમણે દર્શનનો ભેખ લીધો અને ગિજુભાઈના મિશનને ખંતીલો વેગ મળ્યો. તારાબેને થિયરી અને પ્રેક્ટિકલ - બન્ને પાસાંને ઉજાગર કરી, બાલશિક્ષણનો વ્યાપ-વિસ્તાર કર્યો. તારાબહેનને આઝાદી પછી ‘પદ્મશ્રી’ સન્માનથી નવાજવામાં આવ્યાં.

(ગિજુભાઈ માટે કયો ખિતાબ હોઈ શકે?!)

અધ્યાપન મંદિરનો અભ્યાસક્રમ નિયમો કે થિયરીના દાયરાથી મુક્ત હતો, પણ તેમાં બાળકના વિકાસની દરેક બાબત સામેલ હતી. સૂચિ ખૂબ લાંબી, પણ રસપ્રદ છે. ખાસ કરીને કે Play House ‘ખેલા-ઘર’ ચલાવવા ઇચ્છનારને ઉપયોગી થશે.

**પરિચય-શ્રેણીઃ** પરિચય-શ્રેણી - જીવસૃષ્ટિ, વનસ્પતિ, માનવજીવન, સૃષ્ટિ-સૌન્દર્ય, ભૌગોલિક સ્થિતિનો પરિચય.

**પ્રવૃત્તિ શ્રેણીઃ** પ્રવૃત્તિ શ્રેણીમાં - ઇંદ્રિય વિકાસ માટે જરૂરી તમામ સાધનો, ક્રિયા, આંખની એકાગ્રતા, આંગળીના વળાંક, શરીરનું સમતલોન, આકાર, ક્રમ, અનુસંધાન, રંગ-ઓળખ, વિશિષ્ટ સાધન-શ્રેણ પર કામ કરવું.

**સર્જનાત્મક પ્રવૃત્તિઃ** આ પ્રવૃત્તિ તો બારેમાસ ધોધની જેમ વહેતી ! રંગકામ, ચિત્રકામ, માટીકામ, કાગળકામ, ગીત, સંગીત, નાટક, મોતી પરોવવાં, વેશભૂષા, અભિનય, ફૂલોની સજાવટ, પાંદડાંની રંગોળી; આ ઉપરાંત, નાના-ટૂંકા પ્રવાસો, ક્રીડાંગણ, કુટુંબની સમજ, પશુ પંખીના અવાજની ઓળખ, વસ્તુઓની ગોઠવણી અને રંગોની સમજ, આકારો ગોઠવવા, માનવ-સંબંધોની સમજ, સ્વચ્છતાના પાઠો એમ એમાં સમગ્ર જીવન સામેલ હતું.

બાળકને કેટલું પ્રવૃત્ત રાખી શકાય અને બાળક માટે કેટલું પ્રવૃત્ત રહી શકાય તેનો નકશો ગિજુભાઈના મગજમાં સુરેખ-સ્પષ્ટ અંકિત હતો.

સન ૧૯૨૫માં બાલ-અધ્યાપનમંદિર સ્થપાયા પછી તે જ વર્ષે શ્રીમતી સરલાદેવી સારાભાઈના પ્રમુખપદે પ્રથમ મૉન્ટેસોરી સંમેલન યોજાયું અને મૉન્ટેસોરી શિક્ષણસંઘની સ્થાપના કરવામાં આવી. (મૉન્ટેસોરી વિશે આગળ વિસ્તૃત વાત કરશું.)

ગિજુભાઈ ઇચ્છતા કે દરેક બાલમંદિરમાં ‘ગિજુભાઈ’ હોય! માટે, અધ્યાપનમંદિરની સ્થાપના થઈ ત્યારથી, અર્થાત્ સન ૧૯૨૫થી ૧૯૩૬ સુધીમાં ગિજુભાઈના માર્ગદર્શન હેઠળ ૬૦૦થી વધુ તાલીમાર્થીઓ તૈયાર થયા અને ગુજરાતમાં ઠેર ઠેર મોન્ટેસોરી બાલમંદિરો શરૂ થયાં. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સુધી આ પમરાટ ફેલાયો.

# ચિરંજીવી ગિજુભાઈ



**શ્રી પ્રતાપભાઈ ત્રિવેદી**
મો. ૯૯૦૯૯૯૧૦૧૩

ડૉ. ગુણવંત શાહને રાજકોટના આંગણે શ્રી ગુલાબભાઈ જાનીએ ગિજુભાઈ શતાબ્દી આવી રહી હતી એટલે વક્તવ્ય માટે નોતરેલા, તેમને સાંભળવા હું અને જગદીશભાઈ રાવલ રાજકોટ પહોંચ્યા. બે કથન યાદ કરી લઉં, ભાવનગરમાં એક સાથે ત્રણ શિક્ષણ વિભૂતિઓ હોવી તે દુનિયાની અદ્વિતીય ઘટના છે તે નાનાભાઈ, હરભાઈ અને ગિજુભાઈ. ગુણવંતભાઈએ નાનાભાઈ ભટ્ટે કહેલો પ્રસંગ યાદ કર્યો. એક શહેરમાં એક સુખી પ્રસન્ન દામ્પત્યની માલિક એક બેલડી રહે. પતિ સાંજે ઑફિસેથી ઘર આવે ત્યારે પત્ની દરવાજે ઠંડા પાણીનો ગ્લાસ અને તરત જ બંને સાંજની ચા સાથે પીએ.

દિવાળી નજીક હતી. પતિદેવ ઑફિસે ગયા એટલે બહેન ઘર-સફાઈ આદરી, બેઠક ખંડમાં મજાની ફૂલદાની, રંગોળીની સજાવટ અને બેડને નવા ઓછાડ, ઓશીકાં-તકિયાને નવાં કવર ચડાવ્યાં. બધું અત્યંત વ્યવસ્થિત, બાથરૂમમાં નાહીને બહાર નીકળી છૂટા વાળે ભારે હરખાતે હૈયે પતિના આગમનની રાહ જોતી હતી. ઘરના ફેરફારો જોઈને બે હરખના વેણની અપેક્ષા હતી, પરંતુ પતિ તો મૌન રહ્યા. રહેવાયું નહી એટલે પૂછી બેઠીઃ કેમ લાગ્યું ? જવાબ હતો બધું જ બરાબર છે પણ બાળકો તો ઠીક છે ને ?

ગિજુભાઈનું નાનકડું પ્રદર્શન જોયું. અમે સંકલ્પ કર્યો કે આપણે પણ ગિજુભાઈ શતાબ્દી ઊજવીએ. પ્રકાશકો પાસેથી જે સાહિત્ય પ્રાપ્ત થયું તે ભેગું કર્યું. વહીવટી તંત્રનો ટેકો હતો. ચૌદ ચિત્રકારો આવી પહોંચ્યા હતા. આયોજન એવું ખંતથી કરેલું કે પૂરતું કામ મળી રહે. અમારા પાસે એમી ડાયોસ્કોપ હતું. એટલે નાનાં ચિત્રોની આઉટ લાઇન આર્ટ પેપર કે પ્લાઇ ઉપર દોરીને ચિત્રકારોને આપતા એટલે સાંજ થતા તો ચાર્ટ-પ્લાઇ પર ચિત્રોનો ઢગલો થવા લાગ્યો. ચિત્રકારો માટે અલાયદો રૂમ, પડખેના રૂમમાં ચિત્રો ઘેરાતાં ગયાં. વિદ્યાર્થિનીઓએ ભરતનું વૈવિધ્ય એક સરખા સો ટુકડામાં સર્જ્યું. વાર્તા ચિત્ર અને તેની બાજુમાં તે વાર્તા ટૂંકમાં રજૂ થાય. બાળકો ચિત્ર જોવા અને વાર્તા વાંચવામાં ઘેલા જોઈને અમારા પ્રયત્નો માટે હરખાતા હતા. ૧૫૦ ઓઇલપેઇન્ટ અને ચાર્ટ્સ પેપરનાં ચિત્રો તૈયાર થયાં.

મારા ચિત્રકાર ભાણેજ દેવીપ્રસાદના મિત્ર ગઢડાના સુપ્રસિદ્ધ ચિત્રકાર દીપસંગ તેમને મળવા આવ્યા. અમે ગિજુભાઈના ફોટાની આઉટ લાઇન એક તૈયાર પ્લાઇ અને ફોટો આપ્યો. એક જ પીંછીથી માત્ર એક જ કલાકમાં થયેલું ગિજુભાઈનું ચિત્રાંકન આજેય શાળાની દીવાલોને શોભાવે છે.

પ્રદર્શનની પૂર્વ તૈયારી થતી હોય છે ત્યારે તે જોઈને અનેકના મન ચંચળ બને છે. ધનજીભાઈ ખોબર બાજુના ગામના શિક્ષક મિત્ર, તેમને ઉમળકો ચડ્યો. ઘોડાની લાદ, સુકાયેલું છાણ, ઝીણી રેતી, માટી વગેરે એકઠાં કરી વિદ્યાર્થીઓને તો સર્જન પ્રક્રિયા જ ગમતી વાત. દોડીને જે માગે તે હાજર. ગારાનો મોટો ઢગ કર્યો. ગારામાંથી સૌ પ્રથમ ગિજુભાઈનું સ્ટેચ્યૂ તૈયાર થયું. બુદ્ધ-ગાંધી સર્જાયા. પછી જે માટીના લોંદા હતા તેમાંથી સર્જાયાં અનેક પશુ-પક્ષીઓ, વિદ્યાર્થીઓ પણ બન્યા અને ધનજીભાઈ મછારે માટીની કૃતિઓથી શાળાનો એક ઓરડો ઓછો પડ્યો. રમકડાંને ચૂનો-ગળી, ગેરુએ રૂપાળાં બનાવ્યાં. સર્જકોની ખુશીઓનો પાર નહોતો.

ભાઈ મનોહરને બીકણ સસલી વાર્તા ઉપર બાલ-ગેય નાટિકા કરવાનું સૂઝ્યું. આ રચના તેમણે છંદમાં કરી. ચિત્રકાર ઈન્દુભાઈ અને કનુભાઈએ વાજિંત્રો સાથે ઢાળમાં બેસારી વિદ્યાર્થીઓને મજા પડી ગઈ. પૂર્વ

તૈયારીને બે મહિના વીતી ગયા હતા. અમને પારાવાર સંતોષ હતો. ઓચિંતા શ્રી પ્રીતમભાઈ શિક્ષણ સમિતિના ચેરમેન અને શિક્ષણાધિકારીશ્રી આવ્યા. ગિજુભાઈ શતાબ્દી આવી. ભવ્ય ઉજવણી તો માલપરા સિવાય કરી નહોતી. રાજ્ય શિક્ષણ ભવનનો બે દિવસનો ૮૫ શિક્ષકોનો એક સેમિનાર અમારા ઉપર લાદ્યો. તેઓની શુભ ભાવના કે જિલ્લાની શાળાઓને પણ પ્રેરણા મળે.

અમે વધુ ઉત્સાહથી કામની ઝડપ વધારી. માહિતી નિયામક ડૉ. દલપત પઢિયારે ચિત્રોનું વર્ગીકરણ કરી, આકર્ષક રજૂઆત શૈલી બનાવી. સ્વ. દીપકભાઈ મહેતા સવેળા આવીને કામે લાગી પડ્યા હતા. લોકશાળાનું શિક્ષકવૃંદ સામેલ હતું. સ્કેચપેન લખનારા લહિયા પણ સમયે હાજર થયા. હું, જગદીશભાઈ, આશારામભાઈ, કાળુભાઈ વગેરે સારા અક્ષરોવાળા હતા. બાબુ મોરડિયા હતો. અમારી શાળાનો વિદ્યાર્થી પણ અફલાતૂન અક્ષરો. લખાણ-વાર્તાઓના ઢગલે ઢગલા. ચાર્ટ પેપર ગઢડા ગ્રામોદ્યોગના ખૂટતા લોકશાળાના વપરાયેલા ચાર્ટપેપરે પાછળનો ભાગ, મોટા કેલેન્ડરનો પાછળનો કોરો ભાગ અમારે માટે નિઃશુલ્ક છતાં કિંમતી હતો. શિક્ષકો, શુભેચ્છકો, વિદ્યાર્થીઓ પરસેવા માટે તત્પર હતા, નહીં ભૂખ, નહીં તરસ, નહીં ઊંઘ. આને ગિજુભાઈની મહત્તા સમજવી કે ગમતી પ્રવૃત્તિને યશ આપવો ?

આ પ્રદર્શને અમને શું આપ્યું ? ગુજરાતના શિક્ષણ સચિવ રામમૂર્તિ સાહેબ, વિરોધપક્ષના નેતા શ્રી દલસુખભાઈ, સમન્વયના સ્વર્ગસ્થ દીપકભાઈ મહેતા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અમરજિતસિંગ અને ગિજુભાઈ બધેકાના પુત્રવધૂ વિમુબહેન ઉપસ્થિત રહ્યાં. તેમણે કહ્યું ગુજરાતમાં કોઈએ, અમારા સહિત આવી ભવ્ય ઉજવણી નહીં કરી હોય ! હું ખૂબ જ પ્રસન્ન થઈ છું. બીજે દિવસે પૂ. મનુભાઈ પંચોલી પણ ચાલીને પ્રદર્શન જોવા આવ્યા. મનુભાઈએ તો ગિજુભાઈ સાથે દક્ષિણામૂર્તિમાં કામ કરેલું.

આવું સફળ પ્રદર્શન કેમ તૈયાર કરી શકાય ? શિક્ષક જીવનના પ્રારંભનાં વર્ષોમાં ગિજુભાઈનું સાહિત્ય વાંચતો ગયો, ઘડાતો ગયો. મારા જન્મ પહેલાં ગિજુભાઈ આ લોક છોડી ગયા હતા. છતાં તેમની બાળવાર્તાઓ, કિશોરકથાઓ અને ૮૦ પુસ્તિકામાં સચવાયેલ શૈક્ષણિક વિચારોને મેં તેમનો વિદ્યાર્થી હોઉં તેવી રીતે ગ્રહ્યા હતા. ગિજુભાઈ તો અમર રહેવા જ જન્મ્યા હતા. ભલે તેઓ ગામ પંચાયત થઈ જીવ્યા.

**"કાંઈ નહિ તો આપણે આપણાં બાળકો ખાતર આપણા સ્ત્રી-પુરુષના સૂરો સંવાદી રાખવા પ્રયત્ન કરીએ. દુર્ભાગ્યે કદાચ વિસંવાદિતા ઊપજે તો તેને વધારીએ નહિ પણ નિવારીએ. શાંત, સંપન્ન અને સંવાદી એવા ઘરનું વાતાવરણ બાળકોની મહાન કેળવણી છે."**

**- શ્રી ગિજુભાઈ બધેકા**

# ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન



ડૉ. વૈશાલી શાહ
મો. ૮૪૬૯૦૩૫૮૭૦

ગિજુભાઈનું બાલશિક્ષણનું દર્શન અને તેને વ્યવહારમાં મૂકવા માટેની પદ્ધતિ અને સાધનો એ બધું મૉન્ટેસોરી પદ્ધતિના પ્રથમ પરિચયે ઊભા થયેલ પ્રેમનું પરિણામ છે. પણ પછી તે પ્રેમ વ્યક્તિ કે તેનાં ઉપકરણોથી આગળ વધીને એક સ્વતંત્ર અને વિશાળ આંદોલન રૂપે વિસ્તર્યો. ગિજુભાઈ એક વ્યવહારુ સ્વપ્નદ્રષ્ટા હતા. બાળકોની કેળવણી અને બાલશિક્ષણને નવી સમાજરચનાના માધ્યમ તરીકે જોવાનું શિક્ષકોને તેમણે શીખવ્યું હતું.

મિત્રો, શિષ્યો અને સ્નેહીજનોએ અર્પણ કરેલી સન્માન થેલીનો સ્વીકાર કરતાં તેમણે કહેલું, 'ગુજરાતનાં બાળકોનું આ સન્માન છે.' હું તો માત્ર નિમિત્ત છું એમ સમજું છું. તમે પણ સમજો. થેલીની બધી રકમ બાળકોના કલ્યાણ માટે વાપરવા અર્થે થેલીની બધી જ રકમ સંયોજકોને જ સુપરત કરી. ૧૯૧૬થી ૧૯૩૫- ૨૦ વર્ષ સુધી દક્ષિણામૂર્તિમાં સતત કામ કર્યું. ત્યાર બાદ રાજકોટમાં અધ્યાપન મંદિર અને extension servicesની પ્રવૃત્તિઓ ધમધમાવી.

બાળકોની 'મુછાળી મા'ની છેલ્લી ચિઠ્ઠી "LIFE IS NOT ETERNAL. I AM CLOSING MY ACCOUNTS." મારા મૃત્યુ પછી કોઈ રડશો નહિ.

ગિજુભાઈના ક્રાંતિકારી વિચારો અંગેના મુદાઓને સમજવા ખૂબ જ જરૂરી છે. બાળકના વ્યક્તિત્વનો સ્વીકાર અને બાલ સન્માન એ ગિજુભાઈ માટે મહત્ત્વનો મુદ્દો હતો. બાળકોની LEARNING PROCESSનો સ્વીકાર (NO TEACHING PROCESS) એ બળ શિક્ષણનો ખૂબ જ જરૂરી આયામ છે. બાળકોના પોતાના અનુભવોને આધારે તેમનાં શરીર, મન, બુદ્ધિ અને લાગણીઓનો વિકાસ કરવા માટેની સ્વતંત્રતા મળવી જોઈએ. ક્રિયાઓ કરવા તેમજ અનુભવગ્રહણ માટે સતેજ અને સૂક્ષ્મ અનુભવ કરી શકે તેવી જ્ઞાનેંદ્રિયો અને કર્મ – ઇંદ્રિયોનો વિકાસ સ્વાભાવિક રીતે થવો ખૂબ જરૂરી છે. શિક્ષણની પ્રક્રિયામાં બાળકને સ્વતંત્રતા મળવી અને તેને માટે સ્વયંસ્ફુરણા જરૂરી છે. બાળક પ્રત્યેનો દરેકનો વ્યવહાર માનસશાસ્ત્રીય હોવો જોઈએ.

ગિજુભાઈમાં આ વિચારોનો ઉદ્ભવ સ્વયંભૂ થયો પરંતુ તેનો આત્મસાક્ષાત્કાર મૉન્ટેસોરી અને બીજા યુરોપિયન કેળવણીકારોનાં પુસ્તકોથી થયો છે. ગિજુભાઈના પુરોગામીઓ તરીકે અંગ્રેજી કેળવણીકાર - જોન લોક, ફ્રેંચ કેળવણીકાર - ડોન્દીલેક, સ્પેનીશ યહૂદી કેળવણીકાર - જેકબ પેરેરા, રૂસોના શિષ્ય-પેસ્તોલોઝી, ફ્રોબેલ, ઇટાર્ડ, સેંગુઈન, મહર્ષિ ટોલ્સટોય, મૉન્ટેસોરી, એ. એસ નીલ અને સ્વામી વિવેકાનંદને ગણાવી શકાય.

ઉપરોક્ત તમામ વ્યક્તિત્વોના કેળવણી વિષયક વિચારોનો ઉલ્લેખ ગિજુભાઈએ તેમનાં વિવિધ પુસ્તકો – મૉન્ટેસોરી પદ્ધતિ , રૂસોથી મૉન્ટેસોરીમાં ખાસ કરીને કર્યો છે.

**ગિજુભાઈની દૃષ્ટિએ બાળ કેળવણીની ફિલસૂફી:**

'કાખે બેસાડીને ચોંટિયો ભરતાં ભરતાં પોતાના બાળકને 'હાં, મારા .. ને ભણવું છે ક્યાં ?' એવી ગાળો દેતાં દેતાં એક વાણિયાને જ્યારે લઈ જતો જોયો ત્યારે મારો અંતરાત્મા કકળી ઊઠ્યો. મારું શાળાનું બાલજીવન સાંભરી આવ્યું. અનેક શક્તિઓના એ જૂના વધસ્થાને જાણે મને કહ્યું કે, 'ઊભો થા, વકીલાત છોડી દે.' હું ભાગ્યો. નવી દૃષ્ટિની પાંચ વર્ષ ઉપાસના કરી અને મેં સર્વવ્યાપી, સર્વદેશી એવાં જીવનતત્ત્વોનો પ્રત્યક્ષ અનુભવ કર્યો. -ગિજુભાઈ

જુગતરામભાઈએ ગિજુભાઈને બાળકોના ગાંધીનું બિરુદ આપ્યું.

મૉન્ટેસોરીની બાળકો પ્રત્યે વર્તવાની નવી દૃષ્ટિને ગિજુભાઈએ બાળસમાજ પરત્વે ફેલાવી. ગુજરાતી મા-બાપોને તથા શિક્ષકોને નવા સંસ્કાર આપ્યા. ગાંધીજીએ જે વાત પર એમના આશ્રમમાં અહિંસાની દૃષ્ટિએ ભાર મૂક્યો, તેને ગિજુભાઈએ મા-બાપ તથા શિક્ષકના સ્વાભાવિક વાત્સલ્યને જાગૃત કરી, શિક્ષણશાસ્ત્રથી શુદ્ધ કરી તથા બાલમંદિરની કલાથી શણગારી લોકપ્રિય કરી અહિંસક સંસ્કૃતિનો પાયો નાખવામાં ગિજુભાઈએ આ રીતે એક બહુ મોટો ભાગ ભજવ્યો છે.

(૧) બાલમંદિરમાંથી – શિક્ષાનો નાશ કરીને જગતમાંથી હિસાનું, દબાણનું અને જુલમનું તત્ત્વ કાયમને માટે નાબૂદ કરવું.

(૨) બાળકને શિક્ષા કરીને અસંયમી વૃત્તિ દાખવવાનું બંધ કરવું.

**ગિજુભાઈની શિક્ષણ વિષયક ફિલસૂફી :**

(૧) બાળકનું સ્વતંત્ર વ્યક્તિત્વ - આપણી ઇચ્છાઓ, લાગણીઓ અને સારા નરસાના વિવેક બાળકો ઉપર લાદવામાં કેવું ભયંકર નુકસાન છે તે વિચારને ગિજુભાઈએ સ્વીકાર્યો. આ વિચારોને અમલમાં મૂકવા માટે બાલસન્માનની ભાવનાની જરૂરને મહત્ત્વ આપ્યું. બાલમંદિરનાં બાળકોને વાંચન માટે બાલસાહિત્ય તૈયાર કર્યુ .

(૨) સ્વાધીનતા - સ્વાલંબન : બાળકના આત્મામાં સ્વાલંબનની વૃત્તિ રહેલી હોય છે. બાળકના આત્માની આ વૃત્તિને આપણાં ઘરોમાં આપણે ડગલે ને પગલે કેવી ભયંકર રીતે છૂંદી નાખીએ છીએ ?

(૩) સ્વાતંત્ર્ય : વિકસતા બાળકને સ્વાતંત્ર્ય મળવું જોઈએ. તેને વિકાસક પરિસ્થિતિમાંથી પ્રવૃત્તિની પસંદગીની અને સ્ફુરણા થાય ત્યારે પ્રવૃત્તિ કરવાની છૂટ મળવી જોઈએ. આપણા પરના આધારમાંથી મુક્ત કરીને બાળકને બાળક પોતાના ઉપર આધાર રાખતું કરવું તે સ્વતંત્રતાના માર્ગે દોરવું તેમ છે.

(૪) સ્વ નિયમન – કોઈ પણ પ્રવૃત્તિ જો હુકમથી બાળકો પર લાદી શકાય નહીં. પ્રવૃત્તિ સ્વયંસ્ફુરતી હોવી જોઈએ એટલે કે બાળકની વિકાસની જરૂરિયાતમાંથી જન્મવી જોઈએ અને તે જન્મે જ છે કારણકે વિકાસ માટે મનુષ્ય સંભવતઃ પ્રવૃત્તિ કરવા માંગે છે અને જીવનની અંતઃશક્તિનો જે પ્રવૃત્તિ તરફ સ્વાભાવિક રીતે અને રુકાવટ વિના મળે તે જ પ્રવૃત્તિ નિયમન આપનારી છે. આ જાતની પ્રવૃત્તિ મનુષ્યમાં / બાળકમાં સુવ્યવસ્થા લાવે છે. તેની સમક્ષ વિકાસની અનંત શક્યતાઓના પ્રદેશો ઉઘાડે છે. આવી પ્રવૃત્તિ બાળક જ્યાં સુધી તે પોષક અને વિકાસક છે ત્યાં સુધીં રાજીખુશીથી વાંરવાર કરે છે.

(૫) બાળકોની અભિવ્યક્તિઓ - બાળકોના હૃદયના વિકાસમાં થતાં સર્જનશક્તિની ખિલવટમાં અભિવ્યક્તિ ખૂબ મદદરૂપ છે, બાલવાર્તા, બાલનાટક, લોકગીતો, લોકવાર્તાઓ, કલાસંગ્રહ વગેરે. ગિજુભાઈએ તેમના એક પુસ્તકની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે આજે જયારે બુદ્ધિના અતિવિકાસમાં દુષ્પરિણામો આવ્યાં છે, ત્યારે હૃદયના વિકાસને આપણે કદી પણ ન ભૂલીએ , એટલું જ નહીં પણ તેના ઉપર જ ધ્યાન આપીએ.' પ્રાથમિક શાળામાં કલાકારીગરીનું શિક્ષણ, લોકશિક્ષણ અને કલાસંગ્રહની પ્રવૃત્તિઓ માટે 'કલામંદિર'નો અલગ ખ્યાલ આપ્યો. બાળકો સાથેની વાતચીત, માટીકામ, બાગાયત, શણગાર, ફૂલો ગોઠવવાં એવી અનેક પ્રવૃત્તિઓ તેમણે આપી.

(૬) કુદરત પરિચય - કુદરતના પરિચય દ્વારા બાળકનો વિકાસ થાય છે. એ વિચાર ગિજુભાઈની ફિલસૂફીનો એક અગત્યનો વિચાર છે. નાના- મોટા બાલપ્રવાસો, પશુપંખીના ઉછેર, વૃક્ષો અને વનસ્પતિ પરિચય, આકાશના તારાઓનો પરિચય, માળા શોધવા અને ઇયળોનું અવલોકન કરવું. કુદરતની કેળવણીની પ્રાણપોષકતા ઉપર ગિજુભાઈએ સૌથી વધુ ભાર દીધો છે. તેમણે કહ્યું છે કે, ''શરીર અને આત્માના નૈસર્ગિક વિકાસનો એ રસ્તો છે કે બાળકને સીધી રીતે જીવંત

કુદરતનાં પ્રાણવાન બળોના સહવાસમાં છોડી દેવું જોઈએ અને સૃષ્ટિની સમૃદ્ધિના ભંડારોમાંથી જે જે જોઈએ તે તેને છૂટથી લેવા દેવું જોઈએ. કુદરત સાથે બાળકનો આવો યોગ કરવો હોય તો બાળકને કૃષિકામમાં તેમજ છોડ અને પ્રાણીઓના ઉછેરકામમાં યોજવું જોઈએ અને એમ કરીને તેને કુદરતનો સુપરિચય અને કુદરતની સમાધિ પ્રાપ્ત કરાવવી જોઈએ.''

(૭) ઇંદ્રિય શિક્ષણ : ગિજુભાઈએ નોધ્યું છે કે, બાળકની ઇંદ્રિયો પરિપૂર્ણ વિકાસને પામે છે ત્યારે આખી દુનિયા તેણે જીવંત લાગે છે. દુનિયાના ભિન્ન ભિન્ન પદાર્થો, ધ્વનિ, રસ, રૂપ, ગંધ વગેરે બાળકને લાંબા હાથ કરીને સ્વાગત આપીને કહે છે કે 'અહીં આવો, મારો રંગ આવો છે, મારું રૂપ આવું છે, મારી ગંધ આવી છે, મારો ધ્વનિ આવો છે.' જ્યારે બાળકને આમ કુદરત અને મનુષ્યકૃતિ આમંત્રી રહે ત્યારે સમજવું કે બાળકમાં ઇંદ્રિયોની કેળવણી પૂર્ણતાએ પહોંચી છે.

(૮) શિક્ષકનું સ્થાન : શિક્ષકનો પ્રથમ ગુણ - અવલોકન કરવાનો, બીજો ગુણ - વાણી સંયમનો અને ત્રીજો ગુણ - નિરાભિમાનપૂર્ણ સ્વભાવનો છે. અન્ય ગુણો - નિરીક્ષણ કરવાની શક્તિ, ખંત, ઉદ્યોગ, ધીરજ, પરિણામ માટે, ઉતાવળાપણું નહિ, તાત્કાલિક નિર્ણય કરવાની શક્તિ અને ચોકસાઈ મહત્ત્વનાં છે.

અતિ મહત્ત્વનો ગુણ - બાળકમાં અસાધારણ વિશ્વાસ : તેઓ કહે છે કે, શિક્ષકની દૃષ્ટિ વૈજ્ઞાનિક જેવી ચોક્કસ અને નિમૂળ જોઈએ તેમજ સંત પુરુષોના જેવી પ્રેમી અને આધ્યાત્મિક જોઈએ. વિજ્ઞાનનું ચોક્કસપણું સંતનું પાવિત્ર્ય શિક્ષકની તૈયારીના બે આધારભૂત સ્તંભો છેં. શિક્ષકની વૃત્તિ એક સાથે શાસ્ત્રીય અને દૈવી હોવી જોઈએ.

બાલમંદિર : બાલવિકાસને અવલોકવાનું પ્રયોગસ્થાન : ગિજુભાઈનો એક વિચાર એ પણ છે કે - બાલમંદિરને બાલવિકાસને અવલોકવાનું ઉતમ પ્રયોગસ્થાન બનાવવું જોઈએ. ગિજુભાઈ કહે છે, ''હું બાળકોને જાતજાતના વિષયો ભણાવવા માંગતો જ નથી કારણ એ છે કે બાળકો એ શું ભણવું જોઈએ અને શું ન ભણવું જોઈએ અથવા તો એમને શું ભણાવવું જોઈએ અને શું ન ભણાવવું જોઈએ એનો પાકો નિર્ણય હજુ સુધી હું કરી શક્યો નથી. એવો નિર્ણય કરવો ધર્મ્ય છે કે અધર્મ્ય ને એવો નિર્ણય બાળકોને હિતાવહ થશે કે અહિતાવહ તે હું આજની ઘડીએ સમજી શક્યો નથી પરંતુ હું દઢતાથી માનું છું કે બાળકના વિકાસના અવલોકનના પ્રયત્નમાં અને પ્રબંધમાં બાલમંદિરનાં બાળકોનો શિક્ષણ પ્રબંધ સાથે સાથે જ બનતો જશે.

ગિજુભાઈની વૈજ્ઞાનિક દૃષ્ટિ : ડૉ. મૉન્ટેસોરીએ બાળકોના જે વ્યાપારોનું અવલોકન કર્યું છે, તે વ્યાપારો સંપૂર્ણ છે. એમ માનવાને કશું કારણ નથી. નવાં દર્શન કરવાનો માર્ગ ખૂલ્યો છે. આપણે નવી દિશાઓમાં પ્રયોગો કરી શકીએ અને સિદ્ધાંત અનુસાર નવાં સાધનો બનાવી શકીએ તો તે આધ્યપ્રણેતા ડો. મૉન્ટેસોરીને ભેટ ધરી શકીએ.

બાળકના વિકાસમાં શાળાના વાતાવરણનો ફાળો : શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે દરેક વ્યક્તિને જે બધું જરૂરી છે તે બધું જે વાતાવરણમાં મેળવી શકાય તે વાતાવરણ જીવનના વિકાસ માટે ઉતમ છે.

શારીરિક વિકાસ માટે : ખુલ્લી હવા, સ્વચ્છતા, અનુકૂળ એવું સમશીતોષ્ણ વાતાવરણ પૌષ્ટિક ખોરાક, બાગ , વિશાળ અગાશીઓ /ઓશરીઓ જરૂરી છે.

માનસિક વિકાસ માટે : સૌંદર્યપ્રધાન વાતાવરણ સૌંદર્ય ધ્યાનને પ્રેરે છે અને થાકેલા મનનો આરામ, શાંતિ અને આનંદ આપે છે. બાળકને હેતુપૂર્વકની હલનચલનની ક્રિયાઓ સ્વતંત્રતાભરી રીતે મળે તે માટે શાળામાં જીવનવ્યવહારની પ્રવૃત્તિઓ પણ હોવી જોઈએ.આધ્યાત્મિક વિકાસ માટે : સંગીત, કલા અને સાહિત્યનો અભ્યાસ તથા સત્સંગ અને શાળાનું આદર્શમય વાતાવરણ જરૂરી છે.

બાળકનું મન ચંચળ નથી : બાળકનું મન ચંચળ છે. એક ક્ષણ પણ તે સ્થિર બેસી શકે નહીં. આ વિચારને

તે ખોટો માને છે. પરંતુ બાળકની એકાગ્રતામાં સહજ રીતે જ વિપેક્ષ નાખે એવાં વિઘ્નો દૂર કરવાનું જરૂર કહે છે.

**ગિજુભાઈની 'બાલશિક્ષણ પદ્ધતિ': સુંદર બાલશિક્ષણ પદ્ધતિ:**

બાલમંદિરનો કાર્યક્રમ: ગિજુભાઈએ સૂચવ્યું કે, બાળકોનો હેતથી નમસ્કારવિધિથી આવકાર કરવો જોઈએ. તેમનાં હાથ, નાક, નખ, દાંત, કાન અને વાળની તપાસ કરવા જોઈએ. બાળકો સાથે મુક્ત વાતચીત કરવી જોઈએ. સહુએ સાથે મળીને સંગીત અને સંગત સાથે મોટાંઓ - નાનાંઓ બધાં જ ગીતો ગાય. સાધનખંડમાં સાધનરમત રમવી જોઈએ. વાર્તા અને વાર્તાનું નાટ્ય રૂપાંતર, ખાસ કરીને ઘરગથ્થુ વેશ-પરિધાન અને આસપાસની વસ્તુઓમાંથી સજાવટને મહત્ત્વ આપવું જોઈએ. નાસ્તાની પ્રવૃત્તિ અને ધ્યાનની રમત, બાગકામ, અભિનય ગીતો અને વિદાય - આ બધી પ્રવૃત્તિઓનો સુમેળ કરવો જોઈએ. ત્યાર બાદ સહકાર્યકારો સાથે આખા દિવસનાં કામ, બાળકોના અવલોકન અને અનુભવોની આપ-લે ની ચર્ચા થવી જોઈએ.

બાલમંદિરની શિક્ષણપદ્ધતિ : આ શિક્ષણપદ્ધતિમાં ખાસ કરીને ઇંદ્રિયશિક્ષણનું ખાસ મહત્ત્વ છે. સંગીત, શાંતિની રમત, જીવનવ્યવહાર, મુક્ત વ્યવસાયનાં કામો, ભાષાશિક્ષણ, ગણિતશિક્ષણ, કુદરત-પરિચય, વાર્તા, નાટક, ચિત્ર, બાલરમતો, પ્રવાસ વગેરેનો સમાવેશ થાય છે.

બાળકેળવણીનો પ્રસાર : 'હું આપણાં લાખો બાળકોનો વિચાર કરું છું. આપણી આંખ આગળ લાખો બાળકો રહેંસાતાં હોય અને આપણે તે ઊભા ઊભા જોયા કરીએ એ કેમ બને ? અત્યારે તો એક જ વાત. આ બાળકોના ખૂન થતાં અટકે તે માટે શંખ ફૂંકો ને જેઓના કાન બહેરા થઈ ગયા છે તેમના કાનને પણ ફાડી નાખે એવો અવાજ કરો. હું આજે એવો શંખ ફૂંકું છું.'

'આજે તો બાળકેળવણીનું એક મોટું મોજું ઊભું થઈ જાય એટલું થાય તો મારે બસ છે. સંગીન કામ કરનારા મારી પાછળ ચાલ્યા આવતા હું દેખું છું.'

ગિજુભાઈની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તેમનાં શિષ્યો નૂતન બાલશિક્ષણ સંઘનાં કાર્યક્ષેત્રો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, સિંધ વગેરે જેવાં સ્થળોએ જમાવવાં લાગ્યાં. નૂતન બાલશિક્ષણ સંઘનું પ્રથમ સંમેલન ભાવનગરમાં ભરાયું. સંઘનું મુખપત્ર 'શિક્ષણ પ્રત્રિકા' શરૂ થયું. સહુ વિચારવંત લોકોને બાળકો પ્રત્યેની અભિમુખતા માટે નૂતન બાલશિક્ષણ સંઘનાં અધિવેશનોએ મહત્તમ ફાળો આપ્યો છે. બાલમંદિરમાં ભણી ગયેલાં ભૂલકાંઓ ફરીથી બાલમંદિરમાં મળતાં અને બચપણની વાતો યાદ કરતાં ગીતો ગાતાં, નાટકો ભજવતાં. ભાવી નાગરિકોના દિલમાં પોતાની શિક્ષણ સંસ્થા-માતૃસંસ્થા સાથે હૃદયનો સંબંધ બાંધવામાં આવાં સંમેલનોએ ખૂબ અમૂલ્ય ફાળો આપ્યો.

ગિજુભાઈના માર્ગદર્શનથી તારાબહેને 'Montessori own handbook' નું ભાષાંતર 'મૉન્ટેસરી પ્રવેશિકા' ને નામે કર્યું. ઘણાં પુસ્તકોમાં ગિજુભાઈએ એકલી સૈદ્ધાંતિક ચર્ચાઓ કરવાને બદલે વ્યવહારુ ઉદાહરણો ખૂબ આપ્યાં છે. પ્રાથમિક શાળા માટેના શિક્ષકો માટેનાં પુસ્તકો એ ગિજુભાઈના અનુભવનો નિચોડ આપતા ગ્રંથો છે. બાલમંદિરમાં વિષયોના શિક્ષણના સાહિત્યમાં પોતે કરેલા અનુભવો આધારિત લખાણો છે. જીવન અનુભવોની ભૂમિકા પરના ભવ્ય સ્વપ્ન સમું 'દિવાસ્વપ્ન' થી કેટલાયે બાલ શિક્ષકો રંગાઈ ગયા છે.

શ્રી હરભાઈ ત્રિવેદીએ 'દિવાસ્વપ્ન' પરની નોંધમાં લખ્યું છે : 'આખું પુસ્તક ગઈકાલની પ્રાથમિક કેળવણીની નાનકડી સમાલોચના જેવું તેમજ આવતીકાલની નવીન પ્રાથમિક શાળાના મનોહર અને સ્પષ્ટ દર્શન જેવું છે. વાર્તાની શૈલીમાં લખવામાં આવ્યું

છે એ તેની વિશિષ્ટતા છે. ગિજુભાઈ મારા બહુ જ નજીકના મિત્ર છે. તેમનાં લખાણો ઉપર હું હંમેશાં શકરા જેવી દૃષ્ટિ રાખવાવાળો છું. અને એમનાં લખાણોથી સૌએ સો ટકા મુગ્ધ થાઉં તેવું ભાગ્યે જ લખ્યું છે. આમ છતાં ગિજુભાઈના આ પુસ્તકે તો મને ખરેખર મુગ્ધ બનાવ્યો છે.'

ગિજુભાઈ માનતા હતા કે નૂતન શિક્ષણ તો જ સફળ થશે. જો મા-બાપોની પોતાનાં બાળકો પ્રત્યેની દૃષ્ટિ બદલાય અને આપણાં કાર્યમાં તેઓ મદદરૂપ થાય. મા-બાપોની ચોક્કસ ફરજોનું ભાન કરાવનારાં અને માર્ગદર્શન આપનારાં પુસ્તકો તેમણે નાનાં નાનાં પ્રસંગો કે ઉદાહરણો દ્વારા સાદી અને સરળ ભાષામાં લખ્યાં છે. બાળકોના ઉછેરમાં પ્રેમભર્યું કુટુમ્બજીવન ઘણો અગત્યનો ભાગ ભજવે છે એ વાત આ પુસ્તકોમાં સરસ રીતે નિરૂપાઈ છે.

ગિજુભાઈએ ઘણાં સામયિકો ચલાવેલાં. જેમાં, શિક્ષણપત્રિકા અને દક્ષિણામૂર્તિ, ગિજુભાઈ અને તારાબહેને 'વસંત બાલ શિક્ષણ પ્રચારમાળા' અને 'મૉન્ટેસરી શિક્ષણ પ્રચારમાળા'માં બાળકોની અને નૂતન શિક્ષણની વાતો સમજાવતી અનેક નાની-નાની પુસ્તિકાઓ લખી હતી. ગિજુભાઈ નોંધે છે કે 'કેળવણીની દુનિયામાં હું અમુક એક જ વ્યક્તિ કે સિદ્ધાંતનો કેવળ ઉપાસક નથી, પરંતુ પ્રમુખ વ્યક્તિ અને સિદ્ધાંતની ઉપાસના સાથે સત્યના મુખનું દર્શન કરવા સ્વાનુભાવથી પુરુષાર્થ કરી રહ્યો છું.

ગિજુભાઈના ચિંતન સાહિત્યમાં 'શાંતપળોમાં' એને પ્રાસંગિક મનન' એ બંને પુસ્તકો ચિંતન ગ્રંથો છે. ગિજુભાઈના આધ્યાત્મિક હૃદયમાં નિર્ઝરેલ ચિંતનસૃષ્ટિ આ ગ્રંથોમાં દૃષ્ટિગોચાર થાય છે.

ગિજુભાઈનું 'રાષ્ટ્રીય શિક્ષક તરીકે'નું નોંધપાત્ર પ્રદાન સમજવું રહ્યું.

''ઘણાંઓ એમ માને છે કે કૃષ્ણ —સુદામા જેવા આજે આદર્શ વિદ્યાર્થીઓ ક્યાં છે ? ગુરુ માટે લાકડાં લેવા જવાની હોંશ આજે ક્યાં છે ?'' 'પણ આજે હવે એ સુદામા અને કૃષ્ણના આદર્શોની આશા રાખ્યે કામ નહીં આવે. આજે તો લેનિનની જેમ વિદ્યાર્થીઓ સાથે જારના રોટલાનો ટુકડો ખાઈને ગુરુઓ ફરશે અને બાળકોને શિક્ષણ આપશે તો જ આજે દુનિયામાં ટકાશે, નહીં તો તેમનો વહેલો નાશ થશે.'

શિક્ષણ વિશે ગિજુભાઈની આગવી વિચાર પદ્ધતિ હતી. ગાંધીજી કહે છે કે, 'આ અહિંસક સંગ્રામમાં સ્ત્રીઓ કે પુરુષો, યુવાનો કે વૃદ્ધો, અરે નાનાં બાળકો પણ ભાગ લઈ શકે. હું એક શિક્ષક છું. બાલશિક્ષક છું, મારા વતનના મુક્તિભયમાં કઈ રીતે ફાળો આપી શકું ! ગિજુભાઈના આ રાષ્ટ્રીય આત્માના આગવા વિચારમંથનમાંથી અક્ષરજ્ઞાન યોજના', 'બાળકીડાંગણની યોજના', 'વાનરસેનાનાં કામો' અને બાલવાડી-આંગણવાડીની પ્રવૃત્તિઓ - આકાર પામી.

બાલમંદિરના પગી બીજલને એક મહિનામાં વાંચતો કરવાના પ્રયોગમાંથી ગિજુભાઈએ 'ચાલો વાંચીએ' પુસ્તિકા તૈયાર કરી. ગુજરાતના નવયુવાનોને હાકલ કરી: 'આ ''અક્ષરજ્ઞાન યોજના'' નો ઉદ્દેશ હરેક હિન્દી જણને અને આજે આપણી માતૃભાષા ગુજરાતી, દ્વારા હરેક અભણ ગુજરાતીને વાંચતો કરવાની છે.' 'ચીનના જુવાનોએ એક જ વર્ષમાં ચીનને અક્ષરજ્ઞાનવાળો કરી મૂક્યો ! યુવાનો ધારે તો ગુજરાતની નિરક્ષરતા કેટલા દિવસ નભે ? આપણે સૌ - જુવાન કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ જે કોઈ ભણેલ છે અને ભણાવી જાણે છે તે સૌ આમાં મેદાને પડો અને કેટલાયે વખતથી આપણને સીધી અને આડકતરી રીતે પીસી રહેલા અજ્ઞાનને દૂર કરવા ઝૂકી જાઓ. ઈશ્વર આપણો પ્રયત્ન પાર પાડશે.'' ગિજુભાઈએ ઘણા સાથીદારોને તૈયાર કર્યા અને અક્ષરજ્ઞાનનું એક એક થાણું તેમને સોંપી દીધું.

૧૯૩૦-૩૧માં બારડોલી તાલુકાના હિજરતી ખેડૂતો નવસારી તાલુકામાં જંગલમાં માંડવા બાંધી રહેતા હતા. બાલ શિક્ષક ગિજુભાઈએ એ માંડવાઓમાં નાનાં છોકરાંઓને એકઠાં કરી શિક્ષણ યજ્ઞ આદર્યો. આજ

વખતે ગિજુભાઈએ ગામે ગામ અને શહેરે શહેર બાળકોની વાંદરસેના અને સાવ નાનાં બાળકોની માંજરસેનાની પ્રવૃત્તિઓ ઉપાડી.

ગિજુભાઈ કહેતા '...ગામડા માટે આપણને મૉન્ટેસોરી પદ્ધતિ ફેંકી દેવા જેવી લાગત તો તે નિર્ભયતાની કેળવણી આપનારી ન હોત.' સ્વાશ્રયી બનાવનારી ન હોત, નિર્મળ જ્ઞાનદાતા ન હોત અને ગુલામીમાંથી મુક્તિ આપનારી ન હોત.' મૉન્ટેસોરીનો પ્રાણ જ્યાં હોય અને ગરીબ ગામડું જેને પોતાને ત્યાં પોષી શકે એવું મૉન્ટેસોરી શાળાનું સ્વરૂપ કેવું હોઈ શકે ? ગિજુભાઈના નિધન બાદ તારાબહેન અને જુગતરામભાઈએ - ગિજુભાઈના સાથીદારોએ વર્ષોની તપસ્યા પછી ગામડાનાં અકિંચન બાળકો માટે બાલવાડી-આંગણવાડી-ફળિયાવાડીઓ ઊભી કરી અને ગુજરાતવ્યાપી કરવાની સાથે રાષ્ટ્રવ્યાપી કરી.

ગિજુભાઈની નજર સમક્ષ દેશનાં નાનાં, ભૂખ્યાં, શેરીઓમાં હિજરતાં લાખો બાળકો છે. તેઓ વિમાસે છે : 'આજે દેશમાં લાખો બાળકો ઘરમાં અને શેરીમાં સડે છે. તેમનો પ્રાણ હણાય છે. ઘણી બધી સારી શાળાઓ કરતાં તો વખત જાય તેવી શાળાઓ કર્યે જ છૂટકો છે ને કરવા મંડવાનું છે. એ તો કબૂલ જ છે. પરંતુ અત્યારે ? આપણે સ્થળે સ્થળે "બાળક્રીડાંગણો" સ્થાપવાં જોઈએ, જે બાળકોના વિકાસને પોષક અને વિકાસક એવી ક્રીડાઓ આપે.'

ગિજુભાઈએ બાલક્રીડાંગણની પ્રવૃત્તિઓ ખૂબ સરસ રીતે બાળકોના મનોશારીરિક વિકાસ અને જરૂરિયાતને અનુલક્ષીને સૂચવી છે. આ પ્રવૃત્તિઓમાં અંગરક્ષણ અને સ્વચ્છતા પ્રેરક પ્રવૃત્તિઓ, અંગબલ અને સ્ફૂર્તિ તથા આંનદ માટેની કસરતો અને રમતો, બાળકોને સામાજિક જીવન માટે લાયક કરવાની તાલીમ, બાળકોના બુદ્ધિવિકાસ માટે બાળમનને રુચિકર પ્રવૃત્તિઓ કરાવવી જોઈએ. ગિજુભાઈએ ભારપૂર્વક જણાવ્યું છે કે ક્રીડાંગણ એટલે સંસ્કારભૂમિ - સ્વાભાવિક ધર્મ અને સુનીતિનું વાતાવરણ.

કેટલાક પુરુષોની દૃષ્ટિ કાળને વીંધીને તેની પેલી પર દૂર દૂર સુધી જોવી શકતી હોય છે. ગિજુભાઈ આવા પુરુષોમાંના એક હતાં. ગિજુભાઈએ તેમનું કેળવણીમાં પ્રદાન જીવંત વ્યક્તિઓ રૂપે પણ આપ્યું છે. બાળકોના કલ્યાણ માટેનો એક નિત્ય પ્રજ્વલિત મહાગ્નિ ગિજુભાઈના હૃદયમાં સળગતો હતો અને આથી જે કોઈ તેમના પરિચયમાં આવ્યા તે સૌને તેમણે બાલહિતની દૃષ્ટિએ વિચારતાં કરી મૂક્યાં. ગિજુભાઈએ તારાબહેન મોડક, મોંઘીબહેન બધેકા, નર્મદાબહેન રાવલ, ચંદુભાઈ ભટ્ટ અને નરેન્દ્રભાઈ - વિમુબહેન સ્વરૂપે આપણને અર્પેલી કીમતી સંપત્તિ છે.

ગિજુભાઈની મહત્તા : ચૈતન્યપૂંજ ગિજુભાઈ

ગિજુભાઈએ સૌને કહ્યું : "શિક્ષકોએ અને મા-બાપોએ કરેલી અને બાળકોના હક માટે થયેલી લડત ભલે ઇતિહાસમાં ન થઈ હોય, પણ આપણે તો કરીએ !'


"આ યુદ્ધ આપણે આપણી સંકુચિતતા સામે, આપણા મતાગ્રહો સામે, આપણા અજ્ઞાન સામે, આપણી પોતાની ગુલામી સામે, આપણા ભેદભાવ અને આપણી નાસ્તિકતા સામે કરીએ !

ગિજુભાઈના પ્રદાનનું મૂલ્યઃ

કોઈ પણ મહાપુરુષના કાર્યને મૂલવવાનું કાર્ય કોઈ આર્ષદૃષ્ટિવાળા મહાપુરુષો જ કરી શકે. પરંતુ ગિજુભાઈના કાર્યનું કેટલુંક મૂલ્ય અને મહત્ત્વ નીચેના મુદ્દાઓમાં જણાશે.

૧. મહાન શોધ : વિશ્વશાંતિની ગુરુકિલ્લી.
૨. અસામાજિકતાનો ઉપાય.
૩. સંહારકતા અને આક્રમતાનો ઉપાય.
૪. ભવ્ય અહિંસક ક્રાંતિ.
૫. લાંચ રુશ્વતનો ઉપાય.
૬. સ્વાધીનતા અને શિક્ષણના સંસ્કાર.
૭. પ્રેમ પરિપ્લાવિત સમાજની શક્યતા.
૮. શિક્ષણની તેજોમયતાની ચાવી.
૯. યુરોપિયન કેળવણીકારોની પ્રશંસા.
૧૦. ગુજરાત અને ભારતના ઘડવૈયા.

# અપરિચિત સંબંધ ક્યાં સુધી વિસ્તર્યો !
# ગિજુદાદા અને હું



ડૉ. વિજય સેવક
મો. ૯૮૨૫૧૩૦૨૦૯

વાંચવાનો શૉખ મને નાનપણથી. આજે વાહન-વ્યવહારનાં સાધનો વધવાથી બે સ્થળો વચ્ચેનું અંતર ટૂંકું લાગે છે (હોતું નથી), પણ વર્ષો પહેલાં એટલે કે ૬૧-૬૨ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રનાં શહેરો- ભાવનગર, રાજકોટ, સુરેન્દ્રનગર મારા ગામ- રણછોડજીના ધામ ડાકોરથી ઘણાં દૂ...ર લાગતાં. પણ આ શહેરો અને બજાણા, મૂળી જેવાં ગામ/ગામડાંથી હું પરિચિત- કારણ કે મારી મા (એને હું મમ્મી કહેતો) સૌરાષ્ટ્રની- વઢવાણ-લીંબડીની. વળી તેના પપ્પા એટલે કે મારા દાદા- હિંદીમાં નાના- આફ્રિકામાં રહેલા એટલે મારી મમ્મી પણ નાની હતી ત્યારે આફ્રિકાવાસી. દાદાએ આફ્રિકામાં ગાંધીજી સાથે સ્વાતંત્ર્ય લડતમાં કામ પણ કર્યું હતું. જોકે, પછી વિચારભેદને કારણે સમજપૂર્વક છૂટા પણ પડયા હતા. પણ આ બધી વાતોથી મારી મા પરિચિત. વળી તે અંગ્રેજી પણ નાનપણથી જ બોલી જાણે. તેનાં લગ્ન મારા પિતાજી સાથે જ્ઞાતિના જુદા ગોળમાં ઉદાહરણરૂપ કરવામાં આવેલા. સમગ્ર બ્રાહ્મણસમાજનું સંમેલન મળેલું ત્યાં મારા પિતાજીના પિતાશ્રી એટલે કે દાદા અને નાના- બંને આગેવાન હતા-તે મળેલા અને પછી સંબંધ નક્કી થયો હતો. આ સંબંધ માત્ર બે વ્યક્તિના લગ્નસંબંધ પૂરતો સીમિત નહોતો, એ તો બે સંસ્કૃતિનું મિલન હતું- સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિ અને ડાકોરના મંદિરની ભક્તિ સંસ્કૃતિ-વૈષ્ણવ સંસ્કૃતિ. મૂળ વાત એ કે આ બંને સંસ્કૃતિની અસર મારા વ્યક્તિત્વ ઉપર થઈ. અમારા ઘરમાં શિક્ષણનું મહત્ત્વ પહેલેથી જ. મમ્મી અને પપ્પા પહેલેથી જ બાળકોના ભણતર માટે જાગૃત. નિશાળે મૂકતાં પહેલાં અમને પ્રારંભિક એકમો તો શીખવી જ દીધા હોય ! એટલે અમે બધા ભાઈઓ ભણવામાં આગળ... મારું પણ એવું જ. એટલે...

એટલે જ હું ૩-૪ વર્ષનો હતો, શાળાએ મૂક્યો નહોતો ત્યારથી જ મારી માના પ્રતાપે અક્ષરો, શબ્દો અને વાક્યો ઓળખતો થઈ ગયો હતો. મારા ઘરે રોજ છાપું આવે (તે સમયે આ સુવિધા બધાંનાં ઘરે મળતી નહોતી, એ સમય જુદો હતો.) અને વાંચવાનો શૉખ મને નાનપણથી. એટલે સવાર-સવારમાં ફર્શ ઉપર બેસીને, ‘જનસત્તા’નાં પાનાં પાથરીને, કેડમાંથી વળીને છાપું વાંચવાનો મારો નિત્યક્રમ. વળી, શનિવારે ‘નૂતન ગુજરાત’ નામની એકરંગી- બહુધા લાલરંગી પૂર્તિ આવતી. તેમાં એક પાનું હાસ્યનું. રમૂજી ટૂચકા, લેખ, સંવાદો, જોડકણાં અને કાર્ટૂન્સનું એ પાનું. એ પાનું હું વારંવાર વાંચતો. જયંતિ પટેલનો રંગલો બહુ ગમતો. આ રોજેરોજનાં છાપાં અમારા ઘરના બીજા માળે અંદરના છેલ્લા ઓરડામાં મૂકેલા લાકડાના કબાટ નીચેના ટેબલમાં પગ મૂકવાની જગ્યાએ થપ્પો કરીને મૂક્યાં હોય. (આજે પણ તે કબાટ અને ટેબલ છે.) મને જ્યારે વાંચવાની ઇચ્છા થાય ત્યારે એ જૂનાં છાપાં ખંખોળીને વારંવાર વાંચતો. એક વખતની વાત. આવા ખાંખાં-ભંભોળા કરતી વખતે મને એક ચોપડી મળી- બહુ જાડી નહોતી. એનું પૂઠું પણ ફાટી ગયેલું. આગળનાં બે-ચાર પાનાં પણ નહોતાં. જે ઉપરનું પાનું દેખાયું તે મેં વાંચ્યું. મઝા પડી. નાનાં બાળકોની વાત હતી. તેમનાં અને શિક્ષકના અસામાન્ય અનુભવોની વાત હતી. મને રસ પડયો અને હું તેમાં જ ખોવાઈ ગયો. તેમાંની ઘટનાઓ મને બહુ ખેંચતી. પછીથી તો વારંવાર તે ચોપડી વાંચતો... કઈ ચોપડી છે તે જાણ્યા વગર.

એ ચોપડી કઈ હતી તેની જાણ તો મને બહુ મોડી થઈ. ગ્રૅજ્યુએટ થયાના એક વર્ષ પછી સ્વ-ભાન થયું અને હું બી.એડ. કોર્સમાં જોડાયો ત્યારે પણ ના જાણ્યું ! (હવે આશ્ચર્ય થાય છે.) પણ નોકરીએ લાગ્યા પછી જિલ્લા

શિક્ષણ તાલીમ ભવનમાં રિસોર્સ પર્સન તરીકે જવાનું થયું (આભાર જોશીસાહેબ) ત્યારે 'દિવાસ્વપ્ન' વાંચ્યું. ...અને ત્યારે સમજાયું કે બાળપણમાં છાપાંના ઢગલામાંથી મળેલી પૂંઠા અને આગળના પાનાં વગરની એ ચોપડી 'દિવાસ્વપ્ન' હતી. ગિજુભાઈએ બાળકો સાથે કરેલા 'આનંદમય શિક્ષણ'ના પ્રયોગોની વાતો મને બાળપણમાં આકર્ષતી. એટલે તો હું તે વારંવાર વાંચતો. ગિજુભાઈ સાથેનો બાળપણનો એ 'અપરિચિત સંબંધ' પછી એવો તો ગાઢ બન્યો કે તે મારાં કાર્યક્ષેત્ર અને જીવનમાં વણાઈ ગયો.

મારાં ત્રણ કાર્યક્ષેત્રઃ અધ્યાપન, લેખન અને નાટ્ય. અધ્યાપન વેળા વાર્તાકથન કરવાની મને બહુ મઝા પડે તો અધ્યેતાઓને તો પડે જ ને... તેની વિવિધ પ્રયુક્તિઓ પણ મેં વિકસાવી. તેનાં મૂળ છે ગિજુભાઈની વાર્તાઓમાં.

લેખનમાં મેં અખબારી લેખન અને સર્જનાત્મક લેખન કર્યું છે. અખબારી લેખનમાં અહેવાલો, લેખો, આસ્વાદો વગેરે લખવામાં પણ મેં વાર્તાનાં તત્ત્વોનો વિનિયોગ કર્યો છે. વાર્તા દ્વારા ધ્યાન આકર્ષી શકાય અને રસ નિષ્પન્ન કરી શકાય. (આ લેખનું સ્વરૂપ પણ તે જ રીતે ઘડાયું છે ને?)

સર્જનાત્મક લેખનમાં બાળવાર્તાઓ અને બાળનાટકો લખું છું. આ લખવાનો પ્રેરણાસ્રોત છે ગિજુભાઈ. ગિજુભાઈની શૈલીથી હું પ્રભાવિત છું.

નાટ્યક્ષેત્રે ગિજુભાઈ જે પ્રયુક્તિ અપનાવતા તે પ્રયુક્તિ તો ખરી જ, પણ સમયાંતરે સમગ્ર વિશ્વભરમાં જેનો વિકાસ થયો છે તે 'નાટક દ્વારા શિક્ષણ' અને 'નાટ્ય દ્વારા શિક્ષણ' અભિગમનો વિનિયોગ કરવાનું, પ્રયોગો અને સંશોધન કરવાનું અનવરત કાર્ય હું કરું છું તેનાં પાયામાં પણ ગિજુભાઈનું 'દિવાસ્વપ્ન', તેમની વાર્તાઓ અને તેમાં આવતાં ગીતો છે.

હા, નાનો હતો ત્યારે ગિજુભાઈની વાર્તાઓ મારી માએ પાઈ છે. માએ સૂતી વખતે કહેલી 'ટોપરે ઘર છાયાં બચ્ચાં બારણાં ઉઘાડો' અને 'તાજી-માજી થાવા દે, પછી મને ખાજે' આજે પણ ખુલ્લી આંખોએ જોઈ શકું છું. મારાં માજી પણ વાર્તા કહેતાં- રાત્રે જમતાં પહેલાં કે પછી. તેમાં પણ વાંદરાની, કૂતરાની, રાજાની વાતો આવતી. રામાયણ, મહાભારતની અને અન્ય વાતો આવતી.

પણ દરેક ક્ષેત્રમાં વાર્તાતત્ત્વ ખૂબ મહત્ત્વનું છે- અધ્યયન-અધ્યાપન ક્ષેત્રે તો ખાસ- આ સત્ય મને ગિજુભાઈએ જ સમજાવ્યું. તેમણે લખેલી અને કહેલી ઘણી વાર્તાઓ વાંચી છે. બાળકોના આનંદના ગિજુભાઈ કુબેર હતા. તેમનો ખજાનો અખૂટ હતો. તેથી જ...

તેથી જ મને ગિજુભાઈને 'ગિજુદાદા' કહેવું ગમે છે. (ભલે તેમણે ના પાડી હોય.) બાળકને તો દાદા જોડે મસ્તી કરવી ગમે ને !?

તો... મળતાં રહીશું... ગિજુદાદાને યાદ કરતાં રહીશું...

**જેઓ ચોપડી વાંચીને જ્ઞાન મેળવવાની મુરાદ રાખે છે,**
**તેઓ મહેતાજી થશે અને જેઓ બાળકને વાંચીને**
**જ્ઞાન મેળવશે તેઓ કેળવણીકાર થશે.**

**- શ્રી ગિજુભાઈ બધેકા**

# બાળકોને ખીલતાં રાખવાં છે?



શ્રીમતી ગીરા ભટ્ટ
મો. ૯૯૦૯૬૪૧૨૬૨

પ્રત્યેક વિદ્યાલયનો ઉદ્દેશ્ય બાળકને ખીલવા દેવાનો અને તેને ખોલવાનો હોવો જોઈએ. બાળક શાળામાં શિક્ષક પાસે ખૂલીને વાત કરી ન શકે તો એ વ્યવસ્થા કેવી ? ગિજુભાઈએ બાળકને આરાધ્ય દેવ માનીને તેની સાચા અર્થમાં સાધના કરી છે. જે આજે પણ આપણા માટે અનુકરણીય છે. ગિજુભાઈએ કહ્યું હતું કે, "એક સારું પુસ્તકાલય અનેક શિક્ષકોની ગરજ સારે છે. શિક્ષકની જેમ પુસ્તકાલય વિદ્યાર્થીઓને ધમકાવતું નથી, શિસ્ત પળાવતું નથી, ખોટી સ્પર્ધામાં ઉતારતું નથી, પરીક્ષાનો ભય પેદા કરતું નથી. તે પ્રેમથી, વિનયથી, રસ વડે તેમાં આવનારને ભણાવે છે. હરેક શાળામાં પુસ્તકાલય એક અધિક શિક્ષણ તરીકે ગણાવું જોઈએ અને શિક્ષકે પોતે બધો વખત શીખવવાનો મમત રાખવા કરતાં વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં વધારે ને વધારે છૂટા મૂકવા જોઈએ."

આપણે સહુ એ વાત જાણીએ છીએ કે પ્રીત પરાણે ન થાય. છતાં પણ આપણે... આપણા બાળકની આંખ ખૂલતી ન હોય છતાં પથારીમાંથી બેઠો કરી દઈએ છીએ. એની અનિચ્છા, થાક, આળસ, અણગમો, મરજી-નામરજી એવું કશુંય જોયા-જાણ્યા ને સમજ્યા વિના બાળમંદિર કે શાળાએ તગેડીએ છીએ. એ શાળામાં કે ઘેર, આમ ઈચ્છા વિરુદ્ધ ભણે છે, લખે છે કે દાખલા ગણે છે. પણ એમાં એનું મન ક્યાં ? ઊંડા ઊતરવાની કળા ક્યાં ? સમજીને આગળ વધવાની તરકીબ ક્યાં? શું આપણે ક્યારેય બાળકની મરજીને સમજીએ છીએ ખરાં ?

આ વાતને લઈને ગિજુભાઈનો એક પ્રસંગ યાદ આવે છે. ગિજુભાઈ એક દિવસ એક કેળવણીના વડા પાસે ગયા. ત્યાં જઈને પ્રાથમિક શાળાનો એક વર્ગ સોંપવાની માગણી કરી. એ સાંભળીને ઉપરી સાહેબ જરા હસ્યા અને કહ્યું, "રહેવા દો તો ? એ કામ તમારાથી નહિ બને. છોકરાં ભણાવવાં અને તેમાંય પ્રાથમિક શાળાનાં છોકરાંને, એમાં તો નેવાનાં પાણીને મોભે ચડાવવાં પડે છે. વળી, તમે તો લેખક અને વિચારક રહ્યા. ટેબલ પર લેખો લખવાનું સહેલું છે, કલ્પનામાં ભણાવી દેવું પણ સહેલું છે, અઘરું છે માત્ર પ્રત્યક્ષ કામ કરવું અને પાર ઉતારવું." ગિજુભાઈ કહે, "એટલે જ તો મારે જાતઅનુભવ કરવો છે. મારી કલ્પનામાં મારે વાસ્તવિકતા આણવી છે."

બસ, આ જાતઅનુભવની વાત છે. પરંતુ અહીં બીજી વાત પણ હું મૂકી દઉં કે... આપણે બાળકને મારી મચડીને જે-તે સ્થાને બેસાડી દઈએ ત્યારે આપણા બાળપણને યાદ કરવું જ રહ્યું.

અત્યારે ચારે-કોર એક જ ફરિયાદ છે કે બાળકો બહુ જીદ્દી બન્યાં છે, કોઈ વાત સાંભળતાં નથી. ટી.વી. મોબાઈલના બંધાણી બન્યાં છે. એ કંઈ વાંચતાં નથી. અહીં એ વાતને લઈને પણ ચોખવટ કરવી રહી કે ઈતર વાચન તરફ દોરી જવા માટે પણ જોહુકમી ન ચાલે. શિક્ષકોએ, શિક્ષણશાસ્ત્રીઓએ, વાલીઓએ અને સમગ્ર સમાજે આપણાં બાળકોને સાવ યંત્રવત્ બનાવી દીધાં છે. એ માત્ર માર્ક્સ લાવનારાં મશીનો! ને એ યંત્રો પણ પ્રાણહીન યંત્રોની પાછળ ઘેલાં! એને એવાં બનાવ્યાં કોણે ? ખુલ્લા દિલે કહેવું જ રહ્યું... 'આપણે જ ને ?'

બાળકોને આપણે બાળક રહેવા દેવા માગતા જ નથી. એ ઝટપટ મોટો થઈ જાય, એનું કામ કરતો થઈ જાય. એ વધારે ગુણ લાવતો થાય, એ વર્ગમાં સૌથી મોખરે

રહે. એ ડાહ્યો-ડમરો રહે ને સઘળી આવડતમાં એ અવ્વલ રહે. અરે ! સઘળા સુમેળનો સરવાળો એનામાં ભરી દેવા માંગો છો, એને સર્વગુણ સંપન્ન જોવા માગો છો ત્યારે એના ઉછેરમાં કેટ-કેટલી ઊણપ રહી એ તરફ પણ જોવું રહ્યું. આપણે સહુએ બાળકનું બાળપણ છીનવી લીધું છે ને એનામાં એક પીઢ વ્યક્તિના અભરખા ને નિહાળવાને તત્પર બન્યા છીએ. બાળક શું આપણા અધૂરા ઓરતાની પાઠશાળા છે ? અરે ! એને શિસ્ત, કડક શિક્ષણ, પર ભાષામાં શિક્ષણ... એવા કંઈક ખોટા આગ્રહોથી કચડી નાખવા કરતાં એને ઇતર વાંચન તરફ દોરો. એને માર્ક લાવનારું મશીન નહીં, એને ગમતું વાંચવા દેવું જોઈએ કે ગમતું કાર્ય કરવાની છૂટ આપી એની રીતે આગળ વધવા દેવું જોઈએ. એને ગમતું વાંચન આપી એને વિદ્વાન બનાવો. એને ક્યારેક પુસ્તકાલયની મુલાકાતે લઈ જાવ, અનેક પુસ્તકો વચ્ચે એને તરતું મૂકો. પુસ્તકોની વસ્તી અને મસ્તીમાં મસ્ત રહેવા પ્રેરો. પણ એ પહેલાં મમ્મી-પપ્પા, દાદા-દાદી, શિક્ષકો વાંચતાં થાય એ પણ એટલું જ આવશ્યક છે. પ્રત્યેક બાળક અનુકરણિયું છે. એને આપણા માહોલમાંથી શીખવું છે. પરંતુ મમ્મી-પપ્પા ટી.વી. મોબાઇલમાં રત છે ને બાળકને કહે છે, 'આને મોબાઇલની લત છે !' પછી કહેવું શું ને કરવું શું ?

એક નાનકડા બાળકની માતાને શિક્ષકે કહ્યું કે, 'તમારું બાળક સાવ ઠોઠ છે, એને ઘેર લઈ જાવ. એ ભણી શકે એમ છે જ નહીં.' -ને 'એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.' એ ઉક્તિને સાર્થક કરતાં એ સક્ષમ માતાએ માત્ર ઇતર પુસ્તકોના વાંચનની ભૂખ બાળકમાં જાગૃત કરી ને એમ બાળકનું ઘડતર થયું... આમ વિશ્વને એક હજારથી વધુ શોધ આપનારા આલ્વા એડિસન મળ્યા. એ ઘટના કંઈ નાની-સૂની નથી.

ને આ લેખના આરંભમાં લખ્યું તેમ ગિજુભાઈએ કહ્યું કે, 'એક સારું પુસ્તકાલય અનેક શિક્ષકોની ગરજ સારે છે.' એમાં મારે ઉમેરવું છે કે, 'પુસ્તકાલય તો મઘમઘતું ઉપવન છે, ને એમાં રહેલાં પુસ્તકો તો ફોરમ પ્રસરાવતાં ફૂલો છે ને આપણાં બાળકો કલ્લોલ કરતાં જિજ્ઞાસુ પંખીઓ છે. એમને મઘમઘતા ઉપવન ને એની ફોરમની મોજ લેવા દ્યો. એનું ઉડાન આપણી કલ્પનાથી કંઈક વિશેષ હશે. એની પ્રગતિના પંથ આપણી વિચારસરણીથી કંઈક વધારે હશે. નવી પેઢી સાથે નવા વિચારો, નવા માર્ગ, નવાં સાધનો સાથે સંલગ્ન થવા સારુ પણ એનો ભોમિયો પુસ્તક બને એ જરૂરી છે. એ એના માટે અને આપણા સહુના માટે લાભદાયી છે, ફળદાયી છે. બાળકને હસતા-રમતા અને ગમતા રસ્તા વડે જે-તે રાહ ચીંધી શકાય, પણ ભયથી નહીં. પરીક્ષાના દબાણ કે અન્ય કોઈ પણ ભયથી ભણતું કે આગળ વધતું બાળક ડરપોક રહે એ ક્યારેય નિર્ભય ન બની શકે. નિર્ભય, નીડર એવા વીર વલ્લભ થવા માટે તો સાહેબના પાડા ગણવાની વાત ને સાચકલા પાડા લાવવાની વાત યાદ કરવી રહી. ને તે કારણોસર ગિજુભાઈએ કહ્યું કે, 'શિક્ષકે બધો વખત શીખવવાનો મમત રાખવા કરતાં વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં વધારે ને વધારે છૂટા મૂકવા જોઈએ.' ચોટલી પકડીને ચાર-દૂ આઠ ભણાવવા કરતાં એ ફૂલને એની મેળે ખીલવા દ્યો, મહેંકવા દ્યો. એ પંખીને નિજાનંદમાં ટહુકવા દ્યો, એને અનુભવનું શિક્ષણ લેવા દ્યો.

શિક્ષણના પ્રયોગોની શરૂઆતમાં ગિજુભાઈ કહે છે કે, " "છોકરાંઓને ધીંગામસ્તીની વાજબી છૂટ આપી તેથી તો અન્ય લોકોની નજરમાં... હું બાળકોને બગાડું છું, ફટાડું છું, માત્ર વાર્તા કહું છું ને ભણાવતો નથી, રમાડીને રખડાવું છું! ઠીક છે, જોયું જશે, એ રમત અને વાર્તા એટલે મારે મન તો અરધોઅરધ શિક્ષણ છે.''''

વાહ... કેટલા આત્મવિશ્વાસ સાથે આ પ્રયોગોને સાક્ષી, સાબિતી સાથે અંતિમ લક્ષ તરફ એ ગાડું હંકારી ગયા હશે. હા, મિત્રો... મારું કહેવું પણ એ જ છે કે... પુસ્તકો એટલે જ્ઞાનની બારમાસી ! જે વર્ષના ત્રણસો ને પાંસઠ દિવસ બસ બાળકોને ખીલતાં શીખવશે ને ખીલેલાં જ રાખશે. અને એના અવનવા રંગોથી ધરા નવપલ્લવિત રહેશે !

# સંશોધનોમાં ગિજુભાઈ



ડૉ. મિનલબા જાડેજા
મો. ૭૬૦૦૦૪૩૪૦૦

બાળ શિક્ષણના જનક, અથવા કહીએ તો બાળ શિક્ષણને એક નવો માર્ગ ચીંધનાર ગિજુભાઈ બધેકાએ બાળકમાં દેવનું દર્શન કર્યું હતું. બાળકોના વિકાસ માટે તેમનામાં એક ગજબની તાલાવેલી હતી. બાળશિક્ષણને લઈને તેમણે સિદ્ધાંત કરતાં વ્યવહારને વધુ મહત્ત્વ આપ્યું હતું. આ વ્યવહાર અર્થાત્, તેમણે કરેલા પ્રયોગોના આધારે એક કાળજયી સિદ્ધાંતનો જન્મ થયો જે આજે પણ એટલો જ પ્રસ્તુત છે. તેમની પ્રયોગભૂમિ ગુજરાત હતી પણ તેમના પ્રયોગોના આધારે નીકળેલા અર્કના સંદર્ભે ગુજરાત અને ગુજરાત બહાર અનેક સંશોધનો થયેલાં છે. આવાં કેટલાંક સંશોધનોની સુનિયોજિત સમીક્ષા હાથ ધરીને કેટલાક બાળભોગ્ય તારણો તારવવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ તારણો આપ સુધી પહોંચાડવા માટે સુનિયોજિત સમીક્ષા હાથ ધરવા માટે શોધગંગા, ગૂગલ સ્કૉલર, ગિજુભાઈ બધેકાની વેબસાઇટ તથા ગૂગલ સર્ચનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ લેખમાં ઓથેન્ટિક માહિતી આપી શકાય તે માટે માત્ર શોધગંગા તેમજ ગૂગલ સ્કૉલર પર મળેલાં સંશોધનોને જ પસંદ કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત કેટલાક સામયિકો તેમ જ સમાચાર પત્રોમાં છપાયેલા લેખો મુખ્ય સ્રોત ન હોવાથી તે માહિતીને આ આર્ટિકલમાં સમાવવામાં આવી ન હતી. અંતે ગિજુભાઈના કાર્ય પર થયેલાં સંશોધનોનો રસ પીરસવા માટે કુલ ૨ સંશોધન લેખો તેમજ ભારતની અલગ અલગ યુનિવર્સિટીમાં થયેલાં ૧૧ પીએચ.ડી. કક્ષાનાં સંશોધનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શિક્ષણની વિવિધ શાખાઓ જેવી કે તત્ત્વજ્ઞાન, ગુજરાતી, હોમસાયન્સ અને શિક્ષણમાં આ સંશોધનો હાથ ધરવામાં આવ્યાં હતાં. આ બધાનો અર્ક નીચેના ભાગમાં આપવામાં આવ્યો છે.

**શિક્ષણના ઉદ્દેશ્ય અને સંકલ્પ:** બાળકેન્દ્રી શિક્ષણના ઉત્તેજક એવા ગિજુભાઈ માનતા હતા કે શિક્ષણ એ જીવનવ્યાપી ક્રિયા છે. તે બાળકનો સ્વાભાવિક અને સ્વતંત્ર વિકાસ કરતી પ્રક્રિયા છે. બાળકમાં જીવનમૂલ્યોના સ્થાપનનું સાધન શિક્ષણ છે. બાળકમાં આધ્યાત્મિક ચેતનાનો આવિર્ભાવ પણ શિક્ષણ જ કરે છે. તે બાળકને સામાજિક બનાવવાનું માધ્યમ છે. બાળકોનું શિક્ષણ ક્રિયા આધારિત હોવું જોઈએ. બાળકો સ્વયં શીખતા થાય તે પણ તેમાં જોવું ઘટે. બાળકોની રુચિ અનુસાર તેમને રમત રમતમાં શીખવે તેવું શિક્ષણ હોવું જોઈએ. ગિજુભાઈએ શિક્ષણના હેતુઓને બાળકેન્દ્રી તરેહથી નક્કી કર્યા હતા. જેમાં બાળકનો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એમ ત્રિવિધ વિકાસ કરવો, તેમ જ બાળકના સ્વતંત્ર વ્યક્તિત્વનો વિકાસ થવો જોઈએ તેવું નિર્દેશિત છે. બાળકની સર્જનાત્મકતાનો વિકાસ કરવો, બાળકને સ્વાધીન અને સ્વાવલંબી બનાવવું, સ્વાનુશાસન શીખવવું, વિષય શિક્ષણની સાથેસાથે સામાજિક શિક્ષણ અને પ્રકૃતિ સાથે સંબંધ ગૂંથવાની વાત પણ કરવામાં આવી છે.

**અભ્યાસક્રમ:** અભ્યાસક્રમ એ શિક્ષણની ગુણવત્તાનો પાયો છે. ગિજુભાઈ બધેકાએ તેમાં સર્વાંગીણ શિક્ષણ માટેનાં તમામ પાસાઓ આવરી લીધાં હતાં. તેઓએ જાતે પ્રયોગો કરીને જે અનુભવ્યું તેના આધારે તેમણે અભ્યાસક્રમમાં સમાવવા જોઈએ તેવા કેટલાક વિષયોની વાત અલગ અલગ પુસ્તકોમાં કરી છે, જેમાં તેમણે શારીરિક શિક્ષણ, સર્જનાત્મકતા, સ્વચ્છતા, કુદરત સાથે જોડાણ, સામાજિક પ્રવૃત્તિ, સંસ્કાર સિંચન, માતૃભાષા, વ્યાકરણ, કૃષિ, ગણિત વિજ્ઞાન જેવા વિષયો સામેલ કરવાનું સૂચવ્યું છે.

**શિક્ષણની પદ્ધતિઓઃ** ગિજુભાઈને સૌથી સારા પ્રયોગકાર કહી શકાય. તેમણે કરેલા પ્રયોગોના ફળ સ્વરૂપે તેમણે કેટલીક પદ્ધતિ વિકસાવી તેમ જ કેટલીક પદ્ધતિ તેમણે અપનાવી. તેમણે વિકસાવેલી પદ્ધતિમાં ઉન્મેષ પદ્ધતિનો સમાવેશ થાય છે. બાળક સ્વયં શીખે તેવી યોજનાનો સમાવેશ આ પદ્ધતિમાં થાય છે. આ ઉપરાંત; પુસ્તકાલય પદ્ધતિ, વ્યક્તિગત પદ્ધતિ, રમત દ્વારા શિક્ષણ, પ્રત્યક્ષ શિક્ષણ અને વાર્તાકથનની તેઓ હિમાયત કરતા હતા. ટૂંકમાં એવી દરેક ક્રિયા કે જેમાં બાળક રુચિપૂર્વક, જિજ્ઞાસા, લગન, અને પૂર્ણ મનોયોગથી સક્રિય રહીને કાર્ય કરતાં કરતાં શીખે તેના પર વિશેષ ભાર મૂક્યો છે. ખાસ તેઓ સમૂહમાં એક સાથે બેસાડીને શિક્ષણ આપવાના અને દરેક શિક્ષક અલગ અલગ વિષય ભણાવે તેના વિરોધી હતા. મતલબ વર્તમાનની પિરિયડ પદ્ધતિના તેઓ વિરોધી હતા.

**શિસ્તઃ** ગિજુભાઈએ શાળાકીય વાતાવરણ સ્વયં શિસ્તને પ્રેરે તેવું વિકસાવ્યું હતું, તેઓ લાદેલા શિસ્તના વિરોધી હતા. તેમના સમયમાં વિદ્યાર્થીઓને સજા કરવામાં આવતી હતી. આ સજાના પ્રકારોમાં ખૂબ જ વૈવિધ્ય હતું. ગિજુભાઈ બધેકા તેના સખત વિરોધી હતા. તેમના મત પ્રમાણે આપણે સજા કરીને તેમની શક્તિઓને રૂંધી નાખીએ છીએ અને આપણે એક ગુલામ અથવા ગુનેગારનું સર્જન કરીએ છીએ. આ સજા ન કરવાની બાબત અંતે RTE ૨૦૦૯માં સામેલ કરવામાં આવી. ખરેખર તેમની દૃષ્ટિ સુદીર્ઘ હતી.

**શિક્ષકઃ** ગિજુભાઈએ શિક્ષકના ગુણો, આવડતો, સ્વભાવ અને આદતો વિષે વિસ્તૃત વાત કરી છે. શિક્ષક બાળકનો સહયોગી, સેવક અને માર્ગદર્શક જોવો જોઈએ. તેનામાં ધીરજ, ખંત, નમ્રતા, આધ્યાત્મિકતા, પ્રેમ, સહાનુભૂતિ, નિર્ભય જેવા ગુણો હોવાની વાત કરી છે. સાથેસાથે શિક્ષક પ્રેમાળ, સહાનુભૂતિ ધરાવતો, લાગણીશીલ, જ્ઞાનમાં પ્રવૃત્ત અને જાગ્રત હોવો જોઈએ. તે જ્ઞાન ઉપાસક હોય અને સતત અભ્યાસરત હોય અને તેને રોજ વાંચનની ટેવ હોવી જોઈએ. તે સતત પ્રયોગશીલ એવો વૈજ્ઞાનિક હોવો જોઈએ, સાથે સાથે નવાચારનો ગ્રહક પણ હોવો જોઈએ. અને સૌથી અગત્યનું કે તે બાળ મનોવિજ્ઞાનનો જ્ઞાતા હોવો જોઈએ. નિર્ભયતા પણ તેનો આગવો ગુણ હોય, તે સત્તા અને સંપતિના દબાણને વશ ન થનાર હોવો જોઈએ. શિક્ષક વિદ્યાર્થી સંબંધ વિશે તેમના મત મુજબ મિત્રતાપૂર્ણ, સ્નેહપૂર્ણ વિશ્વાસભર્યો સંબંધ હોવો જોઈએ.

**શાળાઃ** શાળાનું વાતાવરણ બાળકના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક એવા ત્રિવિધ વિકાસને પોષક હોવું જોઈએ. બાળકોના આરોગ્યની દૃષ્ટિએ શાળા પૂરતા હવા ઉજાસવાળી હોવી જોઈએ. શાળામાં ક્રીડાંગણ હોવું જોઈએ. શાળાનું ફર્નિચર બાળકના ઉપયોગ માટે સહજ પણ સલામત હોવું જોઈએ. શાળામાં સુવિધાઓની સાથે સાથે સૌંદર્યનો દૃષ્ટિકોણ પણ હોવો જોઈએ. શાળાનું સ્પર્ધાનું તત્ત્વ બાળકને લાલચુ બનાવે છે આવી પ્રથા ન હોવી જોઈએ તેવું પણ ગિજુભાઈ એ સૂચન કર્યું છે.

**મૂલ્યાંકનઃ** ગિજુભાઈ તત્કાલીન મૂલ્યાંકન પ્રણાલીના સખત વિરોધી હતા. તેમના મત મુજબ બાલશિક્ષણમાં પરીક્ષા હોવી જ ન જોઈએ. બાળકનો સર્વાંગીણ વિકાસ જ મૂલ્યાંકન છે, પરીક્ષા દ્વારા મૂલ્યાંકન ન થઈ શકે.

પરીક્ષાના પરિણામ ઘમંડ અથવા નિરાશામાં પરિણમે છે. પરીક્ષા બાહ્ય મૂલ્યાંકન કરે છે, આંતરિક નહિ. તેમણે માત્ર કચાશ જાણવા માટે જ પરીક્ષા લેવાનું સૂચન શિક્ષણ વિભાગને કર્યું હતું, બાળકો પોતાના વિષયની કચાશ જાણવા માટે સ્વયં પરીક્ષા લે તેવું પણ કરી શકાય. ગિજુભાઈ કાળથી પર છે તેમ કહી શકાય કેમ કે તેમણે આજની ઓપન બૂક એક્ઝામની વાત પણ કરી હતી. પરીક્ષામાં નંબર આપવાની વાતનો તેમણે વિરોધ કર્યો હતો. તેની

જગ્યાએ આગળના વર્ગમાં મોકલવા લાયક વિદ્યાર્થી અને જેમને હજુ ઘડવાના બાકી છે તેવા નબળા કે બેકાળજી વિદ્યાર્થી તેવા બે ભાગ પાડવાની વાત કરી હતી. જે શીખવે તે જ મૂલવે તે સિદ્ધાંતની વાત ગિજુભાઈએ કરી હતી.

**ઉપસંહાર:** ગિજુભાઈ બધેકાએ બાળકોના ચોમુખી વિકાસને સંબોધિત અનેક પાસાઓની વાત કરી હતી. પરંતુ આ લેખમાં માત્ર શિક્ષણને સીધી સ્પર્શતી બાબતમાં થયેલા ગુણાત્મક સંશોધનોનો અર્ક આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ સંશોધનો તેમના શિક્ષણ દર્શન અને અન્ય તત્ત્વચિંતકોના શિક્ષણદર્શનની તુલનાના વિષયમાં હાથ ધરવામાં આવેલા હતા. આ સંશોધનનાં તારણોને જો એક જ વાક્યમાં કહીએ તો સાચા અર્થમાં બાળકેન્દ્રી શિક્ષણની વાતને વ્યવહારમાં ઉતારવાની પદ્ધતિ ગિજુભાઈ બધેકાએ આપી હતી. આજ તેમની જન્મજયંતી નિમિતે તે સદેહે હાજર ન હોય પરંતુ તેમના સિદ્ધાંતોથી આપણી સાથે હોય તો તેમણે સૂચવેલા શિક્ષણને આપણે વ્યવહારમાં લાવીને તેમને જન્મદિનની ભેટ અર્પણ કરીએ.

**સંદર્ભો:** ઢાઢોદરા (૨૦૦૯), દુબે (૨૦૧૧), અક્ષય (૨૦૨૩), કેશરી (૨૦૧૪), કિરણ (૨૦૨૧), કુમાર (૨૦૨૦), મહેતા (૨૦૧૬), મિશ્રા (૨૦૧૯), મોદી (૨૦૨૨), પરસોઈયા (૨૦૨૧), શુક્લા (૨૦૨૦), સિંઘ (૨૦૨૧), ચૌધરી (૨૦૨૦)

## ગિજુભાઈ બધેકા ઍવૉર્ડ



ડૉ. નરેન્દ્ર વસાવા
મો. ૯૪૨૭૮૭૬૯૮૦

દર વર્ષે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ૩૧મી જુલાઈએ યુનિવર્સિટીના સ્થાપના દિને ગિજુભાઈ બધેકા ઍવૉર્ડ એનાયત કરવામાં આવે છે. આ ઍવૉર્ડ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ સંદર્ભે જે વ્યક્તિઓ અને સંસ્થાઓએ પોતાનું યોગદાન આપ્યું હોય તેઓને એનાયત કરવામાં આવે છે. ગિજુભાઈ બધેકા ઍવૉર્ડ બે શ્રેણીમાં આપવામાં આવે છે.

**૧. શ્રેષ્ઠ બાલગુરુ ઍવૉર્ડ:** શ્રેષ્ઠ બાલગુરુ પુરસ્કાર એવી વ્યક્તિને આપવામાં આવે છે જેણે પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું હોય. આ ઍવૉર્ડ મેળવનારને ૫૦,૦૦૦/- ના રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવે છે, જે તેમના સમર્પણ અને સર્વગ્રાહી બાળ વિકાસમાં નવીન કાર્યને પુરસ્કૃત કરી સન્માનિત કરે છે.

**૨. શ્રેષ્ઠ બાલ વાટિકા ઍવૉર્ડ:** શ્રેષ્ઠ બાલવાટિકા પુરસ્કાર એવી સંસ્થાઓને માન્યતા આપે છે જેમણે પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણને પ્રોત્સાહન આપવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ સંસ્થાઓને ૧,૦૦,૦૦૦/- ના રોકડ પુરસ્કાર, ટ્રોફી અને પ્રમાણપત્રથી પુરસ્કૃત કરવામાં આવે છે, જે બાળકો માટે અનુકૂળ શિક્ષણ વાતાવરણને પ્રોત્સાહન આપવામાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને પ્રકાશિત કરે છે.

આ પુરસ્કારો માત્ર બાળશિક્ષણના ક્ષેત્રના પ્રણેતા ગિજુભાઈ બધેકાના વારસાને જ માત્ર ઉજાગર નથી કરતા, પરંતુ અન્ય લોકોને તેમનો વારસો ચાલુ રાખવા અને યુવા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવાને પણ પ્રેરિત કરે છે.

# ગિજુભાઈ બધેકા ચેર:
## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી



ડૉ. સંજય પટેલ
મો. ૯૯૮૦૮૭૫૫૦૮

ભૂમિકા : શ્રી ગિજુભાઈ બધેકા એક વ્યવહારુ સ્વપ્નદ્રષ્ટા હતા. બાળકોની કેળવણી અને બાળશિક્ષણને નવી સમાજ-રચનાના માધ્યમ તરીકે જોવાનું શિક્ષકોને તેમણે શીખવ્યું. બાલમંદિરોનું શિક્ષણ કશા ભેદભાવ વિના માણસને માણસ સાથે, કુદરત અને પશુ-પંખી સાથે જોડવાનું કેવી રીતે કરે છે તે ગિજુભાઈએ અદ્ભુત રીતે સમજાવ્યું છે. 'દક્ષિણામૂર્તિ' અને 'શિક્ષણપત્રિકા' જેવાં સામયિકોના માધ્યમથી ગિજુભાઈએ બાલસાહિત્ય અને શિક્ષણશાસ્ત્રનું સાહિત્ય, શિક્ષકો અને મા-બાપ માટેનું સાહિત્ય લખવા માંડ્યું.

૧૯૧૬થી ૧૯૩૬ એમ બે દાયકા સુધી દક્ષિણામૂર્તિમાં કરેલું કાર્ય એક સંસ્થાના કાર્યને આંબી જાય એટલું બૃહદ અને સર્વવ્યાપી છે. તેમના આ સમગ્ર કાર્યમાંથી પ્રગટ થતાં મુખ્ય વિચારબિંદુ આ મુજબ છે :

- બાળકના વ્યક્તિત્વનો સ્વીકાર અને બાલસન્માન.
- ટીચિંગ પ્રોસેસ નહીં પરંતુ લર્નિંગ પ્રોસેસનો સ્વીકાર.
- બાળકોના પોતાના અનુભવોના આધારે તેમનાં શરીર, મન, બુદ્ધિ અને લાગણીઓનો વિકાસ.
- ક્રિયાઓ કરવા તેમજ અનુભવગ્રહણ માટે સતેજ અને સૂક્ષ્મ અનુભવ કરી શકે તેવી જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો.
- શિક્ષણની પ્રક્રિયામાં બાળકને સ્વતંત્રતા અને સ્વયંસ્ફુરણા જરૂરી.
- બાળકો પ્રત્યે દરેકનો વ્યવહાર માનસશાસ્ત્રીય હોવો જોઈએ.
- વિજ્ઞાનની ચોકસાઈ અને સંતની પવિત્રતા શિક્ષકની તૈયારીના બે આધારભૂત સ્તંભો છે. શિક્ષકની વૃત્તિ એકસાથે શાસ્ત્રીય અને દૈવી હોવી જોઈએ.
- બાલમંદિરને બાલવિકાસને અવલોકવાનું ઉત્તમ પ્રયોગસ્થાન બનાવવું જોઈએ.

જુગતરામ દવેએ ગિજુભાઈને 'બાળકોના ગાંધી'નું બિરુદ આપ્યું. ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતથી પ્રેરાઈને બાળશિક્ષણમાં અહિંસક સંસ્કૃતિનો પાયો નાખવામાં ગિજુભાઈએ મોટો ભાગ ભજવ્યો છે. ૨૦મી સદીના ગુજરાતના શિક્ષણ-જગતમાં અને કેળવણીકારોમાં ગિજુભાઈ બધેકાનું અનોખું સ્થાન છે. તેમાંય બાળશિક્ષણ પરત્વે ગિજુભાઈના વિચારો અને શિક્ષણ ફિલસૂફી આજે ૨૧મી સદીના ત્રીજા દાયકામાં પણ અદ્યતન અને અનુસરવા યોગ્ય જણાય છે.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના દ્વારા ગિજુભાઈએ બાળ-વિદ્યાપીઠનું સ્વપ્ન સાકાર થયું છે.

**ગિજુભાઈ બધેકા ચેર :** ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર એ વિશ્વની એકમાત્ર અને અજોડ યુનિવર્સિટી છે, જે વર્ષ ૨૦૦૯માં અસ્તિત્વમાં આવી હતી. યુનિવર્સિટી તેના કેન્દ્રમાં 'બાળક'ને રાખીને પારિવારિક જીવનની જરૂરિયાતને પૂરી કરવાના ઉદ્દેશ્ય સાથે કાર્યરત છે. આ યુનિવર્સિટીનું મુખ્ય ધ્યેય બાળકોના સર્વાંગી વિકાસનું છે. યુનિવર્સિટીને વર્ષ ૨૦૨૩માં ભારત સરકારના મહિલા અને બાળકલ્યાણ વિભાગ તરફથી ગિજુભાઈ બધેકા ચેર ફાળવવામાં આવી છે. તે અંતર્ગત શ્રી ગિજુભાઈના શિક્ષણ અને બાળસાહિત્ય વિષયક વિચારોનો પ્રચાર-પ્રસાર કરવાનો આશય છે.

**ગિજુભાઈ બધેકા ચેર : પ્રવૃત્તિઓ અને યોજનાઓ :**

**બાલવાર્તા પ્રશિક્ષણ શિબિર :**

'બાલવાર્તા પ્રશિક્ષણ શિબિર' તારીખ ૨૮-૨૯ ઑગસ્ટ, ૨૦૨૩ એમ બે દિવસ શ્રી ગિજુભાઈ બધેકા ચેર હેઠળ દક્ષિણામૂર્તિ ભાવનગર ખાતે યોજાઈ હતી. ગિજુભાઈની કર્મભૂમિ પર મળીને તેમના જ દ્વારા રચિત 'વાર્તાશાસ્ત્રના સિદ્ધાંતો'ના આધારે પ્રવર્તમાન સમયમાં લખાતી વાર્તા અને આજના સમયમાં કેવી વાર્તાઓની જરૂર છે - તે આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય હતો.

બાળવાર્તાનું સર્જન એટલે ફરીથી બાળક બનીને બધું જોવાનું અને જીવવાનું કાર્ય. વાતાવરણને હળવાશ આપે એવા ડૉ. મહેન્દ્રભાઈ ચોટલિયા અને ડૉ. મહેન્દ્રસિંહ પરમાર  આ શિબિરના તજ્જ્ઞો હતા. ડૉ. ટી.એસ.જોષી, શિબિર સંયોજક ડૉ. સંજય પટેલ, નાનાભાઈ ભટ્ટના સુપુત્ર શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, ભાવનગર ડાયટના પ્રાચાર્ય હિરેનભાઈ અને દક્ષિણામૂર્તિ સંસ્થામાંથી શ્રી વિપુલભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા. ગુજરાતભરમાંથી આવેલા ત્રીસ જેટલા શિક્ષકમિત્રોને બાળવાર્તાની સાથે સાથે આ યુનિવર્સિટીના ઉદેશ્યોમાં પણ તેઓ સહભાગી બને તે માટે આહ્વાન કર્યું. આ સમગ્ર આયોજન માટે યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી ડૉ. હર્ષદ પટેલનું વિઝન અને તેમનો સંદેશ બધા સમક્ષ રજૂ કર્યો હતો.

**ગિજુભાઈ સાથે વાંચનયાત્રા :**

લગભગ એક સદી પહેલાં પ્રગટ થયેલા ગિજુભાઈ બધેકાના શિક્ષણ વિષયક વિચારોને ઝીલતાં પુસ્તકો અને સામયિકો આજે સર્વસુલભ નથી. આવાં દુર્લભ પુસ્તકોમાંથી આજના સમય સંજોગને અનુરૂપ શિક્ષણ વિષયક, બાળચિંતન વિષયક વિચારોને તારવી તેનો સારસંચય કરવાના આશયથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગરની ગિજુભાઈ બધેકા ચેર અંતર્ગત તારીખ ૬-૭-૮ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ સત્યાગ્રહ આશ્રમ પાલડી, અમદાવાદ ખાતે સુજ્ઞ વાચકોને આમંત્રણ આપી એક ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર આયોજનનું સંપૂર્ણ માર્ગદર્શન ગિજુભાઈ બધેકા ચેરના પ્રોફેસર ડૉ. ટી.એસ. જોષીએ પૂરું પાડ્યું હતું તેમજ શિબિર સંયોજક તરીકે યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. સંજય પટેલે ભૂમિકા ભજવી હતી. શિબિર માર્ગદર્શક તરીકે પ્રો.ડો. મહેન્દ્ર ચોટલિયા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

શિબિર માટે કુલ ૨૦ વાચકોને અગાઉથી આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમાંથી ૧૭ વાચકો ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરના ત્રણ દિવસ દરમિયાન દુર્લભ પુસ્તકોમાંથી વધારે સારસંચય થઈ શકે એ માટે લગભગ ૩૦ પુસ્તકો પસંદ કરવામાં આવ્યાં હતાં. પ્રથમ દિવસની સંકલન બેઠકમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલે ઉપસ્થિત રહી સૌને કાર્ય અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને શિબિરની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ત્રીજા દિવસની સમીક્ષા બેઠકમાં દરેક વાચકે પસંદ કરેલી સામગ્રીની ગુણવત્તા અને ઉપયોગિતાને ધ્યાનમાં રાખી દરેક વિચાર પેરેગ્રાફને A,B,C ક્રમ આપવામાં આવ્યા હતા અને સૌની સમક્ષ એ પસંદ કરેલ સામગ્રીનું વાંચન કરવામાં આવ્યું હતું. લગભગ ૧૫ પુસ્તકોમાંથી એકત્રિત થયેલી સામગ્રી એની સુયોગ્ય નોંધ સાથે અને વાચકને ફાળવેલ પુસ્તક સાથે સૌએ જમા કરાવી હતી. સમાપન બેઠકમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડૉ. હર્ષદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગિજુભાઈ બધેકાના શિક્ષણ વિષયક, બાળ ચિંતન વિષયક વિચારોને પુનર્જીવિત કરવાના આ પ્રયત્નને બિરદાવ્યો હતો અને આ ઉત્તમ કામગીરી બદલ સંતોષ વ્યક્ત કરી સૌને અભિનંદન પાઠવ્યા હતા.

આમ, આ ત્રિદિવસીય શિબિરના અંતે ગિજુભાઈ બધેકાનાં ૧૫ પુસ્તકોમાંથી લગભગ સો પાનાનું એક પુસ્તક તૈયાર થઈ શકે એવા નવનીતની તારવણી એ આ શિબિરની ફળશ્રુતિ રહી હતી. આ અંતર્ગત તારવેલ સામગ્રીના સંકલન-ટાઈપિંગ બાદ

પુનઃ એક સમીક્ષા બેઠક યોજવામાં આવશે અને સંકલન કરેલ તમામ સામગ્રીનું મૂલ્યાંકન કરી એને આખરી ઓપ આપી પુસ્તક પ્રગટ કરવામાં આવશે.

**શિશુકથા સર્જન અને સંકલન :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (પ્રારંભિક તબક્કો)ના પ્રકરણ નંબર ચાર અને પાંચમાં બાળવાર્તાને પ્રારંભિક તબક્કાના આનંદપ્રદ શિક્ષણ અને બાળકોમાં મૂલ્યની ખિલવણી માટે પાયારૂપ બાબત ગણવામાં આવી છે. ગુજરાતના સુપ્રસિદ્ધ બાળ સાહિત્યકારો પાસેથી શિશુકથાઓ મંગાવવાનું અને તેનું સંપાદન કરવાનું અને આ પુસ્તક બાળકોના આનંદપ્રદ શિક્ષણ માટે યોજવાનો મુખ્ય આશય આ પ્રકલ્પ અંતર્ગત છે. આ અન્વયે સત્તર સર્જકોની ૪૮ શિશુકથાઓ સોફ્ટ કોપી અને હાર્ડ કોપી સ્વરૂપે પ્રાપ્ત થઈ હતી. તેમાંથી સઘન વાંચન અને મૂલ્યાંકનના અંતે પ્રકાશનયોગ્ય ત્રીસ(૩૦) શિશુકથાઓ પસંદ કરવામાં આવી છે. આ શિશુકથાઓનું ટાઇપિંગકાર્ય હાલમાં પૂર્ણ થયેલું છે. આ ત્રીસ શિશુકથાઓ સચિત્ર પુસ્તકરૂપે પ્રગટ કરવાની કામગીરી હાલ ચાલુ છે.

**બાળકાવ્ય સર્જન અને સંકલન**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અને રાષ્ટ્રીય શિક્ષણ માળખમાં જણાવ્યા અનુસાર બાળકોનું પ્રારંભિક શિક્ષણ આનંદપ્રદ અને અને તેમનાં રસ-રુચિને પોષે એવું હોવું જોઈએ. આ માટે બાળકાવ્યોની ભૂમિકા બહુ મહત્ત્વની પુરવાર થાય એમ છે. એ માટે બાળકાવ્ય સર્જન અને સંકલન પ્રકલ્પ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ગિજુભાઈ બધેકા ચેર અંતર્ગત દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.

ગુજરાતી સાહિત્યમાં વર્તમાન સમયમાં બાળકાવ્ય સર્જનક્ષેત્રે પ્રવૃત્ત એવા શ્રેષ્ઠ બાળકાવ્ય સર્જકોને આમંત્રિત કરી સત્ત્વશાળી સર્જન અને સંકલન થાય તો તેનો લાભ ગુજરાતનાં બાળકોને મળી શકે તે આ પ્રકલ્પનો મુખ્ય આશય છે. આ માટે ત્રીસથી પાંત્રીસ જેટલા સર્જકોને બાળકાવ્યોનું સર્જન કરવા આમંત્રણ આપવામાં આવ્યું. આ બાળકાવ્યો ચિલ્ડ્રન્સ યુનિવસિટી તેનાં તપોવન, શિશુ પરામર્શન, વિદ્યાવાટિકાનાં કાર્યક્ષેત્રો માટે ઉપયોગ કરી ગુજરાતનાં મહત્તમ બાળકો સુધી તેનો લાભ પહોંચે એવા પ્રયત્નો કરશે. બાળકોના આનંદપ્રદ શિક્ષણ માટે ઉપયોગી થઈ શકે એવાં બાળગીતો ગુજરાતના બાળસાહિત્યકારો પાસેથી મંગાવવામાં આવ્યાં. તે અન્વયે ૩૨ સર્જકોનાં ૧૧૫ કાવ્યો પ્રાપ્ત થયાં છે. તેમાંથી કુલ ૫૧ બાળકાવ્યોને પસંદ કરવામાં આવ્યાં છે. જે ટૂંક સમયમાં સચિત્ર પુસ્તક રૂપે પ્રકાશિત કરવામાં આવશે.

**ચેર અને ગુજરાત રાજ્ય અભિલેખાગાર વચ્ચે સંયુક્ત કામગીરી કરાર (Collaboration)**

ગિજુભાઈ બધેકા ચેર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર અને ગુજરાત રાજ્ય અભિલેખાગાર વચ્ચે સંયુક્ત કામગીરી કરાર (Collaboration) સંપન્ન થયા છે. આ અંતર્ગત ગિજુભાઈ બધેકા અને તેમના સમકાલીન શિક્ષણચિંતકોનું સાહિત્ય ડિજિટલાઇઝ કરી સાચવવામાં આવશે.

લગભગ એક સદી પહેલાં ગિજુભાઈ બધેકા દ્વારા તેમના શિક્ષણ વિષયક વિચારોનું સમૃદ્ધ ભાથું લઈ પ્રગટ થયેલાં પુસ્તકો અને શિક્ષણદર્શન જેવાં સમકાલીન સામયિકો ગિજુભાઈ બધેકાની કર્મભૂમિ એવા ભાવનગર ખાતે સચવાયેલાં પડ્યાં છે. આ પુસ્તકોમાંથી ઘણાં પુસ્તકો આજે અપ્રાપ્ય અથવા તો દુર્લભ બન્યાં છે. આ સાહિત્યને સાચવી લેવામાં આવે અને ડિજિટલ સ્વરૂપમાં નવી પેઢી સમક્ષ મૂકવામાં આવે તો વર્તમાન શિક્ષણક્ષેત્રે મોટી ઉપલબ્ધિ સાબિત થાય એમ છે. તેથી ભાવનગર ખાતે સચવાયેલું અને ઉપયોગી એવું તમામ સાહિત્ય ડિજિટલાઇઝ કરવા માટે બંને સંસ્થાઓ સંયુક્ત પ્રયાસ કરશે.

**બાળ-આનંદયાત્રાઃ**

ગિજુભાઈ બધેકાની ૧૩૮મી જન્મજયંતી નિમિત્તે બાળઆનંદયાત્રાનું પખવાડિક આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતનાં બાળકોને આનંદ આપવાના હેતુથી અને આજના ટૅકનોલૉજીના યુગને ધ્યાનમાં રાખી એક પી.ડી.એફ ફાઇલ આ ૧૫ દિવસ દરમિયાન મોબાઇલના માધ્યમથી મોકલવામાં આવી રહી છે. આ ફાઇલ ખોલતાં તેમાં બાળગીત, બાળવાર્તા, રમત, પ્રવૃત્તિ અને સંદેશ એમ પાંચ પ્રવૃત્તિ પર ક્લિક કરવાથી બાળક, વાલી કે શિક્ષક પોતાની મનપસંદ વિષયવસ્તુ નિહાળી શકશે. મહિલા અને બાળકલ્યાણ વિભાગ, જીસીઈઆરટી અને સ્ટેટ પ્રોજેક્ટ ડાઇરેક્ટર દ્વારા ગુજરાતનાં છેવાડાનાં ગામડાં સુધી આ પ્રવૃત્તિનો લાભ પહોંચાડવાનો પ્રયત્ન આ નિમિત્તે થયેલ છે. તેનો સુંદર પ્રતિભાવ પ્રાપ્ત થયો છે.

**દુર્લભ પુસ્તક પુનઃમુદ્રણ**

ગિજુભાઈના શિક્ષણ વિષયક વિચારો, બાળકોના યોગ્ય વ્યક્તિત્વ-વિકાસ અંગેનું ચિંતન તેમજ શિક્ષક, વાલી અને સમાજને આપેલા સુંદર વિચારો ધરાવતાં પુસ્તકો આજે અપ્રાપ્ય સ્થિતિમાં છે. સાથે, આ પુસ્તકોમાં એક સદી પહેલાં વ્યક્ત થયેલા વિચારો આજના સમયમાં મૂલ્ય ધરાવતા હોય તેવું જોવા મળે છે. આ પુસ્તકોની સંવર્ધિત આવૃત્તિ થાય અને નવા સ્વરૂપે તેનું પ્રકાશન થાય તો આજની પેઢીને ગિજુભાઈના ઉત્તમ વિચારોથી માહિતગાર કરી શકાય તે આશયથી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે મહત્ત્વ ધરાવતા નિષ્ણાતો દ્વારા આ પુસ્તકોની સમીક્ષા કરી તેને અદ્યતન બનાવવાની કામગીરી હાલ શરૂ છે. આ ઉત્તમ પુસ્તકોની સંવર્ધિત આવૃત્તિ ટૂંક સમયમાં જ સૌને સુલભ બને તે રીતની કામગીરી હાલ ચાલી રહી છે.

આમ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરની ગિજુભાઈ બધેકા ચેર દ્વારા છેલ્લા ચારેક મહિના દરમિયાન વિવિધ આયામોને આવરી લઈ ગિજુભાઈ બધેકાનાં ઋષિતુલ્ય કાર્યોને શિક્ષણના નૂતન પ્રવાહો સાથે જોડવાની દિશામાં કાર્ય થઈ રહ્યું છે, જે આગામી સમયમાં વધુ વેગવંતું બની રહેશે.

## આજના શિક્ષકનું કર્તવ્ય

શિક્ષણનું કાર્ય વહેતા પાણી જેવું છે. જ્યાં સુધી મનુષ્યના શિક્ષણનો પ્રશ્ન છે ત્યાં સુધી મનુષ્યની સર્વ શક્તિઓને વૃત્તિઓનો અભ્યાસ કર્વા વિના ન ચાલે. જેને ભણવાનું છે, તેને જાણીએ નહી, તેને શું ગમે છે. શું નથી ગમતું તેનો વિચાર કરીએ નહી, તો ભણતરનું કામ નિષ્ફળ જવાનું.

શિક્ષણના કામની સાર્થક્ય એક-બે વિષયો ભણાવી દેવામાં કે અમુક ધોરણો માટે તૈયાર કરવામાં-મેટ્રિક કે બી.એ. બનાવી દેવામાં નથી. ખરું શિક્ષણ મનુષ્યને તેની અનંત શક્તિઓનું ભાન કરાવવામાં છે; તેને પ્રાણવાન કરી તેનો કેવો ઉપયોગ કરવો એનું રહસ્ય બતાવવામાં છે.

આમ કરવા માટે મનુષ્યની શક્તિઓને સન્માનવી જોઈએ. તેના વૈયક્તિક વિકાસને પ્રથમ સ્થાન મળવું જોઈએ. તેને ભણાવવાને બદલે જાતે જ જ્ઞાનનો માર્ગ શોધી લેવા દેવો જોઈએ.

આ કામ આજના શિક્ષકનું છે.

**- ગિજુભાઈ બધેકા (''શાંત પળોમાં'')**

# ગિજુભાઈનાં પુસ્તકોનો પરિચય



શ્રીમતી રચના દવે
મો. ૯૪૨૬૭૬૫૯૨૭

**પ્રાથમિક શાળામાં કલા કારીગરીનું શિક્ષણ**
**(ખંડ-પહેલો)**
**લેખકઃ ગિજુભાઈ**
**પ્રકાશકઃ શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર**
**પ્રથમ આવૃત્તિઃ ૨૮, એપ્રિલ, ૧૯૩૫**
**પ્રતઃ ૧૧૦૦, પૃષ્ઠઃ ૨૧૦**

આ પુસ્તકમાં સંગીત અને ચિત્ર શિક્ષણ વિશે વાત મૂકવામાં આવી છે. સંગીત અને ચિત્ર શિક્ષણને હૃદયની કેળવણીના આ બન્ને વિષયના શિક્ષણ અંગે ગિજુભાઈએ બાલમંદિરમાં ઘણા પ્રયોગો કર્યા અને તેના આધારે વિષયોની યથાર્થતાને સિદ્ધ કરવામાં આવી છે. ચિત્રનો વિષય અને સંગીતનો વિષય બધા જ માટે ફરજિયાત બનાવવાની જરૂર નથી પણ જેનામાં બીજ રોપી વટવૃક્ષ બનાવવાની શક્યતાઓ છે તેમને માટે એ આપવું અતિ મહત્ત્વનું છે. ચિત્ર શિક્ષણ માટે નિસર્ગને પાઠ પહેલો પાઠ તરીકે સ્વીકારવો જોઈએ એમ ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે.

સંગીત શિક્ષણ માટે કહે છે કે બાળકોને સંગીતપ્રિય ધીમે ધીમે બનાવી શકાય છે. એ માટે વાતાવરણ નિર્માણ કરવું ખૂબ જરૂરી બને છે. બાળકો ઉપર સંગીતના સંસ્કારો પાડવા એ સંગીતની કેળવણીનું પ્રમુખ અને પહેલું કાર્ય છે. સંગીતમાં સહગાન કે સમૂહગાન અને સંગીત શ્રવણને પણ અવકાશ હોવો જોઈએ. ગીતોની પસંદગી બાબતે જણાવે છે કે બાળકોના મન પર અસામાજિક, અધાર્મિક કે અનૈતિક સંસ્કારો ન પડે એવાં ગીતો ગાવાં નહિ. શિક્ષકે ભાવન અને સૂરમાં રહીને ગાતાં શીખી લેવું જોઈએ. એ વાત ઉપર પણ ભાર મૂક્યો છે. તાલ પરિચય, દાંડિયારાસ, કૂચ, નાચ તથા ગાનશ્રવણ પદ્ધતિ વિશે વાત કરવામાં આવી છે. આ પુસ્તકની વાતને એમના આ વિચાર સાથે પૂરી કરીએ- ‘‘બુદ્ધિના વિષયો શીખવીએ તે પહેલાં હૃદયના વિષયો શીખવવા જ જોઈએ. માણસનું હૃદય વિકસ્યું હશે તો તેની બુદ્ધિ તેને સારે માર્ગે લઈ જશે.

**પ્રાથમિક શાળામાં કલા કારીગરીનું શિક્ષણ**
**(ખંડ-બીજો)**
**લેખકઃ ગિજુભાઈ**
**પ્રકાશકઃ શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર**
**પ્રથમ આવૃત્તિઃ ૦૧, ઑગસ્ટ, ૧૯૩૪**
**પ્રતઃ ૧૧૦૦, પૃષ્ઠઃ ૧૯૮**

આ પુસ્તકમાં કારીગરી વિભાગનો વિચાર કરવામાં આવ્યો છે. એમાં પણ બે ભાગ છે; એક વાતાવરણનો અને બીજો કારીગરીનો. દરેક કલામાં જે ટેક્નિક એટલે કારીગરીનું જ્ઞાન આવશ્યક છે, એ અર્થમાં અહીં કારીગરી શબ્દ વાપરવામાં આવ્યો નથી. તેમજ જે જ્ઞાન વડે માણસ કારીગર થાય એટલે કે હુન્નર ઉદ્યોગ જાણનાર થાય, તે જ્ઞાન એટલે કારીગરી, તેવો અર્થ પણ અહીં નથી. અહીં કારીગરીના વિષયો એટલે મૂળભૂત કલાઓને અવલંબીને ઉત્પન્ન થયેલી કલાઓ એવો અર્થ છે. વાંચકો એ અર્થમાં આ પુસ્તક સમજવું.

કલાસર્જનનો હેતુ, કલાસર્જનનું વાતાવરણ, તે સર્જનની પદ્ધતિ અને સર્જનનાં સાધનો- આ બધી વસ્તુઓ ભિન્ન ભિન્ન છે. વાતાવરણ સર્જનની બીજી તૈયારીને પોષણરૂપ છે; સર્જનને સફળ કરવામાં આવશ્યક સહાયરૂપ છે. આથી આ પુસ્તકમાં એક આખો વિભાગ તેને ધ્યાને રાખીને આપવામાં આવેલ છે.

કારીગરી વિભાગ શિક્ષણમાં રેંટિયાનું સ્થાન વાંચીને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. અહીં રેંટિયામાં ક્રિયાશક્તિ, બુદ્ધિશક્તિ અને કલ્પનાશક્તિના વિકાસને ભૂમિકા આપવાનો પ્રયાસ થયેલો છે તે જ કેળવણી વિષયક કિંમત આંકી આપે છે. શાંતિની રમત દ્વારા કેળવણીનું

ઉત્તમ કાર્ય પ્રતિપાદિત થાય છે એમ સૂચવવાનું છે. કુદરતના પરિચયનો એક વિષય પણ શાળામાં હોવો જોઈએ તેની એ હિમાયત કરી રહ્યા છે. પ્રદર્શનો બાબતે જણાવે છે કે તે કલાસૃષ્ટિનું દર્શન છે. બાળકોની કલાત્મક ભૂખ જે વસ્તુઓ પોષે તે વસ્તુઓ સંગ્રહાલયોમાં હોવી જોઈએ. આવા અનેકવિધ વિષયોને આ પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે.

**પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણ**
**લેખકઃ ગિજુભાઈ**
**પ્રકાશકઃ શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર**
**પ્રથમ આવૃત્તિઃ ૧૦, જુલાઈ, ૧૯૩૧**
**પ્રતઃ ૧૧૫૦, પૃષ્ઠઃ ૧૫૮**

આ પુસ્તક ચાર ખંડમાં વહેંચાયેલું છે.

પ્રથમ ખંડ

આ પુસ્તક ચાર ખંડમાં વહેંચાયેલું છે. પ્રથમ ખંડ-વાચન-શિક્ષણ-જેમાં બાલમંદિર અને પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણની શરૂઆત વાચનશિક્ષણથી થવી જોઈએ એવી વાતને રજૂ કરવામાં આવી છે. મૂળાક્ષરના શિક્ષણથી લઈને આદર્શવાચન સુધીની વાત સરસ રીતે આલેખવામાં આવી છે. ભાષાના શિક્ષણ માટે જરૂરી એવા મૂળાક્ષર, બારાખડી, જોડાક્ષરના શિક્ષણને રસપ્રદ અને રોચક બનાવવાની રમતો અને અલગ-અલગ પ્રવિધિઓ આપવામાં આવી છે.

બીજા ખંડમાં લેખન શિક્ષણ માટે લીટા, શ્રુતલેખન, જોડણીનું શિક્ષણ, શબ્દો કેવી રીતે છૂટા પાડવા, સારા અક્ષરો કેવી રીતે કાઢવા જેવા વિષયો પરની જુદી-જુદી રમત અને પદ્ધતિઓ આપવામાં આવી છે. પત્રલેખન બાબતે જણાવે છે કે પત્રલેખનનો વિષય શાળામાં નવેસરથી જ દાખલ કરવો જોઈએ, તેમજ તેને ભાષા, વસ્તુ અને કલા એ ત્રણે દૃષ્ટિથી રજૂ કરવો જોઈએ. નિબંધલેખન માટે જણાવે છે કે શાળામાં નિબંધ લેખનની પૂર્વતૈયારીનો પ્રબંધ થાય એટલું પૂરતું છે પણ નિબંધ લેખનનું સ્થાન પ્રાથમિક શાળામાં રહેતું જ નથી.

ત્રીજા ખંડમાં કવિતાશિક્ષણ માટે કવિતા જે રીતે શિખવાડાય છે અને તેનાથી શી હાનિ થાય છે એની વાત મૂકવામાં આવી છે તો કેવી રીતે કવિતા આપવી તેની વાત વિગતે મૂકી છે.

ચતુર્થખંડમાં વ્યાકરણ વિશે વાત કરી છે. વ્યાકરણનું જ્ઞાન ક્યારથી અને કેમ આપવું એ અંગેની વાત રજૂ કરી છે. વ્યાકરણના વિશેષ વિગતવાર પરિચય માટે 'દિવાસ્વપ્ન' પુસ્તક વાચવું જ રહ્યું.

**દિવાસ્વપ્ન**
**લેખકઃ ગિજુભાઈ**
**પ્રકાશકઃ શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિર, ભાવનગર**
**પુનઃ મુદ્રણઃ ઑક્ટોબર, ૨૦૧૯**
**પ્રતઃ ૧૦૦૦, પૃષ્ઠઃ ૧૧૨**

આ પુસ્તક માટે ગિજુભાઈ લખે છે કે મને કોઈએ કહ્યું કે ભારેખમ તાત્ત્વિક લેખોને બદલે વાર્તારૂપ શૈલીમાં શિક્ષણના વિચારોને લખો તો ? મને પ્રયત્ન કરવાની પ્રેરણા મળી અને ફળસ્વરૂપે આ 'દિવાસ્વપ્ન' આવ્યું. આ દિવાસ્વપ્ન મારા જીવંત અનુભવોમાંથી ઊપજ્યું છે.

આ પુસ્તક વિશે જાણીતા કેળવણીકાર હરભાઈ ત્રિવેદી જણાવે છે કે બાળશિક્ષણની બાબતમાં શિક્ષણ પદ્ધતિના જે અટલ નિયમોનો અમલ તેઓ આજે પોતાના બાલમંદિરમાં કરી રહ્યા છે તે નિયમોને પ્રાથમિક શાળામાં બંધબેસતા કેમ કરી શકાય એ સંબંધનો પોતાનો વ્યવહાર વિચાર તેમણે આ પુસ્તકમાં રજૂ કર્યો છે.

આજની પ્રાથમિક શાળાઓમાં જે શિક્ષણ અપાય છે તે શિક્ષણની પદ્ધતિઓ બાળકોને નુકસાન કરનારી છે. આજના શિક્ષણનું માપ પરીક્ષાઓ, ઇનામો અને હરીફાઈથી કાઢવામાં આવે છે. આજના શિક્ષણનાં પરિણામો વેરઝેર, મારામારી, અશાંતિ અને અવ્યવસ્થામાં આવે છે. એ બધાનો અત્યંત મનોહર ચિતાર આ પુસ્તકમાં આપણને જોવા મળે છે. બાલશિક્ષણમાં આજે પ્રવર્તી રહેલી કરુણતાનો ઉકેલ સરસ અને મનોહર રીતે ગિજુભાઈએ રજૂ કર્યો છે. આ ઉકેલ માટેની 'હૈયાઉકલત'ની શિક્ષકને જરૂર હોય છે તેનો આબાદ ચિતાર આ પુસ્તકમાં જોવા મળે છે.

પ્રાથમિક શાળામાં જે ગંદકી, જે ઘોંઘાટ અને જે અવ્યવસ્થા આપણી નજર સમક્ષ આવે છે તે બધું હૈયાઉકલતવાળા શિક્ષકની જાદુઈ લાકડી અડતાં આપોઆપ જ જાણે ઊડી જાય છે, ને તેને સ્થાને સ્વચ્છતા, વ્યવસ્થા અને શાંતિ ગિજુભાઈના વર્ગમાં ગોઠવાઈ જાય છે.

શિક્ષકમિત્રોના ડર, નિર્બળતાઓ અને તેને દૂર કરવાની હામ મળે એવી રીતે સુંદર રજૂઆત થઈ છે. સાથે-સાથે શિક્ષક ધીરજ અને શાંતિપૂર્વકના પોતાના અવિરત કાર્યબળથી મુશ્કેલીઓને ઓળંગી શકે છે તેનું સચોટ માર્ગદર્શન પણ રજૂ થયું છે.

આ પુસ્તક ગઈકાલના પ્રાથમિક કેળવણીની નાનકડી સમાલોચના જેવું, તેમજ આવતીકાલની નવીન પ્રાથમિક શાળાના મનોહર અને સ્પષ્ટ દર્શન જેવું છે. વાર્તાની શૈલીમાં લખાયેલું છે એ એની વિશિષ્ટતા.

**વાર્તાનું શાસ્ત્ર**
**લેખકઃ ગિજુભાઈ**
**પ્રકાશકઃ સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર**
**ત્રીજી આવૃત્તિઃ ૧૯૮૫, પૃષ્ઠઃ ૧૧૨**

વાર્તાનું શાસ્ત્ર પુસ્તક માટે ગિજુભાઈ લખે છે કે આ પુસ્તકમાં મેં મારા વાર્તાકથનનો છેલ્લાં ૧૦ વર્ષનો અનુભવ અને વાર્તાશાસ્ત્ર ઉપર મારા વાંચવામાં જે આવ્યું છે તેનો સાર યથાશક્તિ અને યથામતિ આપવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં જણાવે છે કે પ્રત્યેક શિક્ષક, માબાપ અને વાર્તા કરનાર આ પુસ્તક એક છેડેથી બીજા છેડા સુધી ધ્યાનપૂર્વક વાંચી જશે તો તેમણે લીધેલો શ્રમ નિષ્ફળ નહિ જાય એવી આશા છે.

દત્તાત્રેય કાલેલકર લખે છે કે આ પુસ્તક એકલા શિક્ષકોને જ ઉપયોગી નથી. ગ્રંથકારો, સાહિત્યાચાર્યો, ભાટચારણો, હરિદાસપુરાણીઓ અને નાટકકારો સૌને હવે પછી આ ‘વાર્તાનું શાસ્ત્ર’ વાંચ્યા વગર છૂટકો નથી.

ખંડ પહેલામાં વાર્તાકથનનો ઉદ્દેશ ખૂબ યોગ્ય રીતે રજૂ થયો છે. જેમાં ગિજુભાઈએ જે પ્રથમ ઉદ્દેશ બતાવ્યો છે તે આનંદનો બતાવ્યો છે. બીજો ઉદ્દેશ સાંભળનારની કલ્પનાશક્તિ ખીલવવાનો છે અને શિક્ષણની દૃષ્ટિએ વાર્તા કથનનો ઉદ્દેશ વિદ્યાર્થીની ભાષાશુદ્ધિ સાધવાનો છે. શુદ્ધ ભાષાજ્ઞાન માટે શુદ્ધ ભાષાનો પરિચય એ રાજમાર્ગ છે. બીજો એક સરસ ઉદ્દેશ સંસ્કૃતિનો સંદેશ જીવંત રાખવાનો છે.

વાર્તા એક જાદુઈ વસ્તુ છે. જે જે માણસોને ચમત્કાર, નવીનતા, અદ્‌ભુતતા વશ કરી શકે છે, રમાડી શકે છે, તેને વાર્તાના જાદુની અસર થઈ શકે છે એ ગિજુભાઈએ વાર્તાના શાસ્ત્રમાં અને તેમના શિક્ષણના પ્રયોગો થકી કરી બતાવ્યું છે.

વાર્તાની પસંદગી કેવી રીતે કરવી, શેમાંથી કરવી, કેવી વાર્તા બાળકો સમક્ષ રજૂ ન કરવી. આ વિષયો ઉપર પણ સરસ છણાવટ કરી છે. વાર્તાઓના ક્રમ બાબતે પણ ઉદાહરણ સાથે ચર્ચા કરી છે. વાર્તાને કહેવા યોગ્ય કેવી રીતે બનાવવી એ બાબતે કથનશૈલીનું મહત્ત્વ ખૂબ છે એ પણ સારી રીતે સમજાવ્યું છે. વાંચવા યોગ્ય અને કહેવા યોગ્ય વાર્તાના નમૂનાઓ આપીને સમજ સ્પષ્ટ કરી છે.

વાર્તાકથન ફતેહમંદ થાય એટલા માટે વાર્તાકારે વાર્તાના આત્માને પોતાનામાં ઉતારવો જોઈએ. જેને પોતાને વાર્તામાં આનંદ નથી આવતો, જે પોતે વાર્તામાં તલ્લીનતા અનુભવતો નથી, જે પોતે વાર્તાના રસોમાં તરબોળ થતો નથી, તે બીજાઓને વાર્તામાં ગરકાવ કરી શકતો નથી. આવી કેટલીય સુંદર વાતો વાર્તા કેવી રીતે કહેવી? એમાં રજૂ કરી છે.

પ્રકરણ વાર્તાના વિશિષ્ટ ઉપયોગમાં જણાવે છે કે વાર્તાના કથન દ્વારા વિદ્યાર્થીઓને શાળાઓમાં ચાલતા અને અન્ય ઉપયોગી વિષયોનું શિક્ષણ આપવાનો છે. શિક્ષણની ભિન્ન ભિન્ન પદ્ધતિઓની યોજનામાં ‘વાર્તાકથન પદ્ધતિ’ ચોક્કસ ઉમેરી શકાય.

વાર્તાને બાળકો પૂર્ણપણે આત્મસાત્ કરી લે એ પછી તેના નાટ્યપ્રયોગ સફળ બને છે.

**મૉન્ટેસોરી પદ્ધતિ**
**લેખકઃ ગિજુભાઈ**
**પ્રકાશકઃ સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર**
**ત્રીજી આવૃત્તિઃ ૧૯૮૩, પૃષ્ઠઃ ૩૭૮**

ગિજુભાઈનું 'મૉન્ટેસોરી પદ્ધતિ' પુસ્તક, પુસ્તક 'મૉન્ટેસોરી મેથડ'નો અનુવાદ નથી. આ પુસ્તકમાં ડૉ. મૉન્ટેસોરીના જીવનની વાત છે તો સાથેસાથે ડૉ. મૉન્ટેસોરીના પૂર્વાચાર્યો જોનલોક, કોન્ડીલેક, રૂસો, ઈટાર્ડ, સેગુઈનના શિક્ષણ વિચારની વાતો પણ મૂકવામાં આવી છે.

મૉન્ટેસોરી પદ્ધતિના સિદ્ધાંત વિચારમાં મુખ્યતઃ સ્વાધીનતા, નિયમન અને સ્વાતંત્ર્યની ચર્ચા કરવામાં આવી છે. સ્વાતંત્ર્ય એટલે પ્રવૃત્તિ. સ્વાતંત્ર્યમાંથી જ સંયમન યાને વ્યવસ્થા પ્રગટે છે.

મૉન્ટેસોરી શાળાના વાતાવરણમાં મોન્ટેસોરી નોંધે છે કે "પોતાના વિકાસ માટે દરેક વ્યક્તિને જે બધું જરૂરી છે તે બધું જે વાતાવરણમાં મેળવી શકાય તે વાતાવરણ જીવનના વિકાસ માટે ઉત્તમ છે."

ડૉ. મૉન્ટેસોરી કહે છે કે "બાળકને પોતાના જીવનને માટે ઉત્તમમાં ઉત્તમ પરિસ્થિતિની સગવડ કરી આપો અને પછી તેને સ્વતંત્ર મૂકો એટલે તેનો અભ્યાસ શક્ય થશે.

મૉન્ટેસોરી શિક્ષક બાબતે જણાવે છે કે મૉન્ટેસોરી શાળા એક પ્રવેતાભૂમિ છે. આવી શાળા માટે શિક્ષકોને તૈયાર કરવાનું કામ ઘણું મુશ્કેલી ભરેલું છે. તો શિક્ષકો કેવા હોવા જોઈએ તેની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

પાઠ કેવી રીતે આપવા, ઇંદ્રિયોની કેળવણી કેવી રીતે કરવી, સાધનો વાપરવાની રીત કેવી હોવી જોઈએ, ઇંદ્રિયોના વપરાશથી બાળકની ઇંદ્રિયોના વિકાસ થાય છે. આ વિકાસને પરિણામે બાળકા બુદ્ધિ વિકાસને પ્રદેશ ઊઘડે છે એ બાબતે ખૂબ વિગતે વાત કરી છે. લેખન શિક્ષણ અને ગણિતશિક્ષણ અંગે પણ સાધનો સાથે વિગતે ચર્ચા કરી છે.

વાચનશિક્ષણ અંગેના પ્રબોધક સાહિત્યોની, સાધનોની, અર્થસભર રજૂઆત કરવામાં આવી છે.

ચિત્રકળા, હાથમહેનત, કુદરતની કેળવણી, શારીરિક કેળવણી, બાળકોના ખોરાક જેવા વિષયો પણ આ પુસ્તકમાં આવરી લેવામાં આવ્યા છે.

**મૉન્ટેસોરી શિક્ષણ પ્રચાર શાળા**
**લેખકઃ ગિજુભાઈ અને તારાબહેન**
**પ્રકાશકોઃ મંત્રીઓઃ મોન્ટેસોરી સંઘ, ભાવનગર**
**પ્રથમ આવૃત્તિઃ ૧૯૩૩, પૃષ્ઠઃ ૧૭૧**

આ પુસ્તકમાં પાઠ આપનારાઓને મૉન્ટેસોરી પદ્ધતિ ખર્ચાળ છે ? મૉન્ટેસોરી શિક્ષકની દૃષ્ટિ, મૉન્ટેસોરી પદ્ધતિ અને પ્રાથમિક શિક્ષણ આ પ્રકરણો ગિજુભાઈ દ્વારા લખાયેલ છે જયારે બાલચારિત્ર્ય, બાળવાર્તાઓની શ્રેણીઓ, સીવણભરત આ પ્રકરણો તારાબેન દ્વારા લખાયેલ છે.

મૉન્ટેસોરી પદ્ધતિમાં ઉપયોગમાં લેવાતાં સાધનોના ઉપયોગમાં પાઠ કેવી રીતે આપવો, શી કાળજી રાખવી, બાળકોની અભિમુખતા, કેવા ક્રમમાં સાધનો મૂકવાં ઉપરાંત સેગુઈનની ત્રિપદ પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે કરવો એ બાબતે વિસ્તારથી વાત કરવામાં આવી છે.

મૉન્ટેસોરી શિક્ષકની દૃષ્ટિ આ પ્રકરણમાં શિક્ષકની દૃષ્ટિ અષ્ટવિધ જોઈએ એવી વાત મૂકવામાં આવી છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ બાળકના અવલોકન બાબતે શું ધ્યાનમાં રાખવું એ વિશે પણ ખાસ વાત કરવામાં આવી છે.

આ ઉપરાંત પોષક વાતાવરણની તૈયારી કેવી રીતે કરવી, કયા બાળકને કયું સાધન આપવું, સાધનોનો દુરુપયોગ અટકાવવા બાળકને મદદ ક્યારે આપવી, બાળક બૌદ્ધિક વિકાસમાં કઈ કક્ષાએ છે તે શિક્ષકે જાણીને તેની કક્ષાએથી ઊંચે ઊંચે લઈ જવામાં શિક્ષકે મદદ કરવી જેવા મુદ્દા ઉપર ગિજુભાઈએ પ્રકાશ પાડ્યો છે.

**બાળશિક્ષણ અને સમજાયું તેમ**
**લેખકઃ ગિજુભાઈ**
**પ્રકાશકઃ શ્રી વજુભાઈ દવે, ગુજરાત બાલવિકાસ સંસ્થા, શારદા મંદિર, અમદાવાદ-૭.**
**પ્રથમ આવૃત્તિઃ ૦૧-૦૮-૧૯૩૧,**
**બીજી આવૃત્તિઃ ૦૧--૧૧-૧૯૬૧, પૃષ્ઠઃ ૧૨૯**

આ પુસ્તક વિશે ગિજુભાઈ કહે છે મૉન્ટેસોરી પદ્ધતિનું અધ્યયન અધ્યાપન કરતાં કરતાં જે દર્શન મને થયું તે દર્શન આ પુસ્તકમાં ભાષા જેવા અપૂર્ણ સાધન વડે પ્રગટ કર્યું છે. અનુભવીઓ અનુભવથી એ દર્શનને સમજશે.

આ પુસ્તકમાં મૉન્ટેસોરી પદ્ધતિની પોતાની સમજણ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી કરે એનું મૂલ્યાંકન આપણને આમાં જોવા મળે છે. આ એક મૉન્ટેસોરી પદ્ધતિ ઉપરનું ભાષ્ય છે એટલું જ નહીં પણ આપણા દેશના હવાપાણી સાથે આ પદ્ધતિનું ઐકય કેટલું થઈ શકે તેની પણ આમાંથી આપણને પ્રતીતિ થયા વિના રહેતી નથી.

આ પુસ્તકમાં મૉન્ટેસોરી પદ્ધતિ સાથેના એમના પરિચયની બાબતમાં નોંધે છે કે બાળક સ્વતંત્ર છે, સન્માન યોગ્ય છે, સ્વયં પ્રવૃત્તિશીલ અને શિક્ષણપ્રિય છે એ વિચારથી હું ગાંડો થઈ ગયો. પાંચ ખંડમાં વહેંચાયેલું આ પુસ્તક વાંચવું જ રહ્યું.

**પ્રાસંગિક મનન**
**લેખકઃ ગિજુભાઈ**
**પ્રકાશકઃ સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર**
**પ્રથમ આવૃત્તિઃ ૧૯૩૪, ૧૯૬૧**
**પુનઃ મુદ્રણઃ ૧૯૮૩ પૃષ્ઠઃ ૧૦૪**

ગિજુભાઈનું આ પુસ્તક નવીન પ્રકારનું છે. એમનું અંતરમન એક તીવ્ર આધ્યાત્મિક ભૂખ હરપળે અનુભવતું અને એ તીવ્ર ઝંખનાના પરિણામરૂપ એમણે આ પુસ્તક લખ્યું. અથવા એમનાથી લખાઈ ગયું એમ કહીએ તો પણ ખોટું નથી. પુસ્તકની શૈલી, ભાષા અને વસ્તુનું નિરૂપણ આપણને કોઈ બીજા જ ગિજુભાઈનું દર્શન કરાવે છે. આમાં વસ્તુ, વિચાર, ભાવનાને અનુરૂપ શૈલી, ભાષા નિરૂપણ તેની મેળે જ આવી જાય છે. આ વાંચતાં કોઈ વાર ગુરુદેવની ગીતાંજલિ કે કોઈ વાર ખલિલ જિબ્રાનની વાણીના કાનમાં ભણકારા પડી જાય છે. આ દૃષ્ટિબિંદુ નજર સમક્ષ રાખીને વાચક આ પુસ્તકનું લખાણ વાંચશે અને એને સમજવાનો પ્રયત્ન કરશે તો ગિજુભાઈના જીવનનું એક અજ્ઞાત જાણ અતિ સત્ય પાસાનો એમને પરિચય થયા વિના નહિ રહે. એમ નરેન્દ્રભાઈએ પુસ્તકના આમુખમાં લખી છે.

જીવનને સ્પર્શતાં આ વિચારરત્નોના વાચન મનનથી વાચકોને લાભ થશે જ.

“પળે પળે નાનાં બાળકોમાં વસતા મોટા આત્માનું હું દર્શન કરું છું. એ દર્શન મારામાં એ પ્રેરણા ઉપજાવી રહ્યું છે કે બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ હું જીવતો રહું અને એ કામ કરતાં જ હું મરી ખૂટું.” - ગિજુભાઈ

**શાંત પળોમાં**
**લેખકઃ ગિજુભાઈ**
**મુખ્યવિક્રેતાઃ સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર**
**પ્રકાશકઃ શ્રી વજુભાઈ દવે - પ્રમુખ ગુજરાત બાલવિકાસ સંસ્થા, શારદા મંદિર, અમદાવાદ-૭**
**પૃષ્ઠઃ ૧૨૦**

શાંતપળોમાં આ પુસ્તક ગિજુભાઈનું ચિંતનયોગ્ય ઉત્તમ પુસ્તક છે. અન્ય પુસ્તકો કરતાં આ પુસ્તકની શૈલી અલગ જ છે. “મૉન્ટેસોરી પદ્ધતિ” વૈજ્ઞાનિક ગાંભીર્યવાળી શૈલી કે મા-બાપો માટે લખેલાં પુસ્તકોની હેતુલક્ષી, પ્રચારક શૈલી, બાળસાહિત્યની હળવી શૈલી આ લખાણમાં તદ્દન બદલાઈ ગયેલી જોવા મળે છે. આ પુસ્તક વાંચતાં કબીર, મીરાં, દાદુની ગૂઢવાણીના આપણા મનમાં ભણકારા પડી જાય છે. એ જ બતાવી આપે છે કે એમના અંતરમનની તીવ્ર ઝંખના શી હતી.

“દયાળુ, કૃપાળુ, શાંતિના ઓ સાગર!
સ્થિરતાના ઓ સ્થાણુ!
અશાંતિને અસ્થિરતાને દૂર કર!” - **ગિજુભાઈ**

## શ્રી ગિજુભાઈ બધેકાની
# વિદ્યાવિસ્તારની પ્રવૃત્તિઓ



શ્રી વિપુલ વ્યાસ
મો. ૯૮૨૫૩૪૫૧૫૮

ગિજુભાઈએ એક વિશેષ પ્રવૃત્તિ ઉપાડી હતી. તે વિદ્યા વિસ્તારનાં કાર્યોની હતી. આજે આવી પ્રવૃત્તિઓને આપણે એક્ટેન્શન સર્વિસીસના નામે ઓળખીએ છીએ. આજથી ૧૦૦ વર્ષ પહેલાંના કાળમાં આ પ્રવૃત્તિઓની ચિંતન કરવું અને સફળતાપૂર્વક ચલાવવી એ ગિજુભાઈના વિચારોની મૌલિકતા અને દીર્ઘદૃષ્ટિનું પરિણામ હતું.

નવા સ્થળે, નવા બાલમંદિરો શરૂ થાય એ માટે ગિજુભાઈએ પ્રયત્નો કર્યાં. જેના પરિણામે રાજકોટ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, નડિયાદ, પાટણ, દાદર, અમદાવાદ અને ઇંદોર જેવા સ્થળોએ બાલમંદિરો ખોલવામાં આવ્યા. જે વ્યવસ્થિત ચાલે એ માટે વર્ષમાં એકાદ વખત ગિજુભાઈ ત્યાં મુલાકાતે જતા. આ બાલમંદિરના સંચાલકોને પત્રો દ્વારા સતત માર્ગદર્શન આપતા. બાલમંદિરના અભ્યાસક્રમો ઘડવામાં અને જરૂર પડે તો મૉન્ટેસોરી પદ્ધતિનો પ્રાણ બરાબર સાચવીને બાલમંદિર કેમ ચલાવવું તે અંગે માર્ગદર્શન આપતા. ખાનગી સંસ્થાઓ આ પદ્ધતિથી શિક્ષણ માટે ગિજુભાઈને રૂબરૂ બોલાવતા. લીંબડી અને વઢવાણની બાળકેળવણીની સંસ્થાને આ રીતે માર્ગદર્શન આપ્યાની વિગતો દક્ષિણામૂર્તિના જૂના અંકોમાં નજરે પડે છે.

શ્રી કચ્છલોહાણા કેળવણી ખાતાએ પોતાની પચાસ એક શાખાઓ માટે ગિજુભાઈના માર્ગદર્શનની માગણી કરી હતી. તે સમયે ગિજુભાઈએ કચ્છ જઈને બધી શાળાઓનું નિરીક્ષણ કર્યું અને બધું કામ નવેસરથી ગોઠવી આપ્યું. રાતોના ઉજાગરા કરીને પ્રભુલાલ ધોળકિયાને અભ્યાસક્રમ પણ ગોઠવી આપ્યો હતો. બીજા વર્ષે આ મંડળના શિક્ષકો માટે એક અભ્યાસ વર્ગ પણ ચલાવ્યો હતો. કચ્છની હજાર માઇલની મુસાફરીનું વર્ણન કરતાં શ્રી સૂરજીભાઈ લખે છે કે ''એ મુસાફરી, ઉજાગરા, ટાઢ અને તડકો, સગવડ કે અગવડ કશાયની પરવા કર્યા વગર ગિજુભાઈએ કામ કર્યું હતું. મોટર, રેલવે, ટાંગા, ઊંટ અને બળદગાડી જેવાં વાહનોનો અનુભવ કરીને ગિજુભાઈએ પ્રવાસ કર્યો હતો. નદી-નાળામાં કે અનેક સ્થળે મોટર ખૂંચતી ત્યારે ધક્કા મારવામાં, પૈડા નીચે ઘાસ કાપીને નાખવામાં તેવાં સઘળાં કામમાં પોતે અને પુત્ર નરેન્દ્રને પણ જોડતા. તેઓ કલાકો સુધી યંત્રવત્ કામ કરતા અને થાક લાગે તોય સાંજ પડે એજ નિખાલસ સ્મિત તેમના વદન પર વિલસી રહેતું.''

વસોમાં એક માસના વર્ગમાં શ્રી મોતીભાઈ અમીનના આમંત્રણથી તેમણે પોતાનું ગુરુ ઋણ ચૂકવ્યું હતું. આવો અન્ય એક વર્ગ કચ્છના વાડી મુકામે પણ ચલાવ્યો હતો.

પાટણ અને કરાંચીના બાળ મેળામાં પ્રમુખ તરીકે જઈને સુંદર માર્ગદર્શન આપ્યું હતું. કરાંચી ગયા ત્યારે સિંધનો કેળવણી પ્રવાસ કર્યો અને અનેક બાલશિક્ષકોને નૂતન બાલશિક્ષણનો સંદેશ સંભળાવ્યો. ગિજુભાઈએ સિંધના આ પ્રવાસ દરમ્યાન ગર્દભ સવારીનો પડાવેલો ફોટો આજે પણ આનંદ અને લાગણીથી આપણા ખૂણા ભીના કરી જાય છે.

ભાવનગરની આજુબાજુનાં ગામોની થોડી શાળાઓ ભાવનગર રાજ્યએ દક્ષિણામૂર્તિ સંસ્થાના સીધા માર્ગદર્શન હેઠળ મૂકી હતી. ગિજુભાઈ, નાનાભાઈ અને તારાબહેન આ બધી શાળાઓને પણ

ગામડાના શિક્ષણમાં કઈ રીતે નવી દૃષ્ટિ અને નવા વિચારોનો અમલ કરવો તે અંગે માર્ગદર્શન આપતા હતા.

પંજાબના મોગામાં આવેલી પ્રગતિશીલ સંસ્થાને અને કલકત્તાની એક પ્રગતિશીલ સંસ્થાને પણ આ ગિજુભાઈ અને હરભાઈ માર્ગદર્શન આપતા હતા.

ગિજુભાઈનું વ્યક્તિત્વ કેટલું બધુ વ્યાપક દેખાય છે ? નવપ્રકાશ દાતા સૂર્યનો ઉદય થાય છે ત્યારે એ સર્વત્ર હજારો કિરણો ફેલાવે છે ને ! ઈશ્વરે ગિજુભાઈને પણ નવપ્રકાશ પ્રવરત્નમાં નિમિત્ત બનાવ્યા હતા !

બાળક્રીડાંગણ અને વિદ્યા વિસ્તારની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે ભારતભરમાં બાળશિક્ષણની જ્યોત ગિજુભાઈએ પ્રગટાવી.

- શેષ નામલેએ દાદરમાં 'શિશુવિહાર' નામની સંસ્થા ચલાવી.
- નડિયાદમાં મૂળજીભાઈ ભક્તે બાળકોની સંસ્થા શરૂ કરી જીવનની શક્તિઓ ખર્ચી.
- વજુભાઈ દવેએ અમદાવાદમાં શારદા મંદિરમાં ગિજુભાઈની શિક્ષણ પદ્ધતિને વેગ આપ્યો.
- સોમાભાઈ કિશાભાઈ પણ ગિજુભાઈના શિષ્ય. શિક્ષકો અને બાળકો માટે તેમણે પણ અનોખું કાર્ય કર્યું હતું.
- સોમાભાઈ ભાવસાર ગિજુભાઈના સંગે બાલભક્તિ પામ્યા અને બાલકવિ પણ થયા.
- શ્રી સરલાદેવી સારાભાઈ અને યશસ્વીબહેન ભટ્ટે પણ બાલશિક્ષણની ગિજુભાઈ પાસેથી પ્રેરણા લઈને ઉમદા કાર્ય કર્યું હતું.
- જોધપુરના બાળનિકેતનમાં શ્રી બંસીધરજીએ બાલહિતની પ્રવૃત્તિ શરૂ કરી હતી.
- મધ્યપ્રદેશમાં કાશીનાથજીએ પણ બાળ-શિક્ષણને વ્યાપક બનાવવા ખૂબ પ્રયત્નો કર્યા હતા.

આટલા વિશાળ પ્રમાણમાં ચૈતન્યની દીવીઓ પ્રગટાવી અને અનેક લોકોને બાળકાર્યનો ભેખ આપી આજીવન કામ કરતા કરવા એ કોઈ નાનીસૂની વાત નથી. ગિજુભાઈએ અથાક મહેનત અને દિવસ-રાત જોયા વગર આ અદ્‌ભુત કાર્ય કર્યું અને સમગ્ર દેશને બાળકો માટે કામ કરનારા અનેક આજીવન કાર્યકરોની ભેટ આપી.

**સંદર્ભઃ**


- ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન
  ભારતલાલ પાઠક
- સ્મરણાંજલિ
  સંપાદકઃ નાનાભાઈ ભટ્ટ, તારાબહેન મોડક
- બાળશિક્ષણ પ્રણેતા
  ગિજુભાઈ - રા. ના. પાઠક




## 'સહયાત્રા' (સગર્ભા મહિલાઓ માટે)




## 'સંગાથ' (જન્મ થી ત્રણ વર્ષના શિશુઓ માટે)








## 'સુવાસ' (ત્રણ થી છ વર્ષના બાળકો માટે)




મજાનો ખજાનો

## ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013
Published on 15th of every month.



"કાંઈ નહિ તો આપણે આપણાં બાળકો ખાતર આપણા સ્ત્રી-પુરુષના સૂરો સંવાદી રાખવા પ્રયત્ન કરીએ. દુર્ભાગ્યે કદાચ વિસંવાદિતા ઊપજે તો તેને વધારીએ નહિ પણ નિવારીએ. શાંત, સંપન્ન અને સંવાદી એવા ઘરનું વાતાવરણ બાળકોની મહાન કેળવણી છે."

- શ્રી ગિજુભાઈ બધેકા

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, રાજભવનની નજીક, સેક્ટર-૨૦, ગાંધીનગર - ૩૮૨૦૨૧
ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ ● ઈ-મેલઃ cu.balvishva@gmail.com
વેબસાઈટ : www.cugujarat.ac.in
@crugandhinagar